શ્રદ્ધા કુટીર

જીવન પરિવર્તનનું

‘‘દ્વાર’’

ભાગ-૨

Scanned by CamScanner

પરમ શક્તિ મંત્ર

ૐ મા ૐ

ૐ મા ૐ નો શબ્દાર્થ અને ભાવાર્થ

શબ્દાર્થ :-

ૐ :- બ્રહ્મા, વિષ્ણુ અને શિવનું એકજ સ્વરૂપ એટલે ૐ
સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનાં કર્તા પરમાત્મા.

મા :-પરમાત્માની પરમ ચૈતન્યમયી શક્તિ, જેના દ્વારા સૃષ્ટિનું
પોષણ થાય છે.

ભાવાર્થ :-

હે પરમાત્મા,

આપના પરમ ચૈતન્યથી મને પુષ્ટ કરો જેથી આપની ચૈતન્યમયી શક્તિનો સ્ત્રોત અવિરતપણે સમષ્ટિના શ્રેયાર્થે વહેતો રહે.

પ્રાર્થના

હે મા ભગવતી, મને બાળક જેવો નિર્મળ અને નિર્દોષ બનાવજે.

મારા હૃદયમાં હંમેશા તારો વાસ કરજે.

મારી બુધ્ધિમાં તારું જ જ્ઞાન સ્થિર કરજે.

મન, વચન, કર્મથી મને પવિત્ર રાખજે.

મારા સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વનું તુ જ નિયંત્રણ કરજે.

ૐ મા ૐ

Scanned by CamScanner

પરમ શક્તિ મંત્ર

ૐ મા ૐ

'શ્રધ્ધા કુટીર-જીવનપરિવર્તનનું દ્વાર'

ભાગ-૨

-: પ્રકાશન :-

શરણાગતિ પ્રકાશન

'નિલોષા'બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

પ્રથમ આવૃત્તિ

મુદ્રક :- ગાયત્રી ગ્રાફીક્સ મણીનગર, અમદાવાદ-૮. ફોન નં. : ૩૭૮૫૦૦

Scanned by CamScanner

રાજયોગીજી રાહ ચીંધે છે.

પ્રસ્તાવના

'શ્રધ્ધા કુટીર-જીવન પરિવર્તનનું દ્વાર' એ પુસ્તિકાને સાંપડેલા પ્રોત્સાહક પ્રતિભાવ અને પ્રતિસાદથી પ્રેરાઇને અમને આ પુસ્તિકાનો બીજો ભાગ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય સાંપડયું છે.

પૂજ્યશ્રીનાં સાનિધ્યમાં શ્રધ્ધા કુટીરમાં જ્ઞાનગોષ્ઠિ તથા જ્ઞાનબીજનાં કાર્યક્રમમાં ભક્તો, બાળકો દ્વારા પૂર્વનિશ્ચિત વિષયની મુક્ત ચર્ચા અને ત્યારબાદ પૂછાયેલ પ્રશ્નોનાં પૂજ્યશ્રીના પોતાના શાસ્ત્ર, મંતવ્ય, વિચારો અને અનુભવ પર આધારિત ઉત્તરોનું આ પુસ્તિકામાં સંકલન થયેલ છે.

'શ્રધ્ધા કુટીર-જીવન પરિવર્તનનું દ્વાર' ભાગ-૧ પ્રકાશિત થયા બાદ દેશ-પરદેશમાં વધતા જતા ભક્તોએ અનુભવ્યુ છે કે, પૂજ્યશ્રીની સ્પષ્ટ વિચારધારા, માર્મિક છતાં સરળ ઉત્તરો અને અમુલ્ય માર્ગદર્શનથી તેઓને સાત્વિક જીવન જીવવાની દિશા, હિંમત, પ્રેરણા અને માર્ગદર્શન મળ્યા છે, એટલે જ તેઓમાં જીવનમાં પરિવર્તન, સ્વભાવમાં પરિવર્તન તથા જીવનમાં સંતોષનાં સુખની સુગંધ પ્રસરી છે. આથી તેઓની લાગણી અને માંગણી છે કે આવી પુસ્તિકાઓ અવારનવાર પ્રકાશિત થતી રહેવી જોઇએ. અને તેથી જ આ જ્ઞાનામૃતગંગા આપના સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયાસ છે.

આ કાર્યનાં પ્રેરણાસ્ત્રોત પૂજ્ય બહેનજીનો સૌ ભક્તો વતી ઋણ સ્વીકાર કરીને પૂજ્યશ્રીનાં ચરણની જ્ઞાનરજને મસ્તકે ચઢાવીએ એવી ભાવના.....

ભક્તો-શ્રધ્ધા કુટીર

Scanned by CamScanner

-: અનુક્રમણિકા :-

ક્રમ	પ્રકરણ	પૃષ્ઠ સંખ્યા
૧.	સ્વાર્થ	૧
૨.	નિંદા	૮
૩.	પ્રારબ્ધ અને પુરૂષાર્થ	૧૬
૪.	પ્રાર્થના	૨૪
૫.	શાંતિ	૩૬
૬.	સત્સંગ	૪૯
૭.	સુખ	૫૯
૮.	સેવા	૭૩
૯.	મૌન	૮૩

Scanned by CamScanner

- સ્વાર્થ -

(તા. ૧૪-૧૦-૯૫ ને શનિવારે શ્રધ્ધા કુટીરમાં થયેલી જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો)

કંદર્પ :-

સ્વાર્થ એ માનવીનો દુર્ગુણ છે. સ્વાર્થથી પરમતત્વની પ્રાપ્તિ થતી નથી.

ભાવિન :-

સ્વાર્થી માણસ પોતાનું જ જુએ છે. સ્વાર્થ, માણસને ઘણાં ખોટા કામ કરાવે છે.

દેવાંગના :-

· દુ:ખમાં ભગવાન મદદ કરે પછી ભગવાનની ઓળખાણ જ ન રાખીએ તે સ્વાર્થ છે. વૃક્ષો બીજાને ફળ આપે છે, પોતે ખાતા નથી, નદીઓ બીજાને પાણી આપે છે, પોતે પીતી નથી. ગાય બીજાને દૂધ આપે છે. વરસાદ પોતાના સ્વાર્થ માટે વરસતો નથી. તેમ આપણે પણ આપણા શરીરનો અને ધનનો બીજા માટે ઉપયોગ કરીએ.

હેમંતભાઈ :-

સ્વાર્થની પરિભાષા, સમજ અને અમલ, દરેક મનુષ્ય સમય અને સંજોગો પ્રમાણે બદલી નાંખે છે માટે સ્વાર્થને ઓળખવો મુશ્કેલ છે. સંસારમાં જે ' સ્વ ' ને ઓળખી શક્યો નથી. તે બીજાને ઓળખી કે સમજી નહિ શકે. પોતાનામાં રહેલા સદ્‌ગુણોનો પ્રચાર કરીને પોતાની પ્રતિભા ઉપજાવવા પ્રયત્ન કરતો માનવી, પોતાના દુર્ગુણોને ઓળખીને, ગુરૂદેવના આશીર્વાદ, મંત્ર અને માનવતા વ્રતથી નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરે. માત્ર સ્વાર્થ એ તો કેવળ અધમતા અથવા પશુતા છે. આપણે પૂ. ગુરૂદેવના જમણા ચરણના અંગૂઠાના નખમાં બિરાજેલ શિવ, સ્વસ્તિક અને ૐ કાર ઉપર સ્વના દુર્ગુણોને સમર્પિત કરીએ અને એમની અમીદષ્ટિથી ત્થા વાત્સલ્યભાવના સ્મિતથી

Scanned by CamScanner

પરમના અર્થને સમજવા તથા પામવા પ્રયત્ન કરીએ.

પારૂલબ્હેન :-

સ્વ-અર્થ-પ્રાણીમાત્રમાં જેનું અસ્તિત્વ છે. સ્વાર્થમાં અંધ માનવી અનેક પ્રકારે વધુ મેળવવાનો અને ઓછું આપવાનો પ્રયત્ન કરે છે. વિશ્વનું સઘળું સુખ એને એકલાએ ઝડપથી મેળવી લેવું છે. સ્વાર્થની આ ભુતાવળો જ્યારે તેનો વરવો નાચ કરે છે ત્યારે સર્જાય છે, સંબંધોનું મહાભારત. ધૃતરાષ્ટ્ર, ભીષ્મ પિતામહ અને દ્રોણને પણ સ્વાર્થ, મૌન બનાવે ત્યારે સંહાર સિવાય શું થાય? માત્ર ત્રણ ઘટનાઓ સ્વાર્થથી મુક્ત છે. માતા દ્વારા બાળકનો ઉછેર, સદ્‌ગુરૂ દ્વારા શિષ્યની ઉન્નતિ અને ઈશ્વર દ્વારા મળતા હવા, પાણી અને સૂર્યપ્રકાશ...

જસવંતભાઈ :-

સ્વ એટલે હું અને અર્થ એટલે પૈસો... પૈસાથી ભૌતિક સંપત્તિમાં વધારો થાય પણ તેનો માલિક ભગવાન છે એવું માનીએ, સ્વાર્થથી કુટુંબ કલેશ ત્થા મિલકતના ઝધડા વધે છે, પરમતત્વ નારાજ થાય છે. પ્રભુ પાસે સ્વાર્થવૃતિથી સુખ મેળવવા નહિ પરંતુ પ્રભુ મેળવવા પ્રયત્ન કરીએ.

કૌશલ :-

સ્વાર્થથી માનવજીવન બગડે છે. આપણે પ્રેમ ખોઈએ છીએ અને પોતાના ભલા સિવાય બીજું વિચારતા નથી. આ સૃષ્ટિમાં સ્વાર્થ ન હોત તો સૃષ્ટિ પર લડાઈ ઝધડા ન હોત...

મનિષભાઈ :-

સ્વ એટલે પોતાનું અને અર્થ એટલે ' હિત '. પોતાના જ હિત અર્થે કરાતું કાર્ય.. એટલે સ્વાર્થ. સ્વાર્થી વ્યક્તિ તેનાં કાર્ય અને સ્વભાવને લીધે વિખૂટો પડે છે, તે અન્યની મુશ્કેલીમાં દૂર ખસી જતો હોય છે અને ઈશ્વર ત્થા ગુંરૂદેવના સિધ્ધાંતોથી અલિપ્ત રહે છે. નિ:સહાયને સહાય કરવી, દુ:ખીઓનાં દિલના આંસુ લૂછવા, નિસ્વાર્થ

Scanned by CamScanner

સેવા કરવી વગેરે ગુરૂદેવના સિધ્ધાંતો આપણે સમજીએ અને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ.

પૂજ્ય બ્હેનજી :-

(૧) સ્વાર્થના અર્થે ગુજરતી રહી જિંદગાની,
પરમાર્થના અર્થે ગુજારવી રહી જિંદગાની...

(૨) સ્વાર્થનો સંગ ડૂબાડે ભવસાગરે,
પરમાર્થનો સંગ તારે ભવસાગરે....

(૩) સ્વાર્થની હોડીનાં હલેસાં - લોભ અને મોહ,
સંસાર સાગરમાં અટવાયાં કરે - કિનારો નવ દિસે
પરમાર્થની હોડીનાં હલેસાં - દયા અને નમ્રતા
સંસાર સાગરનાં વમળો ને વટાવી ને પરમના કિનારે પહોંચાડે.

(૪) સ્વાર્થનું સગપણ, પ્રેમનું વિસર્જન....
પરમાર્થનું સગપણ, સેવાનું બંધન, દિવ્ય પ્રેમનું આલિંગન...

(૫) સ્વાર્થના વર્તુળમાં સંપત્તિ ફસાય,
પરમાર્થના વર્તુળમાં વિપત્તિ હણાય....

Scanned by CamScanner

પૂજ્ય ગુરૂદેવ :-

સ - સગડી.

વા - સગડીમાંથી બળતણ ઉત્પત્તિ થાય ત્યારે જવાળારૂપે નીકળતો વાયુ.

થ - થવું.

અર્થ :- આ શરીરરૂપી સગડીમાંથી ઉત્પન્ન થતો વાયુ (વિચારો) શરીરરૂપી થડમાં ચોંટીજાય, સ્થિર થઈ જાય તેનો અર્થ સ્વાર્થ... આ શરીરમાંથી ઉર્જાશક્તિ, ગરમી પેદા થાય છે. જેથી તેને આપણે સગડી કહી શકીએ, અને તેમાંથી ઉર્જા વાટે જે વિચારો થાય તેનું ઉર્ધ્વીકરણ ન થાય (બહાર ન જાય) અને આપણા શરીરમાં ચોંટી જાય તે સ્વાર્થ..

સ્વાર્થમાં મનુષ્ય પોતાની જ અગંત વૃતિઓમાં રહે છે. મારા મત મુજબ સ્વાર્થના ચાર પ્રકાર છે...

(૧) જમીન ને લગતો..

(૨) લક્ષ્મીને સંબંધ હોય તેનો...

(૩) નારીને અથવા તેને સંબંધ હોય તેનો...

(૪) સત્તા-સત્તાને લગતો અથવા તેને ભોગવવાના પ્રશ્નો.

સ્વાર્થમાં મનુષ્ય અંધ બની જાય છે. તે ન કરવાનાં કાર્યો કરી બેસે છે.

સ્વાર્થને છોડવા માટે મનને મક્કમ કરવું પડે, મનોવૃત્તિ બદલવી પડે, સ્વાર્થી માનવી સંસારમાં પોતે - પોતાનામાં રાચે છે, પરંતુ દુનિયાદારીથી તે અલગ પડી જાય છે.

સ્વાર્થ થકી માત સન્મુખ બેસીયાં
માતે મહેર કરી
વિસ્તાર વધાર્યો સ્વાર્થે
વિસ્તારને રસ્તામાં પલપ્યો માતે ...

ૐ મા ૐ

Scanned by CamScanner

- સ્વાર્થ - પ્રશ્નોત્તરી -

(તા. ૧૪-૧૦-૯૫ પૂ. ગુરૂદેવ સાથે પ્રશ્નોત્તરી - જવાબો પૂ. ગુરૂદેવની અમૃતવાણી - માર્ગદર્શન અને મંતવ્ય પર અને પોતાના શાસ્ત્ર પર આધારિત છે.)

પ્રશ્ન ૧ : જપ, તપ, ઉપાસનામાંથી કોઈને અપાતું નથી એમ આપે કહેલું, અર્થાત્ જે કરે તેને મળે તો તપ બીજાને આપવાનો રસ્તો ક્યો ?

જવાબ : કોઈ રસ્તો નથી.

પ્રશ્ન ૨ : કુટુંબની કોઈ વ્યકિત માળા કે જપ ન કરી શકતી હોય અને બીજા કરે તો ફળ મળે ?

જવાબ : મંત્રના કે તપના આંદોલનથી ફાયદો થાય બાકી પુણ્ય ના મળે.

પ્રશ્ન ૩ : કુટુંબમાં એક વ્યક્તિના તપથી બીજાની ઉન્નતિ થાય ?

જવાબ : તપના તેજથી એક વ્યક્તિની ઉન્નતિ થાય તો કુટુંબના સભ્યોને લાભ મળે પણ તપનો લાભ ના મળે

પ્રશ્ન ૪ : ઈતિહાસ કહે છે કે ' હુમાયુ ' ની બંદગીથી તેના પુત્રના સ્વાસ્થ્યમાં ફેર પડેલો ..

જવાબ : ખરું છે. તમારી પ્રાર્થના ઈશ્વર સાંભળે પણ તમારા તપના પુણ્યને ટ્રાન્સફર ના કરે ...

પ્રશ્ન ૫ : મનુષ્યમાં સ્વાર્થભાવ સહજ છે અને સ્વાર્થભાવથી કોઈપણ વ્યક્તિ દૂર રહી શકતી નથી તો જીવનમાં સ્વાર્થવર્તુળ ક્યાં સુધી રાખવું ?

જવાબ : પોતાના અંગતજીવન માટે, જે જે વસ્તુ કરી હોય, કે પોતાની ઉન્નતિ માટે, બીજાને નુકશાન કર્યા વગર કરેલું કાર્ય સ્વાર્થ ન ગણાય અને કરવામાં ખોટું નથી.

પ્રશ્ન ૬ : મનુષ્ય પોતાની કૂટેવો છોડે તે સ્વાર્થ કહેવાય ?

જવાબ : ના, પોતાની ઉન્નતિ માટેના પુરૂષાર્થને સ્વાર્થ ન કહેવાય.

પ્રશ્ન ૭ : લોકો સ્વાર્થ કેમ કરે છે? દરેક વસ્તુમાં સ્વાર્થ કેમ છે?

Scanned by CamScanner

જવાબ : વ્યક્તિ પોતાની ઈચ્છાઓને સંતોષવા માટે પ્રયત્ન કરે છે. એટલે સ્વાર્થથી પર રહી શકતો નથી.

પ્રશ્ન ૮ : અંગત સંબધોમાં નજીકની વ્યક્તિ તરફથી સ્વાર્થપણાનો અનુભવ થાય તો કઈ રીતે વર્તવું?

જવાબ : "મૌન" રાખીને સહન કરવાનો પ્રયત્ન કરો. પરિણામ જરૂર સારૂં આવશે. શાંતિ રાખી, દૂર રહેવું.

પ્રશ્ન ૯ : ગીતામાં કહ્યું છે કે કર્મણ્યે વાધિકા રસ્તે, મા ફ્લેષુ કદાચન્" કર્મના ફળની આશા રાખવી તે સ્વાર્થ છે?

જવાબ : એમાં કહે છે કે, કર્મ કર્યે જા, ફળની આશા ન રાખીશ. પોતાની ઉન્નતિ માટે સકામ કર્મની ખેવના એ સ્વાર્થ નથી.

પ્રશ્ન ૧૦: સ્વાર્થની વ્યાખ્યા આપતા આપે શરીરની ઉર્જાના ઉર્ધ્વિકરણની વાત કરી, તો તે માટે શું કરવું?

જવાબ : ખોટા કે અસત્ય માર્ગના વિચારોને નીકળવા માટેના રસ્તા શોધો - લખીને, બોલીને એનું નિર્ગમન કરો, એને સંઘરી ન રાખો.

પ્રશ્ન ૧૧: સંતો શિષ્યવર્તુળ વધારે જાય તો એને પ્રતિષ્ઠાનો સ્વાર્થ ગણવો કે જીવન સુધારણા માટેનો પ્રયત્ન ગણવો ?

જવાબ : સંતો માટે સ્વાર્થદૃષ્ટિ ન રાખવી, આપણે એ કાર્યને પરમાર્થ ગણવો.

પ્રશ્ન ૧૨: પહેલાના જમાનામાં રાજાઓ પોતાના રાજ્યની સીમાઓ વધારવા બળ વાપરતા અને યુધ્ધ-વિજય પ્રાપ્ત કરતા, એ સ્વાર્થ કહેવાય?

જવાબ : મેં કહ્યું તેમ, જમીન અને તેને સંબંધિત એષણાઓથી કરેલું કાર્ય સ્વાર્થ જ છે. તેઓ પોતાના હક્કનો વિસ્તાર કરવા આવું કરતા.

પ્રશ્ન ૧૩: સ્વાર્થની ઉત્પત્તિ માટે મૂળભૂત સ્વભાવ કેટલે અંશે જવાબદાર છે?

જવાબ : મનોવૃત્તિ વધારે જવાબદાર છે.

Scanned by CamScanner

પ્રશ્ન ૧૪: પરમતત્વને કોઈપણ પ્રકારનો સ્વાર્થ હોય?

જવાબ : 'ના' પરમતત્વને ક્યાંય, કોઈ પણ પ્રકારનો સ્વાર્થ ન હોય.

પ્રશ્ન ૧૫: આપે કહેલું કે, કૌટુંબિક જીવનને સુખમય બનાવવા પતિ-પત્ની અહમ્‌નો ત્યાગ કરે... તેવી રીતે સ્વાર્થની સીમાઓ કૌટુંબિક જીવનમાં ક્યાં સુધી રાખી શકાય?

જવાબ : સ્વાર્થથી ઈચ્છાઓની પરિપૂર્તિ જ લક્ષ્ય હોય છે. પતિ-પત્નિ સાથે બેસી એકબીજાની ઈચ્છાઓની પરિપૂર્તિ માટે પ્રયત્ન કરે તો સ્વાર્થ રહી જ ન શકે. અર્થાત્ કૌટુંબિક જીવનમાં સ્વાર્થને દાખલ થવા ન દો.

પ્રશ્ન ૧૬: કેટલીકવાર જીવનમાં સ્વાર્થીપણું ન રાખવાથી કુટુંબના અન્ય સભ્યોને સહન કરવાનું આવે અથવા ત્યાગવાનું આવે ત્યારે કુટુંબ માટે સ્વાર્થ રાખવો કે નહિ ?

જવાબ : તોય સ્વાર્થ ન રાખવો. ક્ષણિક દુ:ખ થશે પણ લાંબે ગાળે ફાયદો જ છે.

પ્રશ્ન ૧૭: આપણું રાજ્ય તથા મિલ્કત કોઈકે છીનવી લીધી હોય અને તે પાછી મેળવવા પ્રયત્ન કરીએ તો તે સ્વાર્થ છે?

જવાબ : તમારૂં માલિકીપણું સત્યના આધાર પર હોય અને ગુમાવેલું પાછું મેળવવા પ્રયત્ન કરો એ પુરૂષાર્થ છે, સ્વાર્થ નહિં- તમે બીજાનું ઝૂંટવતા નથી. એ હક્કના વિસ્તારની નહીં પણ હક્ક માટેની લડાઈ ગણવી છતાંય આમાં બીજાનું અહિત ન થાય તેની ખાસ કાળજી રાખવી.

અંતે યોગેશભાઈએ કહ્યુ કે "Each and every relation is maintained on necessity base" છતાંય પોતાનું નુકશાન બચાવવા બીજાનું નુકશાન કરો તે સ્વાર્થ અને પોતે નુકશાન સહન કરી બીજાને નુકશાનમાંથી ઉગારો તે પરમાર્થ.

જેણે જીવનમાં સ્વાર્થ કર્યો નથી, સ્વાર્થપણું ક્યારેય રાખ્યું નથી, પરમાર્થ માટે પોતાનું આખું જીવન અને કુટુંબના સર્વે સભ્યોનો ત્યાગ પણ માનવસેવા સાથે જોડી દીધો છે એવા પરમ પૂજ્ય ગુરૂદેવને સ્વાર્થની આટલી સુંદર સમજ આપતાં જોઈને અમારા સૌના આપને કોટિકોટિ વંદન.....

Scanned by CamScanner

નિંદા

(તા. ૨૨-૧૦-૯૫ ના રોજ શ્રધ્ધા કુટીરમાં થયેલી જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો.)

ભાવિન :-

નિંદા એટલે કોઈનું ખરાબ બોલવું. નિંદા કરવી તે ખરાબ ટેવ છે. જે વ્યક્તિની નિંદા થતી હોય તેનું સારૂ થાય છે.

કૌશલ :-

નિંદા એટલે પારકાની ગેરહાજરીમાં તેના વિશે ખોટું કહેવું. નિંદાથી ઝઘડા થાય છે. નિંદા કરવી તે દુર્ગુણ છે ગુરૂદેવે આપણને પરનિંદાથી દૂર રહેવા આદેશ આપ્યો છે. ઈર્ષાથી નિંદા થાય છે અને અપમાન થાય છે. નિંદા એક થી બીજા પાસે જતાં તેમાં વધારો થાય છે. નિંદા સાંભળવી તે પણ પાપ છે.

રાજેશ્વરી:-

નિંદા એટલે કોઈના વિશે ખરાબ બોલવું. નિંદા કરવી અને સાંભળવી બન્ને ખરાબ. પૂ.ગુરૂદેવના નવ સિધ્ધાંતોમાં પણ આપણને પરનિંદાથી દૂર રહેવાની સલાહ આપી છે.

મનિષભાઈ :

વ્યક્તિની ગેરહાજરીમાં તેના સ્વમાનને ઠેસ પહોંચે તેવી વાણીનું ઉચ્ચારણ એટલે નિંદા - નીંદ = ઊંઘ, દા = આ = આદત. જાગૃત અવસ્થામાં અન્ય વ્યક્તિ વિશે ઊંઘમાં બબડવાની આદત - નિંદા સાંભળવી એ પણ પાપ છે. કાચા કાનની વ્યક્તિ, નિંદાથી વગર વિચાર્યે, ખોટું પગલું ભરી બેસે છે.

હેમંતભાઈ :

સૃષ્ટિની શરૂઆતથી નિંદાએ જન્મ લીધો છે. સમાજમાં નિંદા ખુબ જરૂરી છે. કુટુંબ વ્યવસ્થા, સમાજ સંસ્કાર અને લગ્ન-વ્યવસ્થામાં આવતા દુઃખદ પ્રસંગોમાંથી સર્જાતી વિષમ પરિસ્થિતિઓને માત્ર નિંદાએ કાબુમાં રાખ્યાં છે અને 'સમયે' તે દુઃખો નિવાર્યા છે. અમેરીકા જેવા દેશ જ્યાં નિંદા નહીંવત્ છે.ત્યાં કુટુંબ, સમાજ અને અનુકૂલનવૃતિ ખુબ નીચા સ્તરે છે. નિંદા આપણામાં હિંમત બક્ષે છે,

Scanned by CamScanner

નિંદા સમજણ શક્તિ વધારે છે. ત્થા સજાગપણાની માત્રા વધારે છે. નિંદાને ખરાબ ન ગૅણીએ, હલકા પ્રકારની, સમજ વગરની, આધાર વગરની, કલ્પનાશક્તિ પર નિંદા કરીએ નહિ અને સાંભળીએ નહિ, નિંદાને આવકારીને સજાગ, કર્તવ્યનિષ્ઠ, ફરજનિષ્ઠ અને ભાવનાશીલ બનીએ.

મહિડા સાહેબ :-

નિં = નહી, દા = દાતા, જેનાથી કાંઇ મળતું નથી - અન્યના દોષો જોવા, અન્યનું બુરૂં બોલવું, અન્યનું અહિત થાય તેવી ક્રિયા અથવા તેવી મનોભાવિક, મનોવ્યાપારિક વાણીની પ્રક્રિયા એટલે નિંદા - નિંદક ખુબ સમજથી આ પ્રક્રિયાને ફેલાવે છે. જેથી અન્યને ગેરફાયદો, દુઃખ તથા ગ્લાનિ થાય છે. આ પ્રક્રિયાને રોકી શકવા કોઇ સમર્થ નથી, સમર્થમાં સમર્થ વ્યક્તિ પણ આની સામે નિરૂપાય છે. નિંદા કરનાર મોટે ભાગે દ્વેષ-બુધ્ધિવાળા, અને કાયર મનોવૃત્તિવાળા હોય છે. જેનું વ્યક્તિત્વ જેટલું ઊંચુ, જેની કીર્તિ જેટલી ઉંચા શિખરે, જેના ગુણો પર્વત સમાન ઉત્તુંગ, જેનું દિલ દિલાવર અને જેનું સન્માન નદીના વહેણની જેમ સતત વહેતું હોય એની વધારેમાં વધારે નિંદા થતી આવી છે. પછી તે રાજા રામ હોય, બુધ્ધ કે મહાવીર હોય કે રાજયોગીજી હોય અને વિશ્વમાં એવું એકપણ મહાન કાર્ય નહીં હોય. જેની લોકોએ નિંદા કરી ન હોય. સજ્જન પુરૂષો એમ કહે છે કે, નિંદા કરનાર અન્યનાં પાપ ધૂએ છે, એ કદાચ્ સત્ય હોય કે ન હોય પણ પોતાનાં પાપ વધારે છે. એ નિશ્ચિત છે. પૂજ્ય ગુરૂદેવે એમના જીવનના નિંદાના કેટલાય પ્રસંગો જોયાં છતાંય ધીરજ ખોયા વગર, પોતાના લક્ષ્યથી વિચલિત થયા વગર, મા ગાયત્રીના આદેશથી આદરેલા કાર્યયજ્ઞને જરાય નિરાશ થયા વગર મક્કમતા સાથે આગળ વધારતાં જ રહ્યાં ત્યારે દયા એજ આનંદ અને આનંદ એજ પરમાનંદ ના સૂત્રની સાચી ભાવનાને મૂર્તિમંત કરીને એક કદમ ઊંચેરા માનવી બની શક્યાં. જે આપણને જીવનમાં ઘણુ બધુ શીખવી જાય છે.

સતિષભાઈ :

Scanned by CamScanner

નિંદા એટલે તેજોદ્વેષનું ઉગ્રતપ. જ્યારે અન્યની સફળતા અને 'સત્ય-સ્વીકાર'ને સહન ન કરી શકીએ ત્યારે આંખોને વાચા ફૂટે, તેનું નામ નિંદા આપી શકાય. નિંદા સત્યથી વેગળી હોઇ પરંતુ અત્યંત વેગીલી અને સત્ય કરતાંય બળવાન છે. નિંદાને સત્યનો આભાસ ધારણ કરવાની કુશળતા છે. નિંદાને એક કરતાં અનેક વ્યક્તિઓની જરૂરત પડે છે. તે બહુજનવાદી છે. નિંદાની સુંવાળપ, માખણથી પણ મુલાયમ છે અને ભલભલા ચમરબંધી પણ તેમાં લપસી પડે છે. નિંદાને નોંતરવી નથી પડતી. નિંદાને મનની નબળાઇ તરીકે સ્વીકારતાં પહેલાં તેની સબળાઇનો સ્વીકાર કરવો રહ્યો. નિંદાની મેલી ગંગાને વહેતાં, વખત વહી શકે નહિ, નિંદા કદી કોઇનો અપવાદ નથી સ્વીકારતી. સ્વંય સર્જનહાર પણ નહિ. નિંદા, ઊર્જા જરૂર છે પણ તેણે કોઇનું ભલું કર્યાના ઉદાહરણ નથી. નિંદાનું ગાંભીર્ય તમારા મુખ અને મનને ઘેરી ના લે તેટલી તકેદારી રાખીએ તો નિંદાનું મ્હોં આપોઆપ બંધ થઇ જશે. અંતમાં નિંદાની તો નિંદા કરવી જ રહી.

સુકુમાર :-

નિંદા કરવી ખરાબ છે. પણ જે વ્યક્તિની નિંદા થાય તેના માટે સારૂં છે. નિંદાથી આપણી નબળાઇઓ દૂર કરી શકીએ. જેમ ધ્રુવે નિંદાથી જ તપ આદર્યું તેમ આપણે નિંદાને હકારાત્મક રીતે સ્વીકારીએ...

પૂ. બ્હેનજી :-

(૧) નિંદાનું નિંદણ કરીએ
પરમાર્થનું પિંજણ કરીએ
પરમને પામી જઇએ...

(૨) નિંદા નાગણ સમી ડસે,
માનવીના જીવનને બરબાદ કરે...

(૩) જો નિંદામાં લાવીએ નિરસતા
તો જીવનમાં આવે રસિકતા
તો જ ભક્તિમાં મળે સફળતા...

(૪) નિંદામાં નબળાઇઓ ઘણી,

Scanned by CamScanner

નિંદકની બરબાદી ઘણી...
છોડો નિંદાના દુ:ષણને,
સિધાવો પરમના પન્થે...

પૂ. ગુરુદેવ :-

નિં = નિસરણી,

દા = દાંત.

દાંતરૂપી નિસરણીની ઉપર ચઢીને બહાર આવે તે નિંદા કહેવાય...

ધારો કે દાંત ન હોય, તો ચોકઠું હોય અને ચોકઠું ન હોય તો દાંતને બદલે પેઢવાં હોય અને પેઢવાંથી જ ખોરાક ખવાય તેથી તે દાંતનું જ કાર્ય ગણાય. - નિંદા બહુ મીઠી મધ જેવી હોય છે. જેમ જેમ નિંદા વધતી જાય તેમ તેમ તે વધુ મીઠી લાગતી જાય. નિંદામાં મુખ્યત્વે કોઇપણ માનવીની તેની ગેરહાજરીમાં તેની ટીકા હોય, અગર તો તેણે જે કાંઇ કૃત્ય કરેલું હોય તેનું ખોટી રીતે અર્થઘટન કરીને રજૂઆત કરી હોય તે.

ઘણાં માનવીઓ પોતાના રોજીંદા કાર્યક્રમમાંથી સમય કાઢીને નિંદા કરી શકે છે. નિંદા કરવામાં મુખ્ય સ્થાનોમાં, જ્યાં જ્યાં જાહેરમાં માનવીઓ ભેગા થતા હોય તે સ્થળ, અગરતો પોતે બીજાને ત્યાં જઇને અથવા તો પોતાને ત્યાં વ્યક્તિઓને બોલાવીને આ કાર્ય થઇ શકે છે. આ કાર્યમાં ઘણા માનવીઓને પોતાને ખ્યાલ

Scanned by CamScanner

પણ હોતો નથી કે, તેઓ શું કરી રહ્યા છે ? ધોબીએ સીતામાતા માટે જે નિંદા કરી ત્યારે તેને ખ્યાલ ન હતો કે, તેનું શું પરિણામ આવશે ? આવી જ રીતે નિંદાને લઇને આ દુનિયામાં રોજીંદા જીવનમાં કેટલાય માનવીઓ હોમાઇ જતાં હશે. નિંદાને રોકવી હોય તો, કોઇ પણ માનવી માટે સમજ્યા વગર, જાણ્યા વગર, અનુભવ્યા વગર કોઇપણ જાતનો અભિપ્રાય આપવો નહિ. મેં મારા જીવનના નવ સૂત્રોની અંદર એક સૂત્ર આપેલ છે, કે પરનિંદાથી દૂર રહેવું. એટલે કે જ્યારે માનવી પોતાની ફિકરચિંતા છોડી, અન્યની ખોટી ખોટી વાતો ફેલાવે જેથી તેને અસત્યને સત્યમાં પલટાવવા માટે અથાગ પરિશ્રમં કરવો પડે. જેથી તેનો ઘણો ખરો સમય, આ બધા કાર્યમાં વ્યતિત થાય. તેને સારૂં વિચારવાનો, સારૂં જાણવાનો કે સત્કાર્ય કરવાનો સમય પણ ન મળે, આમ તે પરમતત્વથી વિમુખ થતો જાય...

જીવનમાં સામાન્ય રીતે થતા નિંદાના પાપથી દૂર રહેવાની માત્ર સલાહ જ નહિ પરંતુ સુંદર, સરળ સમજ આપીને અમારી સૌ ભક્તોની આધ્યાત્મિક યાત્રામાં એક કદમ આગળ ચલાવવાની આપની પ્રેરણા અને પ્રોત્સાહનને શત્ શત્ પ્રણામ...

ૐ મા ૐ

Scanned by CamScanner

- નિંદા - પ્રશ્નોત્તરી

(તા. ૨૨-૧૦-૯૫ ના રોજ શ્રધ્ધા કુટીરમાં પૂ. ગુરૂદેવ સાથે ઉપરોક્ત વિષયમાં થયેલી પ્રશ્નોત્તરી - પૂ. ગુરૂદેવના જવાબો, પોતાના મંતવ્ય અને શાસ્ત્ર પર આધારિત)

પ્રશ્ન : ૧ **નિંદા એ ક્રોધની માતા છે. એમ માનો છો ?**

જવાબ : ના, એવું ન કહી શકાય. નિંદકને પારકી વાતોમાં રસ હોય છે. બુધ્ધિગમ્ય રીતો દ્વારા પણ નિંદા થાય અને દરેક નિંદાથી ક્રોધ જન્મે એવું બનતું નથી.

પ્રશ્ન : ૨ **વ્યક્તિના વિકાસ માટે, સારા કે નરસા ગુણને Highlight કરવા પડે તે નિંદા કહેવાય ? વ્યક્તિને ખરાબ લાગે તો શું કરવું ?**

જવાબ : વ્યક્તિના વિકાસ માટે રૂબરૂ બોલાવીને જ કહો. Face to face વાત કરવી તે નિંદા નથી. એની ગેરહાજરીમાં ના કરો.

પ્રશ્ન : ૩ **Office માં Comfidential Report ભરવામાં આવે છે. અને તેથી વ્યક્તિનો વિકાસ રૂંધાય પણ ખરો તો CR એ નિંદાનું સ્વરૂપ જ ગણાયને ?**

જવાબ : "ના" હવે તો વ્યક્તિને Comfidential Report બતાવીને તેનો જવાબ માંગવામાં આવે છે એટલે નિંદા નથી.

પ્રશ્ન : ૪ **નિંદાના પ્રકાર કેટલા ? આધ્યાત્મિક નિંદાનું ઉદાહરણ આપશો ?**

જવાબ : નિંદાના ચાર પ્રકાર
(૧) સાંસારિક, (૨) સામાજિક, (૩) રાજકારણની અને (૪) આધ્યાત્મિકતાના માર્ગે જનારાની...
આધ્યાત્મિક નિંદાનો દાખલો ન મળી શકે કારણ સાચો 'સંત' નિંદાને ગણે જ નહિ.

પ્રશ્ન : ૫ **નિંદાનું ઉત્પત્તિ સ્થાન કયું ?**

જવાબ : મનનાં વિચારોથી, વાતો કરવાની વૃતિથી, કોઇકનું સારૂં

Scanned by CamScanner

કહેતાં સમય લાગે પણ ખરાબ બોલતાં વાર લાગતી નથી.

પ્રશ્ન : ૬ નિંદાને ષડ્‌રિપૂ કહી શકાય ?

જવાબ : 'ના' નિંદાને ષડ્‌રિપૂ ન ગણી શકાય.

પ્રશ્ન : ૭ માણસ નિંદા છોડી શકવાનો નથી, નિંદાને હકારાત્મક સ્વીકારવી એ સામાનો ગુણ હોઇ શકે, પણ નિંદા કરનારો પોતાની મનોવૃત્તિ બદલવા શું કરે ?

જવાબ : નિંદા કરનાર વ્યક્તિ પોતે સમજ્યા વગર, જાણ્યા વગર, અનુભવ્યા વગર કોઇ પણ જાતનો અભિપ્રાય ન આપવાની મનોવૃત્તિ કેળવે અને આવો સંકલ્પ કરે.

પ્રશ્ન : ૮ નિંદા કાર્યમાં ત્રણ વ્યક્તિ-બોલનાર, સાંભળનાર અને જેની થતી હોય તે... બોલનાર પાપ કરે, જેની થતી હોય તેનાં પાપ ધોવાય તો સાંભળનારે શું કરવું ?

જવાબ : સાંભળવી જ નહિં - પ્રેમથી ના કહી દેવી અને સાંભળવી જ પડે તેમ હોય તો આગળ વધારવી નહીં અને ભૂલી જવું.

પ્રશ્ન : ૯ નિંદા સાંભળનારની ક્ષમતા ન હોય એટલે કે પચાવી ન જાણે તો શું થાય ?

જવાબ : વેરવૃત્તિનું પોષણ થાય-સાંભળનાર નિંદા પચાવવા માટે મંત્રજાપ કરે તો ઉત્તમ.

પ્રશ્ન : ૧૦ આપના સૂત્રમાં કહ્યું છે કે, પરનિંદાથી દૂર રહેવું - એનો અર્થ એવો થાય કે આત્મનિંદા કરવી ?

જવાબ : મનુષ્ય આત્મનિંદા કરી શકતો જ નથી. નિંદા હંમેશાં પારકાની જ થાય-પોતાનું તો મૂલ્યાંકન કરો-જમા ઉધાર તપાસો અને ભૂલ હોય ત્યાં સુધારો. રોજ રાત્રે સૂતા પહેલાં પ્રાર્થના કરી દિવસના કાર્યોનું મુલ્યાંકન કરો...

પ્રશ્ન : ૧૧ કોઇકને વાયા મીડીયા કહીએ તો નિંદા ન ગણાયને ?

જવાબ : શું કામ વાયા મીડીયા કહો ? રૂબરૂ કહેવાની હિંમત રાખો અને નહિતો બોલો જ નહિ.

Scanned by CamScanner

પ્રશ્ન : ૧૨ એવું કહેવાય છે કે, તમે અભિપ્રાય અથવા વિરોધ ત્યારે જ કરી શકો જ્યારે તમે એક અંશ ઊંચા હો. તો અભિપ્રાય અને વિરોધ થાય ?

જવાબ : આ કથન આધ્યાત્મિક બાબતને લાગુ પડે. અને જે આધ્યાત્મિક રીતે ઊંચા હોય તે અભિપ્રાય અને વિરોધ બંનેને ટાળે - બને ત્યાં સુધી મૌન રહે.

પ્રશ્ન : ૧૩ ટી.વી. કે ફિલ્મના આર્ટીસ્ટની જાહેરમાં મનોરંજન માટે મીમિક્રી થાય તે પણ નિંદા જ ગણવીને ? કારણ તે વ્યક્તિની ગેરહાજરીમાં તેના દોષદર્શન છે.

જવાબ : જ્યારે તમે જાહેરમાં, મનોરંજન માટે મીમિક્રી કરતા હો ત્યારે નિંદા નથી. કારણ આમાં મનોરંજન સિવાય કોઇ ઉદેશ્ય નથી અને તે માત્ર દોષદર્શન હોય તેવું પણ જરૂરી નથી.

માનવ જીવનના એક સામાન્ય દુર્ગુણને સમજાવવામાં પૂજ્ય ગુરૂદેવની સ્પષ્ટ વિચારધારા અને નિંદાની વ્યાખ્યાથી એમના સિધ્ધાન્તના અમલ માટે આપણને સૌને ખુબ સુંદર માર્ગદર્શન મળ્યું. એમના આશીર્વાદથી આપણે સૌ નિંદાથી દૂર રહી શકીએ. એજ અભ્યર્થના...

ૐ મા ૐ

Scanned by CamScanner

- પ્રારબ્ધ અને પુરૂષાર્થ -

(તા. ૧૨-૧૧-૯૫ ના રોજ શ્રધ્ધા કુટીરમાં થયેલી જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો)

દાદા :-

પ્રારબ્ધ અને પુરૂષાર્થ બંને એકબીજા સાથે સંકળાયેલા છે. પ્રારબ્ધ વિના પુરૂષાર્થ નથી તો પુરૂષાર્થ વિના પ્રારબ્ધ નથી, અને બંને હકીકત સંપૂર્ણ સત્ય છે. કવિ કાલિદાસ અને એક ભક્તની વાર્તા કરી પ્રારબ્ધ અને પુરૂષાર્થનું એક બીજા પર અવલંબન બતાવ્યું. પરમતત્ત્વ આપણા પાસે જે સંજોગોમાં નામ સ્મરણ કરાવે તે તીવ્ર ઝડપથી કરવું, આપણું ભાગ્ય તો છઠ્ઠીના લેખમાં લખાયેલું જ છે. પરમતત્ત્વને પામવા અથાગ પુરૂષાર્થ કરવો.

મનિષભાઇ :-

પ્રારબ્ધ એટલે પૂર્વ જન્મના કર્મોને આધિન ઇશ્વર નિર્મિત ભોગવવાનું ફળ, જ્યારે પુરૂષાર્થ એટલે નક્કી કરેલા લક્ષ્યાંકને સિધ્ધ કરવા કાર્યરત રહેવું. મનુષ્યને પ્રારબ્ધની જાણ હોતી નથી માટે પુરૂષાર્થ કરવો રહ્યો. પ્રારબ્ધ અને પુરૂષાર્થ હોડીનાં બે હલેસાં છે. પુરૂષાર્થ કદાપિ એળે જતો નથી અને પુરૂષાર્થની સીમા ધીરજ છે. પ્રેમથી મંત્ર જાપનો પુરૂષાર્થ કરવામાં આવે તો મા ગાયત્રી પ્રારબ્ધ બદલી નાંખે છે.

સ્નેહાબ્હેન :-

પુરૂષાર્થને પ્રાધાન્ય આપવું જોઇએ. પુરૂષાર્થ છે તો જ પુર્નજન્મ છે. કોઇપણ કાર્ય ફળ વગરનું હોતુ નથી. કર્મનું ફળ આ જન્મે ન મળે તો બીજા જન્મે પણ મળે જ છે. કર્મના સારા કે નરસા પરિણામને આપણે પ્રારબ્ધ તરીકે ઓળખીએ છીએ. આવતા જન્મના પ્રારબ્ધને વધુ બળવાન બનાવવા અત્યારથી જ પુરૂષાર્થ કરવા માંડો.

Scanned by CamScanner

હેમંતભાઇ :-

કાંટાના ઝાંખરામાં ફસાઇ ગયેલ બાળકની વાર્તા કહી સમજાવ્યું કે, પરમાત્મા દૈવીતત્વ વાળા મનુષ્યોને ધરતી પર મોકલે છે. ચાહે તે રામ હોય, કૃષ્ણ હોય કે પરમ પૂજ્ય રાજયોગી હોય. અને મનુષ્ય દેહ ધારણ કરેલા આવા દૈવી પુરૂષો મનુષ્યને મોહ, માયા, ઇર્ષ્યાના એવા કાંટાળા ઝાંખરામાંથી બહાર કાઢે . આવા દૈવી પુરૂષ મળવા તે આપણું પ્રારબ્ધ પણ ઝાંખરામાંથી નીકળવા પુરૂષાર્થ તો આપણે જ કરવો પડે.

કમલભાઇ :-

લખાણ આપેલ નથી પણ ક્રિયામાણ કર્મ, સંચિત કર્મ અને પ્રારબ્ધ કર્મની વાત કરી.

કંદર્પ :-

માનવ જીવનમાં પ્રારબ્ધ અને પુરૂષાર્થ, જીવન-રથના બે પૈડાં છે. બે ફેફસાં છે. માણસના નસીબમાં ન હોય તો પ્રચંડ પુરૂષાર્થ પણ વામણો લાગે છે અને ફળ મળતું નથી. માનવીની પ્રગતિ માટે પુરૂષાર્થ જરૂરી છે. પુરૂષાર્થથી મનુષ્ય પોતેજ પોતાનો ભાગ્ય વિધાતા બની શકે છે.

ભાવિન :-

દરેક માનવીએ પુરૂષાર્થ કરવો જોઇએ, ખાલી પ્રારબ્ધ પર ભરોસો રાખી બેસી ન રહેવાય. અને પુરૂષાર્થ સાથે આપણું નસીબ પણ હોવું જોઇએ.

પૂ. બ્હેનજી :-

(૧) પ્રારબ્ધથી લબ્ધ માનવીને,
પુરૂષાર્થથી બધ્ધ બનવું પડે.

Scanned by CamScanner

(૨) પ્રારબ્ધ અને પુરૂષાર્થનો સમન્વય,
ભાગ્યને ઘડી અને મઢી શકે છે.

(૩) પ્રારબ્ધ એકલું, ખર્ચે ખૂટી જાય,
પુરૂષાર્થ એકલો અટૂલો પડી જાય.
અન્યોન્યના સહારે જીવન જીવી શકાય,
આનંદ માણી શકાય, પરમાર્થ કરી શકાય.

(૪) પ્રારબ્ધ અને પુરૂષાર્થની જોડી,
આસમાનને આંબી શકે.

(૫) સદ્નસીબ કે કમનસીબ, છે પ્રારબ્ધની તાસીર,
સંકલ્પ અને સફળતા છે પુરૂષાર્થની તાસીર.

(૬) પ્રારબ્ધ અનાયાસે ભોગવવું પડે,
કરવટ બદલી ન શકાય.
પુરૂષાર્થ આયાસથી કરવો પડે,
કરવટ બદલી શકાય.

(૭) પ્રારબ્ધ અને પુરૂષાર્થનો સહયોગ સધાય,
પરમતત્ત્વની કૃપા વરસે.
'સ્વ' ને સંસારની તાસીર બદલાયે,
આ ભવ ને, પરભવની સમૃધ્ધિ સરજાયે.

(૮) ગરીબી-તવંગરી, પ્રારબ્ધની સંપત,
ખુમારી-ખુશાલી, પુરૂષાર્થની સંપત.

(૯) ઇષ્ટની કૃપા અને સદ્ગુરૂના આશીર્વાદથી જ
(અ) પ્રારબ્ધ અને પુરૂષાર્થનો સમન્વય સાધી શકાય છે.
(બ) પ્રારબ્ધ ભોગવી શકાય છે અને
પુરૂષાર્થમાં સફળતા હાંસલ કરી શકાય છે.

Scanned by CamScanner

પૂ. ગુરૂદેવ :-

પાર = પાર કરી દીધેલું-જતું રહેલું-જે આ જન્મે પ્રાપ્ત થયું.

બ્ધ = બંધ, આપણી સાથે બંધાઇને આવે.

આનો અર્થ એવો કે, ગત જન્મનું પાર કરી ગયેલું, આ જન્મે બંધાઇને આવે તે પ્રારબ્ધ.

પુરૂષાર્થ :-

પુરૂ :- નદીનાં ધૂધવતાં પૂર જેવું.

ષાર્થ :- મહેનત કરીને મેળવવું તે.

આનો અર્થ એવો કે, નદીના ધૂધવતા પૂર જેવી મહેનતકરીને, જીવનના દરેક ક્ષેત્રમાં કંઈક પ્રાપ્ત કરવું તે પુરૂષાર્થ. પુરૂષાર્થ બે જાતના - પ્રારબ્ધ બળે, ગત જન્મનું જે કાંઈ મળ્યું હોય તેને ટકાવવા ખાતર, જે કાંઈ મહેનત કરવી પડે તે પુરૂષાર્થ ....
બીજું - પ્રારબ્ધ બળે જે કાંઈ મળ્યું છે અને બીજું કાંઈ મેળવવા જે કાર્ય સંઘર્ષ કરવો પડે તે પુરૂષાર્થ.....
દા.ત. : તમે કૂવા પાસે દોરડું અને ડોલ લઈને જાવ છો તે પ્રારબ્ધ ને કૂવામાં ડોલ નાખી. પાણી બહાર કાઢો છો તે પૂરુષાર્થ....
બીજું... તમે અહીંયા આવી બેઠા છો તે પ્રારબ્ધ,ને મારી, તમારી સામે ઉપસ્થિતિ તે પુરૂષાર્થ કારણકે તમે પ્રારબ્ધ બળે ખેંચાઈને આવ્યા છો, કંઈક જાણવા, કંઈક સમજવા, આધ્યાત્મિક ક્ષેત્રે આગળ આવવા આવ્યા છો. ષડ્‌રિપૂ નાથવાનું, મન -વચન - કર્મની પવિત્રતા, વગેરેનું આચરણ કરવા કટીબધ્ધ થવાનાં છો તેને માટે આ તમારો આધ્યાત્મિક પુરૂષાર્થ કહી શકાય.

પ્રારબ્ધ અને પુરૂષાર્થનાં બે પૈડાં, એક સરખાં થાય તો માનવી સડસડાટ કરતો ચાલ્યો જાય, પરંતુ આ બહુ અઘરૂં છે સેંકડે પાંચ ટકા માનવીઓને પ્રારબ્ધ અને પુરૂષાર્થ કામ આવતો નથી. એકલવ્યનો પુરૂષાર્થ હતો અને પ્રારબ્ધે યારી ન આપી, જ્યારે કર્ણને પ્રારબ્ધ હતું પણ પુરૂષાર્થે યાર ન આપી.

આમ પ્રારબ્ધ ને પુરૂષાર્થ બંનેનો માનવીના જીવનમાં પ્રવેશ થાય તો માનવ જિંદગીના પગથિયાં સડસડાટ ચડી ટોચ ઉપર પોતાનો વિજયધ્વજ ફરકાવી શકે છે.

ૐ મા ૐ

Scanned by CamScanner

- પ્રારબ્ધ અને પુરૂષાર્થ - પ્રશ્નોત્તરી

(તા. ૧૨-૧૧-૯૫ ના રોજ શ્રધ્ધા કુટીરમાં પૂ. ગુરૂદેવ સાથે ઉપરોક્ત વિષયમાં થયેલી પ્રશ્નોત્તરી - પૂ. ગુરૂદેવના જવાબો, પોતાના મંતવ્ય અને શાસ્ત્ર પર આધારિત)

પ્રશ્ન : ૧ **પ્રારબ્ધની જેમ પુરૂષાર્થ કરવામાં પૂર્વ જન્મના સંચિત કર્મોનો આધાર હોય કે નહિ?**

જવાબ : પુરૂષાર્થ માટે સંચિત કર્મોનો પ્રશ્ન નથી. દઢ મનોબળથી પુરૂષાર્થ કરવો પડે. પ્રારબ્ધથી પુરૂષાર્થ ન થાય.

પ્રશ્ન : ૨ **પ્રારબ્ધ મોટું કે પુરૂષાર્થ?**

જવાબ : બંને સરખાં-પણ બંને એક સરખાં પ્રમાણમાં માત્ર ૫% લોકોને પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન : ૩ **પ્રારબ્ધ એટલે ભાગ્ય કહેવાય?**

જવાબ : પ્રારબ્ધ એટલે સંચિત કર્મોનું ફળ.

પ્રશ્ન : ૪ **પ્રારબ્ધમાં સારી વસ્તુ મળી હોય તો ટકાવવા પુરૂષાર્થ કરવો પડે પણ ખરાબ વસ્તુ મળી હોય તો શું કરવું?**

જવાબ : ખરાબ વસ્તુમાંથી મુક્ત થવા માટે વધારે દઢ મનોબળથી પુરૂષાર્થ કરવો અને દૈવીકૃપા માટે યાચના કરવી. આત્મમંથન કરીને નરસી બાબતમાંથી બહાર નીકળવું.

પ્રશ્ન : ૫ **ચાર બાળકની માતાને એક બાળક મંદબુધ્ધિ કે મંદભાગ્યનું મળ્યું હોય તો શું કરાય?**

જવાબ : પુરૂષાર્થથી બાળકને સાચવવું અને ડૉકટરો કે દૈવીકૃપાના સહારે યોગ્ય ઉપચાર કરવો, આમાં પ્રારબ્ધને દોષ ન દેવાય

પ્રશ્ન : ૬ **પ્રારબ્ધને ફળ કહેવાય?**

જવાબ : એને સંચિત કર્મ કહેવાય. જેમ કોઠીમાં જે ભર્યું હોય તે મળે, તેમ સંચિત કર્મફળ મળે.

પ્રશ્ન : ૭ **મનુષ્યના પુરૂષાર્થથી પ્રવૃત્ત કોણ થાય ? પ્રકૃતિ કે પરમાત્મા?**

Scanned by CamScanner

જવાબ : મનુષ્ય પોતેજ પ્રવૃત્ત થાય, પરમાત્માની તો માત્ર અમીદષ્ટિ થાય જો પુરૂષાર્થ સારો હોય તો.

પ્રશ્ન : ૮ પુરૂષાર્થ મનુષ્યને બંધનમાં નાખી દે એવું બને?

જવાબ : 'હા' જો પુરૂષાર્થ ખોટા કામ માટે હોય... ચોરી કરવી, એ પુરૂષાર્થ માનીએ તો પાપનું બંધન સાથે જ આવે.

પ્રશ્ન : ૯ પુરૂષાર્થ મનુષ્ય અનુભવી શકે, પ્રારબ્ધ જાણવા જ્યોતિષશાસ્ત્રનો સહારો લેવો?

જવાબ : જ્યોતિષ શાસ્ત્ર માટે હું કાંઈ કહેતો નથી પણ પ્રારબ્ધ જાણવાનો પ્રયત્ન ન કરવો. હું તો કહીશ કે, કોઈ ગ્રહોના ચક્કરમાં પડ્યા સિવાય પુરી શ્રધ્ધા સાથે પ્રભુ શરણાગત થઈ મંત્રજાપ કરો.

પ્રશ્ન : ૧૦ કહેવાય છે કે, ગાડી, લાડી અને વાડી પ્રારબ્ધ પ્રમાણે મળે એ સાચું?

જવાબ : કર્મના ફળ ભોગવવા માટે લાડી-પ્રારબ્ધ પ્રમાણે મળે બાકી વાડી, ગાડી, તો પુરૂષાર્થથી પણ મેળવાય.

પ્રશ્ન : ૧૧ કર્મના બંધનથી કોઈ મુક્ત ખરૂં?

જવાબ : સૃષ્ટિમાં કોઇ કર્મના બંધનથી મુક્ત નથી. રામ અને કૃષ્ણ પણ કર્મ બંધનમાં હતાં-હા, માનો કે ન્યાયાધીશ, કોઇને ફાંસી આપે અથવા સજા કરે તો એને આ કર્મનું બંધન ન રહે કારણ તે ફરજની રૂએ છે.

પ્રશ્ન : ૧૨ કર્મ કરીએ તે પુરૂષાર્થ અને જે મળે તે પ્રારબ્ધ- તો ગીતામાં જે લખે છે "કર્મણ્યે વાધિકા રસ્તે મા ફલેષુ કદાચૂન" એટલે ફળની આશા રાખ્યા વગર કર્મ કરે જા.. દરેક કર્મનું ફળ હોય જ છે ?

જવાબ : પ્રારબ્ધને ટકાવવા માટે પણ પુરૂષાર્થ જરૂરી છે. એટલે જ ગીતામાં કહેવાય છે કે, ફળની આશાથી જ કર્મ ન કરવું... કર્મ તો કર્યે જ જવું.

પ્રશ્ન : ૧૩ આધ્યાત્મિક ક્ષેત્રમાં ઓછા પુરૂષાર્થથી વધુ પ્રારબ્ધ બળ મળે એવો રસ્તો બતાવશો ?

Scanned by CamScanner

જવાબ : આ ક્ષેત્રમાં ઓછા પુરૂષાર્થથી કશું ના મળે. હા, પરમાત્માની કૃપા માટે ષડરિપૂને નાથો, નવસિધ્ધાંતનું પાલન કરો, મનની પવિત્રતા લાવો અને માનવતા વ્રત કરો. મંત્ર જાપથી પણ પ્રારબ્ધ બળ મેળવવાનું સરળ બને.

પ્રશ્ન : ૧૪ આધ્યાત્મિક કાર્ય અને પ્રારબ્ધને શું સંબંધ છે ?

જવાબ : પૂર્વ જન્મનાં સંચિત કર્મો હોય પણ પુરૂષાર્થ હોય તો જ કાર્ય થઇ શકે. આધ્યાત્મિક કાર્યની પ્રેરણા થાય એજ પ્રારબ્ધ છે.

પ્રશ્ન : ૧૫ આધ્યાત્મિક વિકાસના સતત પુરૂષાર્થ પછી પણ ઇશ્વર સમીપ ન જઇ શકાય તો શું માનવું ?

જવાબ : કશું જ માનવુ નહિ. નિરાશ થયા વગર વધુ પરિશ્રમથી પુરૂષાર્થ કરવો. પરમતત્વની કૃપા થશે જ.

પ્રશ્ન : ૧૬ ક્યારેક પ્રયત્નો પછી પણ નિરાશા મળે, મન ઊઠી જાય તો પ્રારબ્ધને દોષ દેવો ?

જવાબ : આ તો મનની નબળાઇ છે. મન મજબૂત કરો અને શ્રધ્ધાને ડગવા દેશો નહિ. પુરૂષાર્થ નબળો પડે કે ઢીલો પડે તે વ્યક્તિ પર અવલંબે છે, હું તો કહું, કે ગમે તે પરિસ્થિતિમાં પ્રયત્ન ચાલુ જ રાખવા.

પ્રશ્ન : ૧૭ સંતોના આશીર્વાદથી પ્રારબ્ધ બદલી શકાય એ સાચું છે?

જવાબ : પરમતત્વની કૃપા જ, પ્રારબ્ધ બદલી શકે. સંતો તો ફિરસ્તા છે. તમારા વતી, પરમતત્વને પ્રાર્થના કરે.- મારે વધારે કાંઇ કહેવું નથી.

પ્રશ્ન : ૧૮ પ્રારબ્ધ અને વિધિના લેખ વચ્ચે શું ફેર ?

જવાબ : બંને સરખા.

પ્રશ્ન : ૧૯ લગ્ન વખતે ગ્રહો મેળવવા કે નહિ ?

જવાબ : હું તો સ્પષ્ટ ના પાડું છું. ન જાણવાનું જાણીને પીડાશો નહિ અને પરમતત્વમાં શ્રધ્ધા ગુમાવશો નહિ. આપનો પુરૂષાર્થ અને સંતોની કૃપાથી પરમતત્વ વિધિના લેખ પણ

Scanned by CamScanner

બદલી નાંખે.

અને છેલ્લે.....

પ્રારબ્ધની ચિંતા છોડીને, માના આદેશથી, માનવ સેવાના કાર્ય માટે કોઇપણ પ્રકારની ભૌતિક, સામાજિક કે આધ્યાત્મિક અપેક્ષા વગર સતત પુરૂષાર્થ કરતા આપણા પરમ પૂજ્ય ગુરૂદેવને આપણાં સૌના.

લાખ લાખ વંદન.

ૐ મા ૐ

Scanned by CamScanner

- પ્રાર્થના -

(તા. ૧૯-૧૧-૯૫ ના રોજ શ્રધ્ધા કુટીરમાં થયેલ જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો)

ભાવિન :-

પ્રાર્થના એટલે પ્રભુનું સ્મરણ, જે મનને શાંત કરે, પ્રાર્થના શબ્દોથી, મંત્રોથી અથવા માનસિક પણ હોઇ શકે. આપણે રોજ પ્રાર્થના કરવી જોઈએ.

કંદર્પ :-

જો વિશ્વાસ હશે તો, પ્રાર્થનામાં જે માંગશો તે મળશે. ધૈર્ય એ સૌથી મોટી પ્રાર્થના છે, પ્રાર્થના ધર્મનો સ્તંભ, સ્વર્ગની ચાવી ત્થા આત્માનો ખોરાક છે. પ્રાર્થના એટલે આત્માના, અવાજને પરમાત્મા સુધી લઇ જનાર સંદેશાવાહક, આપણી અંદરની ગંદકીને બહાર ન કાઢીએ ત્યાં સુધી પ્રાર્થનાનો આપણને હક નથી.

વિભા બ્હેન :-

પ્રાર્થના, જીવનનો પ્રાણ, સત્વ, ચૈતન્યની પોષક શક્તિ ત્થા અતિ અગત્યનું બળ છે. પ્રાર્થના વિશ્વની મહત્તમ શક્તિ છે. પ્રાર્થના એ ભીખ નથી, આપણો અનન્ય અધિકાર છે, મોટા ભાગની પ્રાર્થનાનો સાર હોય છે. કે, મારી ઇચ્છા પ્રમાણે થાઓ, કોઇ એમ નથી કહેતું કે, તમારી ઇચ્છા પ્રમાણે થાઓ.

પ્રતિક્ષા બ્હેન :-

પ્રાર્થના એટલે અંતરાત્માની પ્રમાણિક ઇચ્છાનો પોકાર. પ્રાર્થનાની પહેલી શરત છે શ્રધ્ધા-પ્રાર્થના કરવાની શક્તિ, એ માનવજાતને મળેલી મોટામાં મોટી બક્ષિસ છે. પ્રાર્થના એટલે પ્રભુ પ્રત્યેના પ્રેમની અભિવ્યક્તિ-પ્રાર્થનાની બીજી શરત છે વિનમ્રતા-વિનમ્ર બન્યા વગર પ્રાર્થના થઇ શકે નહિ. નિરાશામાં ડૂબેલા માણસને, પ્રાર્થના પ્રકાશ અને બળ આપે છે. પ્રાર્થના થતી નથી, એ હોય છે. ફુલમાં વસેલી ફોરમ, એ એની પ્રાર્થના છે.

મનિષભાઈ :-

ષડ્રિપૂનો નાશ કરી, પરમતત્વનાં પ્રેમાલાપમાં પ્રાસ બેસાડવા અર્થાત્ એક થવા લૌકિક જગતમાંથી પ્રસ્થાન-પ્રાર્થના એટલે શુધ્ધ,

Scanned by CamScanner

સાત્વિક, નિષ્કામ ભાવથી, ભય, શરમ, વગર, બાળક સહજભાવથી પરમતત્વને પામવાનો પ્રેમાલાપ. પ્રાર્થના એ શક્તિ છે, પરમતત્વનાં આશિષ છે.

જસવંતભાઈ :-

પ્રાર્થના એટલે આત્મનિવેદન દ્વારા પોતાની જાતને ઇશ્વર સામે રજૂ કરવાની પ્રક્રિયા-ગમે તે સ્થળે, ગમે તે સમયે, ગમે તેવાં કાર્યો કરતાં કરતાં પ્રાર્થના કરી શકાય. પ્રાર્થના સાથે શ્રધ્ધા અને શરણાગતિનો ભાવ આવે તો આધ્યાત્મિક બળ સાથે જીવનમાં શાંતિ પ્રાપ્ત થાય છે.

મીના બ્હેન :-

સંપુર્ણ રીતે પોતાની જાતને પ્રભુની ઇચ્છા પર છોડી, પોતાના અહંકારને સમાપ્ત કરી, તેમાં વિલીન થઇ જવું એજ ઉત્તમ પ્રાર્થના છે, ભક્તિ અને સાધના આપણને પરમાત્માની ખુશીમાં રહેવા સક્ષમ બનાવે છે. પ્રાર્થના માટે શબ્દોની અથવા ભાષાની જરૂર નથી. જ્યારે આપણને ખબર જ નથી કે શું પ્રાર્થના કરવી ત્યારે પરમાત્માને એક જ પ્રાર્થના કરીએ કે, હું તારામાં લીન થઇ જાવું, આપણે આપણી જાતને બિનશરતી પરમપિતાને હવાલે કરી દઇએ.

ભાવના બ્હેન :-

સૂર્યનું પહેલું કિરણ અને બાળકનો જન્મ, પ્રાર્થનાની શરૂઆત છે. પ્રાર્થના-પ્રા = પ્રાયશ્ચિત, થ = થડ, ન = નજીક - થડની નજીક પહોંચવા કરાતું પ્રાયશ્ચિત. થડ એટલે ભગવાન અને પૂજ્ય રાજયોગીજી. બંને નજીક પહોંચવા; પ્રાયશ્ચિત કરવું પડે. શુભ અને અશુભ, બંને કાર્યોમાં પ્રાર્થના થાય, માણસ જન્મથી મૃત્યુ સુધી પ્રાર્થના કરે છે.

સ્નેહા બ્હેન :-

સાચા મનથી પરમાત્માની પ્રાર્થના કરનારાના જીવનમાં આધિ, વ્યાધિ, ઉપાધિ દૂર થયા વગર રહેતી નથી, પ્રાર્થના એ વ્યક્તિની માનસિક પ્રક્રિયા છે. હૃદયમાં જે ભાવ જન્મ્યો, સુખદુ:ખ ઉદ્‌ભવ્યું, મુંઝવણ કે આપત્તિ આવી, તેને સહજ ભાવે, એજ સ્વરૂપમાં પ્રભુ આગળ રજૂ કરવી તે પ્રાર્થના. પોતાની બા ના પ્રસંગ દ્વારા ગુરૂદેવ

Scanned by CamScanner

સામે કરેલ ગુસ્સાના આત્મનિવેદનથી, કહ્યું કે પ્રાર્થનામાં ગુસ્સો પણ હોઇ શકે.

નાનો બાળ રોહન :-

હે દાદા મારી રક્ષા કરજો, મને સવારે વહેલો ઉઠાડજો, મમ્મી-પપ્પાની સેવા કરે તેવો કરજો.

હેમંતભાઈ :-

આખાય જગતમાં કોઇ એવી વ્યક્તિ ના હોય જેણે જીવનમાં પ્રાર્થના ન કરી હોય. પરમાત્મા કરતાંય આપણને સૌને પૂજ્ય ગુરૂદેવને પ્રાર્થના કરવાની ટેવ વધારે પડી ગઇ છે. ભક્તિની શક્તિ કરતાંય પ્રાર્થનાની શક્તિ ભગવાનને ડોલાવી શકે. જીવનમાં બીજું કશું ન શીખીએ તો નિર્મળ હૃદય સાથે, અંતરની ભાવનાઓ પૂજ્ય ગુરૂદેવ સુધી પહોંચાડવાની શક્તિ માતાજી આપે અને ગુરૂદેવના આશીર્વાદ, સત્સંગ અને સાનિધ્યથી, ષડ્રિપૂઓને ઝુકાવીએ એજ પ્રાર્થના.

સુકુમારભાઈ :-

રચનાત્મક પ્રાર્થના એટલે Preyerise, Picturise અને Actualise તમારા જાગ્રત મનમાં, તમારા સુષુપ્ત મનમાં વિચારો રૂપાંતરિત થશે. કલ્પનાના આધારે આપણા વિચારોનું માનસપટ પર ચિત્રીકરણ થવું. સફળતા કે નિષ્ફળતા જે Picturise કરીએ છીએ તે વાસ્તવિકતા બને છે. બુધ્ધિપૂર્વકના પરિશ્રમ અને પ્રયત્નોથી, તમારા વિચારો અને માન્યતાના કલ્પના ચિત્રોને ખૂબજ મક્કમતાથી નિરૂપણ કરો જેથી અનુભવશો કે, કલ્પના ચિત્ર ભૂતકાળ બને છે અને પ્રભુની શક્તિ થકી વાસ્તવિકતામાં પરિણમે છે.

ધીરૂભાઈ દેસાઈ :-

પ્રાર્થનાનો સદ્‌ઉપયોગ કરો. તમારી પ્રાર્થના કોઇના નુકશાન માટે ન હોય. રામ - રાવણ અને કૃષ્ણ કંસની રાશિ એકજ હતી. છતાંય લડ્યા અને એક જીત્યો. જેની પ્રાર્થના પવિત્ર હેતુ માટે હતી. પ્રાર્થનાનો દુરૂપયોગ ન કરશો.

દાદા :-

હે પરમાત્મા, જેને હું બદલી શકું તેમ છું તેને બદલવાની શક્તિ

Scanned by CamScanner

આપ, અને જેને બદલી શકુ તેમ નથી. તેને સહજતાથી, સરળતાથી સ્વીકારી લેવાની શક્તિ આપ, અને આ બંને પરિસ્થિતિમાં જે કાંઇ કરવા શક્તિમાન છું. તેને સમજવાનું ડહાપણ આપ.

મહેન્દ્રભાઈ :-

જ્યારે આપણને આપણી પહોંચ કે શક્તિ અપૂરતાં લાગે ત્યારે વધુ સમર્થ બનવા પ્રાર્થના કરીએ છીએ. ઘણી બધી પ્રાર્થના ફળીભૂત થતી નથી, કારણ પરમાત્મા આપણા હિતમાં જેટલું હોય તેટલું જ આપે છે. કૃપા કે મહેર આપણી માંગણી પર ક્યારેય નિર્ભર ન હોઇ શકે. પ્રાર્થના કરવાથી, પ્રભુ માફ કરે અને ન કરવાથી સજા કરે એવું ન બને. પ્રાર્થના તો આપણને પ્રભુની કૃપાને કે તેના નિર્ણયને સમજવાની અને સ્વીકારવાની શક્તિ આપે છે. પ્રાર્થના દ્વારા, આપણી કાળજી લેવા બદલ પ્રભુ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવી જોઇએ. પ્રાર્થનાથી આપણું ભાગ્ય બદલાય કે ન બદલાય, આપણે આખા જ બદલાઇ જઇએ છીએ, આપણી Attitude બદલાઇ જાય છે.

પૂર્ણિમા બ્હેન :-

પ્રાર્થના એટલે આત્માનું પરમાત્માને નિવેદન-પ્રાર્થના પરમતત્વ સાથે સાયુજ્ય સાધી આપે છે અઢળક ઐશ્વર્ય ધરાવનાર, પરમાત્મા જીવને કેવળ દિગંબર રૂપે જન્મ આપે છે, એનું રહસ્ય શું ? દિગંબર રૂપે જન્મ થવો તે નિષ્પાપ, નિર્દોષતા, નિષ્કલંકતાનું પ્રતિક છે. જીવ જન્મ ધારણ કરે છે ત્યારે તેનામાં દુન્યવી કલુષિતતા હોતી નથી. સમગ્ર શૈશવકાળ નિર્દોષતામાં પસાર થાય છે. પરમતત્વને આપણે એટલું જ નિવેદન કરીએ કે, દુનિયાદારીની વચમાં રહીને પણ દુનિયાની સ્વાર્થી રીતરસમનો પ્રવેશ, આ દેહ, મન, આત્મા, પ્રાણ ને સમસ્ત અસ્તિત્વ કે વ્યક્તિત્વમાં ન થાય એવી મતિ આપજે અને કૃપા કરજે, કેવળ તને આધિન બનીને, શ્રધ્ધામય બનીને, તારા તત્વને, સત્વને, રૂપને, લીલાને ઓળખવાની-પામવાની મતિ અને શક્તિ દેજે. એટલું જ નહિ પૂર્વના અસત્ કર્મોની છાયાને વિદારવા મારામાં ગતિ પ્રેરજે. જીવનમાં સરળતાના સેતુ પર, નિર્દોષતાના મિનારાનું નિર્માણ કરી, લૌકિક અને પરલૌકિક યાત્રા સંપન્ન કરાવજે.

Scanned by CamScanner

સતિષભાઈ :-

પ્રાર્થનામાં વ્યક્તિ કંઇક લાભ માટે, કંઇક સંકોચ, કંઇક ડર, કંઇક ભય, અને કેટલીક આકાંક્ષાઓનો અનુભવ કરતો હોય છે. વ્યક્તિના પગ પ્રાર્થનામાં સ્થિર કે મુક્ત જે હોવા જોઇએ તેટલા નથી હોતા કારણ તેને સંશય હોય છે કે, પ્રભુ સાંભળશે કે નહિ. જે પૂર્ણ સત્ય છે, સર્વશક્તિમાન છે, અમાપ દયાળુ છે તેના અણુએ અણુમાંથી સત્યનો, શક્તિનો, દયાનો સ્ત્રોત સ્વાભાવિક રીતે જ વહેવાનો છે. શુરવીરનું શૌર્ય અદીઠ રહી ન શકે. દયા પરમાત્માનો સ્વભાવ છે. પ્રાર્થનાને કર્મકાંડમાં રૂપાંતરિત કરવાની આવશ્યકતા નથી. કેવળ 'અનુગ્રહ' પર્યાપ્ત છે. અનુગ્રહ તો મૌન યોગ છે. પ્રાર્થનાનું શબ્દ સ્વરૂપ, ભાષા સ્વરૂપ જડ છે. જડત્વ ચૈતન્ય નહીં અર્પી શકે. પ્રાર્થનામાં તમે પરમાત્માને પરાયો સમજી સામે ઉભો રાખો છો. તમારી વાતો સંભળાવો છે. પરાઇ વ્યક્તિ, તમારી વાતો પોતીકી બની સાંભળી લેશે ? પ્રાર્થના જ્યારે માંગણીનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તમે ભિક્ષુક બનો છો અને ભિક્ષુકવૃતિમાં પ્રાર્થના ક્યારેય સમાવિષ્ટ નથી હોતી. અમીરોના અમીર સમક્ષ અમીર બનીને વ્યવહાર કરવાથી તેનું ઔદાર્ય ઓર ખીલી ઉઠશે. તમારી પ્રાર્થનાને રાજયોગી - રાજવીયોગી બનાવો. પ્રાર્થના માટે તમારા પરમાત્માની કલ્પિતમૂર્તિ સુધી, મંદિરની મૂર્તિ સુધી કે મંદિર સુધી જવું આવશ્યક બનશે. રાજયોગીની આયખાની પળેપળ પ્રાર્થનામય છે. તેમની પાસે પ્રાર્થનામયતા જ બચી શકી છે. રાજયોગી મહાન છે કારણ રાજયોગીતા અતિ મહાન છે. માતા મહાન છે કારણ માતૃત્વ પરમપુર્ણ છે, પરમસત્ય છે, પરમશક્તિમાન છે. રાજયોગી, સ્વની રાજયોગિમાતામાં, 'એટઇઝ' છે, 'એટ રેસ્ટ' છે, 'સેલ્ફ રીલેક્સડ' છે, તેમનાં જીવનમાં ભાન, ભાવ, ભીતર આ ત્રણેય એક સાથે જ સ્થિતિમાં છે. "હસવું રાજયોગી તણું અમસ્તું નથી".

કમલભાઈ :-

પોતાની આત્મશુધ્ધિ માટે નિરંતર ઇશ્વરસ્તવન એટલે પ્રાર્થના. કલેશયુક્ત આત્માનો ગંભીર નાદ, જે ઇશ્વરના દરબારમાં સંભળાયા વગર રહેતો નથી. સંકટમય પીડાનું શુધ્ધ જ્ઞાન એજ પ્રાર્થના. જેને

Scanned by CamScanner

આપણે પરમતત્વ તરીકે ઓળખીએ છીએ. તેને પ્રાર્થનાની શી ગરજ હોય ? ઇશ્વરને સ્થુળચક્ષુથી જોઇ શકતાં નથી છતાંય સાક્ષાત્કારની ઇચ્છા ધરાવીએ છીએ. શબ્દો વિનાની હૃદયથી થતી પ્રાર્થના જેટલી સાર્થક છે. તેટલી જ હૃદય વિનાની શબ્દાડંબરવાળી પ્રાર્થના નિરર્થક છે. સામૂહિક પ્રાર્થના માનવીમાં કુટુંબ ભાવના, સંપ અને એકતા લાવે છે. જાગૃત અવસ્થામાં નમ્રતાપૂર્વક, ધ્યાનપૂર્વક, નિસ્વાર્થભાવે અહંકારનો સદંતર ત્યાગ કરી ઇશ્વરને શરણે જઇ કરેલી પ્રાર્થનાનો પ્રત્યુતર હંમેશા મળે છે. પ્રાર્થનાનું હૃદય શ્રધ્ધા છે અને શ્રધ્ધા સભર પ્રાર્થના વ્યર્થ જતી નથી. આપણે હંમેશા પ્રાર્થના કરીએ કે, હે પરમાત્મા રાખ સદા તવચરણે.

મહિડા સાહેબ :-

સર્વશક્તિમાન શક્તિને ભાષા-વાણી કે મૌન દ્વારા કરવામાં આવતી વિનંતિ-એ પ્રાર્થના છે. પ્રાર્થના સમર્થને કરાય- જેવી પ્રાર્થના તેવી મદદ. પ્રાર્થના એ તો મનોવ્યાપારિક પ્રક્રિયા છે. પ્રાર્થના સકામ અથવા નિષ્કામ હોઇ શકે છે. નિષ્કામ ભાવે કરેલી પ્રાર્થના શ્રેષ્ઠ છે. રાજયોગીજીએ કહ્યું છે કે, વર્તમાન કાળના વિષમ-વિપરીત વાતાવરણનાં શાંતિ-આત્મશાંતિ મેળવવા પ્રાર્થના સરળ, સચોટ અને સુંદર સાધન છે. પ્રાર્થના, ઉપાસનાને બળ આપનારૂં, વેગ આપનારૂં, આધ્યાત્મિક ઇશ્વરીય તત્વ છે. એટલું જ નહીં, ઇશ્વરીય પ્રેમને જાગૃત કરનારૂં પરલૌકિક તત્વ છે. પ્રાર્થના, વ્યક્તિનું ભાવ-જગત છે, પ્રેમ વિશ્વ છે. પ્રેમ અને ભાવના, શ્રધ્ધા અને શરણાગતિ વગરની પ્રાર્થના માત્ર સ્થૂલ ક્રિયા જ છે, જીવ અને શિવના અદ્વેત માટે પ્રાર્થના સેતૂ સમાન છે. પ્રાર્થના હૃદય રસાયણ, હૃદયનો નાદ ત્થા ભક્તિનો વિશ્વાસ અને ગરજની અરજ છે. મને અમુક વસ્તુ નહીં પણ બીજી વસ્તુ મળો એવી પ્રાર્થના ઇશ્વરને કદી કરો નહી. બધુ ઇશ્વર પર છોડી દો. પ્રાર્થના કરતી વખતે પોતાની જાતને છેતરો નહીં, ઇશ્વરને જૂઠી વાત કહો નહીં, પવિત્ર વિચારો સાથે ઇશ્વરને પ્રાર્થના કરો. ઇશ્વરને કહો કે, હું તારૂં રૂપ સમજી શકતો નથી, તારો આકાર જોઇ શકતો નથી. પણ મારી પર દયા કર અને મારી રક્ષા કર. દુનિયામાં ઇશ્વર સમાન તમારી ચિંતા કરનાર બીજો કોઇ છે જ નહી.

Scanned by CamScanner

કૌશલ :-

પ્રાર્થના એ આપણા અને પરમાત્મા વચ્ચેનું બંધન. સંસારમાં લોકો અનેક નામે ભગવાનને ભજે છે. પ્રાર્થના સવાર અને સાંજે બે વખત કરવી જોઇએ. સવારની પ્રાર્થના એટલા માટે કે રાત દરમ્યાન આપણી રક્ષા કરી અને સવારે એટલા માટે કે આપણા કામોમાં સફળ અને સુરક્ષિત રહીએ. સતત ૐ મા ૐ ના જાપ કરતા રહીએ તોં મુસીબતોમાંથી રસ્તો કાઢવાની શક્તિ આપે.

રાજેશ્વરી :-

પ્રાર્થના કરવાથી શાંતિ મળે છે. પ્રાર્થના માટે જરૂરી નથી કે, ભગવાનની મૂર્તિ કે ફોટો હોય, પ્રાર્થના માટે કોઇ સ્થાન નક્કી ન હોય. નિસ્વાર્થ સેવાથી અને દુઃખીઓના દિલના આંસુ લુછવાથી આપણા પર ભગવાનની કૃપા થાય છે.

રીટા બ્હેન :-

જેમ શરીરની સ્વચ્છતા માટે સ્નાનની જરૂર છે. તેમ આત્માની સ્વચ્છતા માટે પ્રાર્થનાની જરૂર છે. માયાજાળ રૂપી સાબુથી જ ધોઇ શકાય, મા-બાળ જેવી સહજતા પ્રભુ પાસે બેસતાં પહેલાં હોવી જોઇએ, પ્રભુ માટે એવો પ્રેમ હોવો જોઇએ કે, તેને તમોને પ્રેમ કરવો જ ઘટે.

પૂ. બ્હેનજી :-

(૧) પ્રાર્થના સૂલઝાવે સર્વ સમસ્યાઓ,
પૂર્ણ કરે સર્વ મનોરથો.

(૨) સિર્ફ ચિંતન કરો ચૈતન્યનું,
કશું ન માંગો 'સ્વ'નું.
ભરશે ઝોળી, ટળશે કષ્ટો,
મિટાવશે સંશયો, સંધાશે સાનિધ્ય.

(૩) પ્રાર્થના પહોંચાડવા સ્વજન બનવું પડે,
આત્મિયતા કેળવવી પડે.
અંતર નિર્મળ કરવું પડે,
પરમાત્મામાં એકાકાર થવું પડે.

(૪) પ્રાર્થનાની ભાષાને, શબ્દોના સાથિયાની જરૂરત નથી.

ભાવ ભળે, ભગવાન મળે, ભવભવની ભાવટ ભાંગે
ભક્ત ને ભગવાનનું ભવબંધન સરજાયે.

(૫) પ્રાર્થનામાં અશ્રુ સરે, આભારના શબ્દો સરે.
હાજરીનો અહેસાસ થાય, આશિષની અમીવર્ષા થાયે.

(૬) થોડી ક્ષણોના ચિંતનની આદત અહર્નિશ,
મન મરકટની તાસીર બદલાયે.
આધ્યાત્મિક સ્પંદનો અનુભવાયે,
મહામાનવ બની શકાયે.

(૭) પ્રાર્થના જો હોય સ્નેહી ને સમષ્ટિના શ્રેયની
સ્પંદનો પ્રસરાવે, ચિંતા કરાવે પરમતત્વને
શ્રેય અને પ્રેય સધાયે, શાંતિનો અનુભવ કરાવે.

પરમ પૂજ્ય ગુરૂદેવ :-

શ્રધ્ધા અને શરણાગતિથી, મા-બાળનો સંબંધ કેળવી, ખરા અંતઃકરણથી કરેલી પ્રાર્થના અવશ્ય પરમતત્વને સંભળાય છે. ને તેના અનુભવ રૂપે માનવીને તનમનની શાંતિનો અનુભવ થાય છે. સંસારમાં અનુકૂળતાઓ મળતી જાય છે.

સવારની પ્રાર્થના એટલે શ્રધ્ધા, અને સાંજની પ્રાર્થના એટલે શરણાગતિ. પ્રાર્થનાના બળે, માનવીના સ્વભાવમાં પરિવર્તન આવે, અંતઃ-કરણ પવિત્ર બને, જીવનમાંથી નિરાશા વિદાય થાય ને આશાનો સંચાર થાય. પ્રાર્થનાનો અર્થ, મારી દૃષ્ટિએ...

પ = પરમ તત્વ

થ = થડ

ના = નારાયણ

પરમતત્વનું થડ તમે પકડો, તો નારાયણતા અવશ્ય પ્રાપ્ત થશે.

ૐ મા ૐ

Scanned by CamScanner

- પ્રાર્થના - (પ્રશ્નોત્તરી)

(તા. ૨૬-૧૧-૯૫ ના રોજ શ્રધ્ધા કુટીરમાં થયેલ પ્રશ્નોત્તરી - પૂ. ગુરૂદેવના જવાબો તેમના પોતાના શાસ્ત્ર અને મંતવ્ય પર આધારિત)

પ્રશ્ન : ૧ અનુભવ એવો છે કે, વ્યક્તિગત પ્રાર્થના કરતાં સામૂહિક પ્રાર્થનાનું ફળ જલ્દી મળે છે તો આવું કેમ ?

જવાબ : પ્રાર્થનાનું ફળ તો શુધ્ધ હૃદયથી મળે છે. સામૂહિક પ્રાર્થનામાં બધાના વિચારો કયા હોય તે નક્કી થઇ શકતું નથી. બધાના વિચારો જૂદી દિશામાં હોય તો પ્રાર્થનામાં બળ ન હોય. વ્યક્તિગત રીતે પણ ખરા અંતઃકરણથી પ્રાર્થના કરો તો ફળ મળે જ.

પ્રશ્ન : ૨ પ્રાર્થનાના બળથી પ્રારબ્ધને બદલી શકાય ખરૂં ?

જવાબ : ઇશ્વરની કૃપા અને અમી દૃષ્ટિ થાય તો બધુ બદલી શકાય. તેના માટે પોતે તૈયાર થવું પડે.

પ્રશ્ન : ૩ પ્રાર્થના કેવી હોવી જોઇએ જેથી સાંસારિક કે આધ્યાત્મિક ઉન્નતિ થઇ શકે.

જવાબ : તમે જે કોઇ ઇષ્ટદેવને માનતા હો તેની સામે બેસીને નિર્મળ મનથી પ્રાર્થના કરો. મનને નિર્મળ બનાવતાં શીખો.

પ્રશ્ન : ૪ પ્રાર્થના અને મંત્રજાપમાં તફાવત શું ?

જવાબ : મંત્ર કરો એટલે સ્મરણ કરવું. પ્રાર્થના કરો એટલે વિનંતી કરો. ગુણગાન કરો તે.

પ્રશ્ન : ૫ મંત્ર, પ્રાર્થના બની શકે ?

જવાબ : ના, પ્રાર્થના જૂદી જ છે. પ્રાર્થના એટલે ભગવાનને યાદ કરીએ તે. આરતી એ પ્રાર્થના છે પણ મંત્રજાપને પ્રાર્થના ન ગણી શકાય. પ્રાર્થના અને મંત્ર જૂદા છે.

પ્રશ્ન : ૬ મંત્ર અને પ્રાર્થના એક થઇ શકે ?

જવાબ : બંને વચ્ચેની ભેદરેખા ખુબ પાતળી છે. મંત્રથી આધ્યાત્મિકતાનું યંત્ર ચાલુ થાય.

પ્રશ્ન : ૭ પ્રાર્થના અને મંત્ર બંનેમાં શ્રેષ્ઠ શું ?

Scanned by CamScanner

જવાબ : બંને શ્રેષ્ઠ છે.

પ્રશ્ન : ૮ અન્યને માટે પ્રાર્થના કરતાં હોઇએ તો અન્યના કર્મો પર પ્રાર્થનાની અસર થાય અથવા પ્રારબ્ધ બદલાય ?

જવાબ : હા થઇ શકે છે. પણ એનો આધાર પ્રાર્થનાની શક્તિ પર છે.

પ્રશ્ન : ૯ જો પરમાત્માને સ્વજન ગણતાં હોઇએ તો એને પ્રાર્થનાની શી જરૂર ?

જવાબ : આપણું અસ્તિત્વ ટકાવવા પ્રાર્થના જરૂરી છે. જેમ જીવન ટકાવવા જમવું જરૂરી છે. અન્ય ક્રિયાઓ જરૂરી છે એમ જીવનમાં પ્રાર્થના જરૂરી છે.

પ્રશ્ન : ૧૦ પ્રાર્થના, મોટે ભાગે ઘર, વર કે ભૌતિક માયા માટે જ થાય છે તો શું કરવું ?

જવાબ : આવું ન થવું જોઇએ પણ એજ થાય છે. આના માટે મનને કેળવવું પડે. મક્કમ બનવું પડે. નિષ્કામ ભાવથી પ્રાર્થના કરનારા કેટલા? માત્ર૨% માણસો આ ભાવ કેળવી શકે.

પ્રશ્ન : ૧૧ આપણે દૈનિક ઉપાસના દ્વારા પરમાત્માનું સાનિધ્ય કેળવીએ છીએ, નિકટતા કેળવીએ છીએ, પરમાત્મા આપણા સુખદુ:ખ જાણે છે તો પછી પ્રાર્થનાની જરૂર કયાં ?

જવાબ : ઉપાસના એ પ્રાર્થના નથી.

પ્રશ્ન : ૧૨ પ્રાર્થનામાં માંગણી સમાયેલી હોય છે. આધ્યાત્મિકતાના માર્ગે જવા માટે જે કાંઇ માંગીએ તે માંગ્યુ કહેવાય ?

જવાબ : આધ્યાત્મિકતાના માર્ગ માટે માંગવાનું જૂદું જ હોય. એ સાસાંરિક વિનંતિ ન હોય.

પ્રશ્ન : ૧૩ અમે આપને પ્રાર્થના કરીએ છીએ અને આપ હાજર થાવ છો તો પ્રાર્થના ફળી કહેવાયને ?

જવાબ : આ સંબંધમાં તમે સ્વીચ દાબો એટલે લાઇટ થાય જ.

પ્રશ્ન : ૧૪ અમે ભક્તો, તમને જાતજાતની પ્રાર્થના કરીએ છીએ,

Scanned by CamScanner

તો તમે અમારા વતી માતાજીને કેવી પ્રાર્થના કરો છો? યોગ્ય લાગે તો જ જવાબ આપશો.

જવાબ : આપની પ્રાર્થના માતાજી સાંભળતા જ હોય છે.

પ્રશ્ન : ૧૫ સેવા કરવી એ પ્રાર્થના કહેવાય ?

જવાબ : સેવા એ પ્રાર્થના નથી.

પ્રશ્ન : ૧૬ પ્રાર્થના કેવી કહેવાય અને કેવી રીતે કરવી ? અમને પ્રાર્થના કરાવો જે જીવનમાં ઉતારીએ.

જવાબ : પ્રાર્થનામાં બેસવું હોય તો ૫ થી ૧૦ મિનિટ ખુબ છે. મનને પવિત્ર બનાવો, પવિત્ર વિચારો કરો અને શાંતિથી, સહજતાથી જે કાંઇ રજૂ કરો તે પ્રાર્થના.

પ્રશ્ન : ૧૭ આપે અમને ખુબ નાનો પરમશક્તિ મંત્ર આપ્યો, ખુબ સરળ તેવું માનવતા વ્રત આપ્યું, હવે અમારી પ્રાર્થના છે કે,અમારા યોગ્ય નાની પ્રાર્થના પણ બનાવી આપો.

જવાબ : "મારૂં સમગ્ર અસ્તિત્વ, સમષ્ટિના શ્રેય અર્થે વાપરૂં એવી શક્તિ આપજે". આટલી જ પ્રાર્થના કરો, બધું આવી જશે.

પ્રશ્ન : ૧૮ મોટાભાગની પ્રાર્થના દ્વારા આપણે પ્રભુને ઇચ્છા જણાવીએ છીએ, કેટલીક પ્રાર્થના દ્વારા પ્રાયશ્ચિત કરીએ છીએ તો પ્રભુ સાથે ખુમારી અને આત્મવિશ્વાસ દર્શાવવાની પ્રક્રિયા કઇ ?

જવાબ : પરમતત્વ પાસે ખુમારી દર્શાવવી એ યોગ્ય નથી. અહીં ખુમારી એટલે અહમ્... પ્રભુ પાસે હંમેશાં મસ્તક ઝૂકાવીને જ ચાલો. પરંતુ પ્રભુ પ્રત્યે ભાવનાની કે હક્કની ખુમારી હોય, પ્રભુને આત્મીય ગણીને પ્રાર્થના કરતાં હો તો એને માટે પ્રાર્થના શક્તિ હોવી જોઈએ. જે છે શુધ્ધ હૃદય. પ્રભુ સાથે ગુસ્સો પણ કરી શકો પણ એમાંય પ્રેમ હોય જે સમગ્રને બદલી શકે.

પ્રશ્ન : ૧૯ સ્વાર્થ વગરની પ્રાર્થના હોઇ શકે ?

જવાબ : હોઇ શકે પણ આવી પ્રાર્થના કરનારા ખુબ ઓછા હોય છે.

Scanned by CamScanner

આજની પ્રશ્નોત્તરી દ્વારા પરમ પૂજ્ય ગુરૂદેવ પાસેથી આપણા સૌના કલ્યાણની, એક સુંદર પ્રાર્થના પ્રાપ્ત કરી શક્યા. જે આપણું સૌનું સૌભાગ્ય છે. પૂજ્યશ્રીના આશીર્વાદથી નિર્મળ મન અને હૃદયથી પ્રાર્થના કરતાં શીખી જઇએ એજ પ્રાર્થના.

ૐ મા ૐ

Scanned by CamScanner

- શાંતિ -

(તા. ૯-૧૨-૯૫ ના રોજ શ્રધ્ધા કુટીરમાં થયેલ જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો)

કૌશલ :-

શાંતિથી આપણું જીવન સુખમય અને આનંદમય બને છે. શાંતિ વિના જીવન પૂર્ણ નથી. શાંતિથી કાર્યમાં એકાગ્રતા મળે છે. શાંતિ હોય ત્યાં યુધ્ધ નથી. પુસ્તકાલયમાં શાંતિને લીધે વાંચનમાં એકાગ્રતા, મંદિરમાં શાંતિને લીધે પ્રાર્થનામાં અને કુટીરમાં શાંતિને લીધે માતાજીની પ્રસાદી મળે છે.

ભાવિન :-

મનની શાંતિ એ મુલ્યવાન છે. જ્યાં સુધી માણસ પોતાની જાતને નહીં સમજે ત્યાં સુધી શાંતિં પ્રાપ્ત નહિ થાય. જ્યારે માણસને સાચા કાર્યોનું મહત્ત્વ સમજાશે ત્યારે અંજપો દૂર થશે અને શાંતિનો અનુભવ થશે. ગુસ્સો અને અધીરતા જાય ત્યારે જ શાંતિ આવે.

રાજેશ્વરી :-

શાંતિ ક્યારેય રૂપિયાથી નથી મળતી. જેનું મન ક્રોધીલું હોય તેને શાંતિ નથી મળતી. કુટીરમાં ગુરૂદેવ અને માતાજી વચ્ચે બેસીને મને શાંતિ મળે છે.

હેમંતભાઈ :-

પરમતત્વ કોઇને પણ શાંતિ, જ્વલ્લેજ આપે છે. આધ્યાત્મિકતાના ક્ષેત્રમાં કોઇપણ અપેક્ષા વગર, અશાંતિ સર્જનારા દુઃખ દર્દને સ્વીકારી મનુષ્યને શાંતિ અર્પનારા આપણા રાજયોગી પૂજ્ય ગુરૂદેવ જેવા સંત થયા નથી અને થશે પણ નહિ. સદ્ભાવ અને સદ્બુધ્ધિથી જ મનની એકાગ્રતા કેળવાય. જેનાથી શાંતિ મળે. માનવતા વ્રત અને પૂજ્યશ્રીના આશીર્વાદ અને કૃપાથી સ્વર્ગ, અંતરિક્ષ, પૃથ્વી, જળ, વનસ્પતિ, ઔષધો, આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી આપણને શાંતિ મળે એજ પ્રાર્થના.

રમેશભાઈ :-

શાંતિ જોઇતી હોય તો વ્યવહારમાં મનને ન ફસાવશો, સતર્ક

Scanned by CamScanner

રહો, વાસનાના વમળમાં નૌકા ડૂબી ન જાય. દૈવીગુણો વધારો, કોઇની નિંદા ન કરો, વિષયોમાં સુખ નથી, અનિષ્ટ ચિંતન ન કરશો.

જસવંતભાઈ :-

માનવીને જે મળ્યું છે એમાં આત્મસંતોષ નથી અને તે મેળવવામાં જ શાંતિ હણાઈ જાય છે. રોડ પરના વાહનવ્યવહારોનો ધર્મ છે કે અથડાશો તો મરી જશો, અથડાવવામાં જોખમ છે. આપણે માનવ-માનવ વચ્ચે અથડાઇને અશાંતિ ઉભી ન કરીએ. શાંતિ પ્રાપ્ત કરવાના -૩૮- નિયમો બતાવીને, માનવતા વ્રત દ્વારા માનવ-માનવ વચ્ચે પ્રેમ ભર્યા વાતાવરણ સર્જવાની હિમાયત કરી.

સુકુમાર :-

શાંતિ બે પ્રકારની. બાહ્ય અને આંતરિક. બહારના વાતાવરણની આપણા મન પર જરૂર અસર થાય છે પરંતુ બહારનું વાતાવરણ શાંત હોય તો આંતરિક શાંતિ જળવાઇ રહે તેવું નથી. આંતરિક શાંતિ આપણે જાતે નિર્માણ કરવાની છે. આપણું ભય ગ્રસ્ત ચિત્ત આપણામાં અશાંતિ સર્જે છે. ભયના કાલ્પનિક વિચારો જ શાંતિ કે અશાંતિ સર્જે છે. જેટલા વિચારો વધારે તેટલી શાંતિ ઓછી. જીવનમાં ક્યારેય સંપૂર્ણ શાંતિ હોતી નથી. સંપૂર્ણ શાંતિ એટલે વિચાર શૂન્યતા અથવા મૃત્યુ. આવી પરમ શાંતિ આપણે નથી જોઇતી. હંમેશા આપણે પ્રભુની રચનાત્મક પ્રાર્થના કરતા રહીએ જેથી વિચાર શૂન્યતા નહીં પણ રચનાત્મક વિચારો સ્ફૂરે જે મન પુલકીત કરે.

મનિષભાઈ :-

આત્માને શાંતિ મળે તેવા તપનું આચરણ એટલે શાંતિ. શાંતિનો અનુભવ આત્માથી થાય. આત્મા-પરમાત્માનું મિલન એટલે શાંતિની ગ્રાહયતા. ગુરૂદેવની આજ્ઞાનું પાલન, ધર્મનું આચરણ, સત્‌કાર્ય અને સદ્‌સેવાથી અલૌકિક શાંતિ મળે. આત્મસંતોષ થાય તેવા કાર્યો કરવાથી હૃદયમાં ઉદ્‌ભવતો રોમાંચ એટલે શાંતિ. સંતોષ એ શાંતિનો અનુગામી છે. સંતોષ હશે તો જ શાંતિ મળશે. મનને જેટલું કેળવો તેટલી શાંતિ મળે. પ્રતિકુળ સંજોગો ઇશ્વર નિર્મિત

Scanned by CamScanner

ઇચ્છાથી જ થયા છે એનો શ્રધ્ધા અને શરણાગતિથી સ્વીકાર કરો.

ભરતભાઈ :-

પાટોત્સવ પ્રસંગે યોગાનુયોગ શાંતિ પ્રસાદ સહુને મળી રહ્યો છે. શાંતિના કેટલાય સ્વરૂપ. નિરવ શાંતિ, માનસિક શાંતિ, શારીરિક શાંતિ, ગૃહ શાંતિ, આત્મ શાંતિ, શાશ્વત શાંતિ, દિવ્ય શાંતિ અને પરમ શાંતિ. શ્રધ્ધા અને શરણાગતિ આપણને શાંતિના સામ્રાજ્યમાં પ્રવેશ આપે છે. અમોને સર્વ દિશાઓથી સારા વિચારો પ્રાપ્ત થાવ એજ શાંતિ પ્રાર્થના છે. પૂજ્ય ગુરૂદેવની આજ્ઞાનું પાલન એજ પરમ શાંતિ છે. શાંતિનો વ્યાપ વધતો જાય, સાંસારિક વિપત્તિઓ દૂર થતી જાય અને પૂજ્યશ્રીનાં ચરણોમાં પરમ શાંતિ પામી શકીએ એજ પ્રાર્થના.

ધર્મેન્દ્રભાઈ :-

નદિયાઁ સાગર મેં બહતી હૈ, સાગર જાતા હૈ મહાસાગર મેં. લેકીન યહાં મા ગાયત્રી કી ગંગા ઉલ્ટી બહતી હૈ. મહાસાગર સે ગુરૂદેવ રૂપી સાગર મેં આકર હમ નદિયોં મેં બહતી હૈ. ઉલ્ટા સામ્રાજ્ય. દિન મેં કરોગે યાદ. દિન = નદી બહતી રહેગી. રાત મેં કરોગે યાદ. રાત = તર જાઓગે. ઔર કભી ભી યાદ કરોગે. યાદ = દયા મિલતી રહેગી. પૂજ્યશ્રી રાજા રામચંદ્રજી ઔર કૃષ્ણજી કી બાતેં કરતે હૈ, કૃષ્ણ યોગી હૈ. ગુરૂદેવ રામચંદ્રકી તરહ રાજા ઔર કૃષ્ણકી તરહ યોગી હૈ ઇસલિયે રાજયોગી હૈ ઔર નરનારાયણ ઇન્દ્રદેવ હૈ ઇસલિયે નરેન્દ્ર હૈ. આપ પૂર્ણ હૈ.

ભાવના બ્હેન :-

ભગવાને કેવો સરસ શબ્દ આપ્યો છે શાંતિ. પણ આપણને તેનો ઉપયોગ નથી આવડ્યો. શાં = શરણમાં. તિ = તૃપ્તિ. ભગવાનનાં શરણમાં જઇ તૃપ્તિ મળે તેનું નામ શાંતિ. શાંતિ માનસિક હોવી જોઇએ. જીવનની શરૂઆત શાંતિથી જ થાય છે પણ આપણે અશાંતિ માનીએ છીએ. એક સાધુની વાર્તા દ્વારા કહ્યું કે, સૌથી પહેલું કામ તો અંતરના પાત્રને સાફ કરવાનું છે. જેમાં જ્યાં સુધી લોભ, મોહ, ઘૃણા, કામ ક્રોધ ભર્યા હશે ત્યાં સુધી શાંતિ નહીં મળે. અંતરનું

Scanned by CamScanner

દર્પણ સાફ કરીએ તોજ પરમાત્માનું પ્રતિબિંબ આપણને શાંતિમાં દેખાશે. આપણે રાજયોગીજીની કૃપાથી જિંદગીને સરળ માર્ગે શાંતિથી અપનાવીએ.

રીટા બ્હેન :-

શાંતિ એ આત્માનો નિજી ગુણ છે, આત્મા ખુદ પોતે જ શાંતિના સાગરપિતાની સંતાન શાંત સ્વરૂપ છે. આપણે નિજી ગુણ શોધ્યા વગર અહીં તહીં ફાંફા મારીએ છીએ, જે કળિયુગી દુનિયામાં શાંતિ આપણને કયાંય નહીં મળે. શાંતિ પ્રાપ્ત કરવા આપણે પરમાત્માની યાદમાં તપવું પડે. જેથી કામ, ક્રોધ, લોભ, મોહ જેવા વિકારો તેના તાપથી તપીને દૂર થાય.

સ્નેહા બ્હેન :-

શાંતિ એટલે આપણા મનની માનસિક સમતુલા. આજે માનસિક તણાવનો રોગ સામાન્ય થઇ ગયો છે. જે અશાંતિ સૂચવે છે. તમે તમારા ચિત્તને આદેશ આપો. Don't be upset, calm down તો તમારી વ્યાકુળતા ઓછી થઇ જશે અને સ્વસ્થચિત્તે રહેવા શક્તિમાન બનશો. અને તો આવેશમાં વેડફાતી શક્તિઓ, શરીરમાં ઉદ્‌ભવતી વ્યાધિઓ જેવી કે હાયપર ટેન્શન, B. P. વગેરેમાંથી છૂટકારો મેળવશો. મનના ઉદ્‌વેગ વખતે યોગ્ય માર્ગ કાઢવાનો વિચાર માત્ર પ્રસન્નતાથી જ આવે. અશાંત થઇ જવાથી વાસ્તવિક પરિસ્થિતિમાં કાંઇ ફેર પડતો નથી. જીવનને ઉલ્લાસ અને પ્રસન્નતાથી ભરી દો.

સતીષભાઈ :-

ઇટાલીના સરમુખત્યાર મુસોલિનીએ બીજા વિશ્વયુધ્ધ વખતે રાષ્ટ્રજોગું સૂત્ર આપેલું કે "War is to man, what maternity is to woman. If you want peace, you must have a war" એક વ્યાપારીની શાંતિ, રોજ સાંજે ધારેલી સિલક મેળવી લેવામાં, સંસારીની શાંતિ પુત્રેષણા, ધરેષણા, અને વિત્તેષણામાં પર્યાપ્ત થાય છે. પ્રત્યેક ક્ષેત્રે ભલે પરિધ બદલાયા કરે છે પરંતુ કેન્દ્ર તો સ્થિર જ રહે છે. યોગીઓ અને ગીતા, બંનેના મત અનુસાર. ઇચ્છા-એષણાનું

Scanned by CamScanner

ક્ષીણ થવું એટલે શાંતિ. જેટલા પ્રમાણમાં કામનાઓ ઘટતી રહે તેટલા પ્રમાણમાં શાંતચિત્ત પ્રકૃતિ આવતી જાય છે. એક શ્રમજીવી મજૂર કે ભિખારી શાંતિનો અનુભવ કરતો હોય છે ત્યારે આરામદાયક મારૂતિમાં બેસનાર અજંપાની હેન્ડબેગ સાથે લઇને જ બેઠો હોય છે. જીવનનો આ વિરોધાભાસ છે. શાંતિમાં અશાંતિ કે અશાંતિમાં શાંતિ. વિજ્ઞાન સ્થૂળ શાંતિ, પદાર્થ શાંતિ અર્પવા રોજરોજ પ્રતિબધ્ધ રહ્યું છે. પણ તે માનવ મન, માનવ અંતર કળી શક્યું નથી તે આશ્ચર્ય છે. જગતના નાના મોટાં સઘળાં ધર્મોએ શાંતિની હિમાયત કરી છે, શાંતિ પાઠો રચેલાં છે, હિન્દુ ધર્મપ્રવાહે તો હરેક સૂત્ર પર શાંતિ કવચ પહેરાવ્યું છે. છતાંય શાંતિની શોધ, શાંતિ માટેની વિધિ, શાંતિ વડે સાધનાની ખેવના હજુ ચાલુ જ રહી છે અને રહેશે. શાંતિના સાચા અર્થ અને અનુભવ દૂર દૂર જતા જાય છે, અને માનવી શાંતિના પડછાયાથી આનંદ લીધા કરે છે. રાજયોગીની 'જીવનશાંતિ' ની સમજૂતિ ઘણી અર્થ સભર છે, મહત્વપૂર્ણ છે. જ્યારે પણ ખેવના થાય, મહત્વકાંક્ષા ઉદ્ભવે, મેળવવાની ભાવના જાગૃત થાય, કર્મ કરવાની આકાંક્ષા થાય ત્યારે તેની ક્રિયા પહેલાં જ તેની સાથે 'પરમશક્તિ મંત્ર' જોડી દ્યો. પછી ભલે કર્મ કરો. શાંતિ અને સુખ માટેના પરિશ્રમનું ફળ સુયોગ્ય હશે. જિંદગીનો આખરી ઉત્સવ. મૃત્યુ તો તમને શાંતિમાં ભેળવી દેવાનો જ છે પરંતુ તે પહેલાં પણ જીવતરમાં તમે શાંતિને પ્રાપ્ત થાવ, સમર્પિત થાવ, ભાવોભિતરી થાવ એક શબ્દમાં શરણાગતિને અંતર્ગત થાવ.

પૂ. બ્હેનજી :-

(૧) જો ભીતરમાં ભાસે શાંતિ, તો સમષ્ટિમાં વરતાયે શાંતિ.

(૨) આત્મ શક્તિનો છે જ્યાં આવાસ,
આત્મ શાંતિનો છે જ્યાં વાસ.
શાંતિ-શક્તિનું જો થાયે મિલન,
શિવ-શક્તિનું પામી શકાય અવલંબન.

(૩) ન મળે શાંતિ, લક્ષ્મીની રેલમછેલમાં,
ન મળે શાંતિ, હિમાલય તણા શિખરે.

Scanned by CamScanner

ન મળે શાંતિ, ગિરી કંદરાઓમાં,
 ન મળે શાંતિ, એકાંતવાસમાં.
મળે શાંતિ, જો હોય પવિત્રતા મન-વચન-કર્મ તણી,
 મળે શાંતિ, જો હોય ઐકયતા વાણી-વર્તન-વ્યવહાર તણી.
મળે શાંતિ, જો હોય સંતોષ જીવનમાં.
 મળે શાંતિ, જો હોય ગેરહાજરી ષડ્‌રિપૂઓ તણી.
મળે શાંતિ, જો હોય પરમનું સાનિધ્ય સર્વદા.

(૪) શાંતિ સ્થાપવા સ્વયમ્ શાન્ત થાવું પડે.
શાંતિ આપવા સ્વયમ્ શાન સુધારવી પડે.
શાંતિ પામવા સ્વયમ્ સમજ કેળવવી પડે.
શાંતિ પ્રસરાવવા સ્વયમ્ શહીદ થાવું પડે.
 ત્યાગ અને સેવાનો ભેખ ધારણ કરવો પડે.

Scanned by CamScanner

પૂજ્ય ગુરૂદેવ :-

"આંતર બાહ્ય કરો એક,
સમતોલ રાખો પરમને અને સંસારને.
તન, મન આનંદિત થાશે,
અનુભવશો શાંતિ, શાંતિ, શાંતિ..."

શાંતિ માટે તમારે બહાર જવાનું નથી અથવા તો શાંતિ બહાર વેચાતી મળતી નથી. શાંતિ માટે તમારે અંદર ને બહાર એક જ જાતનો વાણી, વર્તન અને વ્યવહાર કરવાનો, પરમતત્વને અને સંસારને સમતોલ રાખો. સંસારમાં રહી કાર્ય કરો પરંતુ ધ્યાન પરમતત્વમાં આપશો, તમને તન અને મનની શાંતિ મળશે. મનની શાંતિ એટલે અંદરથી આવતો આનંદ. તનની શાંતિ એટલે જેમકે ઉનાળામાં એક ઠંડી લહર આવીને, આપણા તનને સ્પર્શીને તમને આનંદ આપી જાય છે તેવી શાંતિનો કાયમ માટેનો અનુભવ, શાંતિ મેળવવા ને રાખવા માટે આપણે પોતે જ પ્રયત્ન કરવો જોઇએ ને તે મુજબ જ પોતાનો સ્વભાવ ઘડવો જોઇએ. ક્ષણિક શાંતિ થાય, પરંતુ તે શાશ્વત રહે તેવો પ્રયત્ન કરવો જરૂરી છે.

શાંતિનો અર્થ મારી દ્રષ્ટિએ.

શ = શર્કરા એટલે ખાંડ
ન = નમવું - નમન કરવું
ત = તરી જવું

ખાંડ જેવા મીઠા મધ બનીને નમતા રહો તો સંસાર સાગર તરી જાશો.

ૐ મા ૐ

Scanned by CamScanner

- શાંતિ - પ્રશ્નોત્તરી

(તા. ૧૦-૧૨-૯૫ ના રોજ શ્રધ્ધા કુટીરમાં થયેલ પ્રશ્નોત્તરી - પૂ. ગુરૂદેવના જવાબો તેમના પોતાના શાસ્ત્ર અને મંતવ્ય પર આધારિત)

પ્રશ્ન : ૧ આપે શાંતિના વક્તવ્યમાં કહ્યું કે, પરમતત્વ અને સંસારને સમતોલનમાં રાખો- તો કેવી રીતે કરવું ?

જવાબ : જે રીતે સંસારમાં રચ્યાપચ્યા રહો છો તેવી રીતે પરમતત્વ માટે પણ રચ્યાપચ્યા રહો. પરમતત્વના પલ્લામાં ભક્તિરૂપી વજન મૂકો અને સંસારમાં વ્યવહાર રૂપી. બંને વચ્ચે સમતોલન કરો.

પ્રશ્ન : ૨ સંસારમાં અને ભક્તિમાં સરખો સમય આપવો ?

જવાબ : એવું મારૂં કહેવાનુ નથી પણ -૨૪- કલાકમાંથી પ્રભુ માટે સમય તો ફાળવવો જ જોઇએ. માત્ર દુ:ખ પડે ત્યારે જ સમય મળે એ બરાબર નથી.

પ્રશ્ન : ૩ પ્રભુની ઉપાસના માટે સમય અને સ્થળ એક જ હોવાં જોઇએ ?

જવાબ : ઉપાસના માટે ગમે તે સમય સ્થળ ચાલે પણ અનુષ્ઠાન કરતાં હો તો સમય અને સ્થળ સાચવો.

પ્રશ્ન : ૪ મનુષ્યની માનસિક સ્થિતિ ખરાબ થાય ત્યારે એમાંથી જલ્દી બહાર નીકળી જવું જોઇએ. અમેરીકન સાઇકીએટ્રીક એસોસીએશનના એક મેન્યુઅલમાં સર્વે પરથી જણાવે છે કે, આ માટે ઓછામાં ઓછો બે અઠવાડીયા સમય લાગે- ત્યાં સુધી શારીરિક અસર પણ થઇ જાય- ભૂખ વધે- વજન ઘટે વગેરે. તો આ પરિસ્થિતિમાં જલ્દી બહાર નીકળવા શું કરવું ?

જવાબ : મંત્રજાપ કરે તો શાંતિ મળે અથવા કોઇક સંતને શરણે જાવ સંતની કૃપાથી પણ જલ્દી શાંતિ મળી શકે- પરમતત્વને શરણે જાવ.

પ્રશ્ન : ૫ ગમે તે સંજોગોમાં **Adjust** થવાય તો શાંતિ મળે-

Scanned by CamScanner

પુષ્પોની (સંજોગોના) માળા બનાવવાની કળા આવડી જાય તો શાંતિ પ્રાપ્ત થાય તો આ કળા કેવી રીતે આવે ?

જવાબ : મનને અને સ્વભાવને કેળવવો પડે. આ ખુબ અઘરૂં છે. કેટલાક ના પગ સુધી પાણી આવે તો હાલેય નહીં, પગ ઉંચો કરીને પાણી જવા દે અને કેટલાક પાણી દસ ફૂટ દૂર હોય તો પણ ઉભા જાય. મતલબ સ્વભાવ કેળવો. આવનારી પરિસ્થિતિ માટે અત્યારથી અશાંત ન થાવ.

પ્રશ્ન : ૬ **કોઇ પૂછે કે કેમ છો ? તો કહે શાંતિ છે ? વાસ્તવમાં શાંતિ છે કે નહીં તે જાણવાનો ઉપાય ?**

જવાબ : પોતાની કે પારકાની ? પોતાની શાંતિ પારખવા આત્મનિરીક્ષણ કરો. અને પારકાની શાંતિ તપાસવા મુખાકૃતિના અભ્યાસની આવડત કેળવો. પણ જરૂર ન હોય તો પારકાની આવી તપાસ કરવાની ટેવ ન પાડવી.

પ્રશ્ન : ૭ **આપણને સારા કે નરસા 'મૂડ' નો અનુભવ થાય છે. નરસા મૂડને આધ્યાત્મિકતાથી દૂર કરી શકાતો હોય તો કયા પ્રકારની આધ્યાત્મિકતા આચરવી ?**

જવાબ : પ્રભુનું નામ સ્મરણ ચાલુ કરી દો. બસ પાંચ જ મિનિટમાં મૂડ બદલાઇ જશે.

પ્રશ્ન : ૮ **આજકાલ લોકો શાંતિ મેળવવાં દારૂ તથા નશીલી ચીજોનું સેવન કરે છે. આ મનોવિકાર સુધારવા સરળ આધ્યાત્મિક ઉપચાર બતાવો.**

જવાબ : નશીલી ચીજોથી શાંતિ મળતી નથી. આ તો નેગેટીવ રસ્તો છે. તે તન, મન, ધન બધું પાયમાલ કરે. આવી વ્યક્તિને કોઇ પ્રક્રિયા સુધારી ન શકે, હા, કોઇ સાચો સંત જ આવી વ્યક્તિને સુધારી શકે.

પ્રશ્ન : ૯ **તો આવી વ્યક્તિને સુધારવા માટે તેના હિતેચ્છુઓએ શું કરવું ?**

Scanned by CamScanner

જવાબ : ઇષ્ટનું શરણું લેવું ત્યા કોઇક સંત સુધી આવી વ્યક્તિને સમજાવીને લઇ જવી. પછી સંત પર છોડી દ્યો. આવી વ્યક્તિ જો સુધરી જાય તો અનેકોને સુધારી દેશે.

પ્રશ્ન : ૧૦ સામાન્ય માણસ તકલીફ વખતે પ્રભુ સ્મરણ કરે છે છતાંય તકલીફના વિચારો જતાં નથી તો શું કરવું ?

જવાબ : નામ સ્મરણ કરો- એને જરાય છોડશો નહિં. તકલીફના વિચારો આપોઆપ જશે પણ પૂર્ણ શ્રધ્ધાથી નામ સ્મરણ કરજો.

પ્રશ્ન : ૧૧ આપ કહો છો કે, મંત્ર જાપથી શાંતિ મળે છે તો આ શાંતિની પ્રક્રિયા સમજાવો.

જવાબ : મંત્ર જાપ કરો ત્યારે તમારા શરીરમાં ચોક્કસ સ્થાનો પરથી તરંગો પેદા થાય અને આ તરંગોથી ઉર્જા (ઇલેકટ્રીસીટી) પેદા થાય. વળી જ્યારે પરમતત્વની સામે ધ્યાન ધરો ત્યારે આંદોલનો પેદા થાય અને આ આંદોલનો તમારા મગજ દ્વારા ઝીલાય જેથી શાંતિ પ્રાપ્ત થતી જાય.

પ્રશ્ન : ૧૨ ઇન્સ્ટન્ટ શાંતિ મળે તેવો સરળ ઉપાય કહો.

જવાબ : અંતરના પ્રેમથી, સાચી શ્રધ્ધાથી નામ સ્મરણ.

પ્રશ્ન : ૧૩ નિયમિત રૂપે કરાતી ઉપાસનામાં વિઘ્ન આવે ત્યારે મન બેચેન બને અથવા અશાંત થાય ત્યારે શું કરવું ?

જવાબ : આ આધ્યાત્મિક અશાંતિ ગણાય. આને વિઘ્ન ન ગણવું. એને પ્રભુ કૃપા ગણવી પણ આ સ્વીકારવા માટે પહેલાં મનને કેળવો. આવા વિચારોથી દૂર રહો.

પ્રશ્ન : ૧૪ એવું કહેવાય છે કે, માનસિક શાંતિ એટલે 'Adjust everywhere'- સારાં કાર્યો કરતાં હોઇએ અને ટીકાઓ થાય, અથવા આપણને ઉદ્‌વેગ કરાવે તેવું વર્તન જોવા મળે ત્યારે શાંતિ રાખવી કે Adjust થવું શક્ય નથી લાગતું. તો શું કરવું ?

જવાબ : સારૂં કાર્ય કરતાં હો તો સમાજ, સંસાર કે દુનિયા તેને

Scanned by CamScanner

સારું કહેશે નહીં. ખુબ વિઘ્નો આવે. આવા સમયે પ્રભુ સ્મરણ સાથે સહનશક્તિ કેળવો. તમે ફરી તપાસો કે મારૂં કાર્ય સારૂં અને સાચું તો છે જ ને ? પછી ગભરાવ નહીં. પ્રભુકૃપા તમારી સાથે રહેશે.

પ્રશ્ન : ૧૫ શાંતિને ભૂમિ સાથે કે વાતાવરણ સાથે સંબંધ છે ?

જવાબ : હું માનતો નથી. મનની એકાગ્રતા હોય તો કયાંય પણ ફરક ન પડે.

પ્રશ્ન : ૧૬ કેટલાક સ્થળોનો ધાર્મિક કાર્યો માટે સ્વીકાર થતો નથી કેમકે ભૂમિમાં ઉદ્‌વેગ છે એમ કહેવાય છે તો આવું બને ?

જવાબ : ભૂમિ તો માતા છે. હું આમાં માનતો નથી ને મને અનુભવ નથી પણ આવી ભૂમિ પર હું આવવા તૈયાર છું. હું તો ભૂતના ઘરમાં જવા પણ તૈયાર છું.

પ્રશ્ન : ૧૭ કોઇક વ્યક્તિને તેનો અતિ ઉદ્‌વેગ દૂર કરવા લાફો મારવામાં આવે છે તો આવા પ્રહારથી શાંતિ મળી શકે.

જવાબ : મને અનુભવ નથી તેમજ આ પ્રક્રિયાનો હું ઉપયોગ પણ કરતો નથી. પણ સંવેદનશીલતા તૂટી જાય અને સ્વસ્થતા પ્રાપ્ત થાય. એવું બને. ગાંડાઓને અપાતી Shock treatment પણ આનો જ ભાગ હોઇ શકે.

પ્રશ્ન : ૧૮ ઘણીવાર આકસ્મિક પરિસ્થિતિમાં, જેમ કે અચાનક મૃત્યુ, અકસ્માત, ચોરી, વિયોગ વગેરેમાં માનસિક આઘાત લાગે છે. કોઇક સંવેદનશીલ વ્યક્તિ ગાંડી થઇ જાય અથવા આત્મહત્યા કરી બેસે, ત્યારે માનસિક સમતુલા જળવાઇ રહે એવી કોઇક પ્રક્રિયા બતાવો. અલબત આવા સમયે તમને પણ યાદ નથી કરી શકતા.

જવાબ : ઇષ્ટનું સ્મરણ. સ્મરણ થઇ જાય તો બચી જવાય. માટે જ ઇશ્વર સ્મરણ ક્યારેય ન ભુલો. આદત પાડો કે દરેક

Scanned by CamScanner

પરિસ્થિતિમાં પ્રભુ યાદ આવી જ જાય.

પ્રશ્ન : ૧૯ જીવનમાં સ્નાતક બનવા સુધી ત્રિમાસિક, છ માસિક કે વાર્ષિક અનેક પરીક્ષાઓ આવે. આધ્યાત્મ જીવનમાં શાંતિના શિખર સુધી પહોંચવા માટેની પરીક્ષાઓ કઇ કઇ ?

જવાબ : પહેલું પગથિયું - અહમ્‌નો ત્યાગ.
બીજું પગથિયું - સંતોષ.
ત્રીજું પગથિયું - સહનશક્તિ.
ચોથું પગથિયું - બીજાને મદદ કરવાની ભાવના.
(નવ સિધ્ધાંતોનો અમલ) એકે એક પગથિયું શ્રધ્ધા અને શરણાગતિથી ચઢતા જાવ.

પ્રશ્ન : ૨૦ આપણે બીજાને કઇ રીતે શાંતિ આપી શકીએ ?

જવાબ : આપણે કોઇનું અહિત ન કરીએ અથવા કોઇની લાગણી દુભાય તેવું કોઇપણ કાર્ય ન કરીએ. એટલી કાળજી રાખીએ.

પ્રશ્ન : ૨૧ ક્યારેક સંજોગોને આધીન તમારા સુધી ન અવાય ત્યારે એમ લાગ્યા કરે છે કે, કદાચ્ ગુરૂકૃપા ઓછી હશે એટલે જ ત્યાં સુધી જવાતું નથી. આ સમયે મન વિહવળ બની જાય છે. તો શું કરવું ?

જવાબ : તમારી પરિસ્થિતિ તમને રોકે છે. હું તો કોઇનેય રોકતો નથી. કોઇને પણ રોકવાનું મારૂં કાર્ય નથી. ગમે ત્યાં રહીને સ્મરણ કરો, પણ નિરાશ ન થશો. હિંમત ન હારશો.

પ્રશ્ન : ૨૨ ક્યારેક એવો અનુભવ થાય કે આજુબાજુ બધું જ શાંત છે. કોઇ અવાજ નથી અને બધાને જ આવો અનુભવ થાય તો એને નીરવ શાંતિ ગણાય ? આવું બને ?

જવાબ : વ્યક્તિગત આવો અનુભવ શક્ય છે પણ સમૂહને આવો અનુભવ થાય તો એ શું હશે તે વિચારવું પડે.

Scanned by CamScanner

પ્રશ્ન : ૨૩ દૈવી શરણાગતિ, આધ્યાત્મ શરણાગતિ અને સંપૂર્ણ શરણાગતિમાં પાછા પડીએ તો શું કરવું ?

જવાબ : બ્રેક વાગ્યા પછી ગાડીને જોરથી ઉપાડવી પડે તેમ પાછા પડ્યા હો એવું લાગે તો બમણા જોરથી નામ સ્મરણ શરૂ કરી દો. વધારે નામ સ્મરણ કરો.

પ્રશ્ન : ૨૪ પરમતત્વ કેવી શાંતિ ઝંખે છે ?

જવાબ : પરમતત્વને તો શાંતિ છે જ પણ આપણે કર્મો પ્રમાણે શાંતિ મેળવીએ છે. કર્મના ફળથી શાંતિ કે અશાંતિ મળ્યા કરે. પરમતત્વને આપણે શું શાંતિ આપી શકીએ ?

પ્રશ્ન : ૨૫ શાંતિ એટલે શું ? ખલેલ રહિત કે ખુશનુમા ?

જવાબ : આનંદમય સ્થિતિ.

પ્રશ્ન : ૨૬ કોઇકના મૃત્યુ વખતે લખીએ છીએ કે પ્રભુ સદ્‌ગતના આત્માને ચિરશાંતિ આપે. તો આ ચિરશાંતિ એટલે શું ?

જવાબ : હું તો આવા કોઇ લખાણમાં માનતો નથી કારણ આ તો પ્રથા થઇ. ખરેખર તો આવા લખાણથી કોઇનેય શાંતિ મળતી નથી. એને તો કર્મના ફળનું પરિણામ જ મળે.

પ્રશ્ન : ૨૭ તો કોઇકના મૃત્યુ વખતે કેવું લખાણ લખવાનું આપ સૂચવો છો ?

જવાબ : પ્રભુ તારા શરણમાં લેજે.

પ્રશ્ન : ૨૮ મૃત્યુ પછી પળાતું મૌન કે પ્રાર્થના એને પહોંચે છે ?

જવાબ : માતાજીને પુછવું પડે. હું નથી માનતો કે, મૃત્યુ પછી પ્રાર્થનાની અસર થતી હોય.

સદાય શાંતિ ચિત્ત પૂજ્ય શ્રી ગુરૂદેવે આજની પ્રશ્નોત્તરીમાં શાંતિ પ્રાપ્ત કરવાના કેટલાય સુંદર રસ્તાઓ દર્શાવ્યા. દુનિયાના દુ:ખો લઇને પણ સતત પ્રસન્ન અને શાંત રહેતા ગુરૂદેવની અસ્મિતાને શત શત વંદન. કાશ ! આપણે આપણા. દુ:ખો સાથે પ્રસન્ન રહેવાની પ્રક્રિયા કેળવી શકીએ એવા આશીર્વાદની પૂજ્ય ગુરૂદેવને યાચના.

ૐ મા ૐ

Scanned by CamScanner

- સત્સંગ -

(તા. ૧૬-૬-૯૬ ના રોજ શ્રધ્ધાકુટીરમાં યોજાયેલી જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો)

ભાવિન :-

એક ચોરની વાર્તા કરીને કહ્યું કે, સત્સંગની બરોબરી ગંગા કે જમના જેવી પવિત્ર નદીઓ પણ કરી શકે તેમ નથી. એટલું જ નહિ પણ તીર્થસ્થાનો પણ એની બરોબરી કરી શકે તેમ નથી. કળિયુગમાં મોટામાં મોટું તીર્થ સત્સંગ છે.

રૂપલ :- (બાળકી)

સત્સંગ એટલે સારો સંગ. ખરાબ છોકરા સાથે રમવુ નહિ.

કૌશલ :-

સત્સંગ એટલે સત્યનો, સાચાનો સાથ. સત્સંગથી આપણને શાંતિ મળે. સત્સંગથી અપાર આનંદ મળે. સત્સંગના વિચારો ધ્યાનમાં લેવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.

રાજેશ્વરી :-

ખરાબ સંગમાં આપણને ખોટા ગુણો પ્રાપ્ત થાય. એક ખરાબ કેરી આખા ટોપલાની કેરીઓ બગાડે છે.

રીટાબ્હેન :-

સત્સંગ એટલે પ્રભુનો સંગ. આત્માની તંદુરસ્તી માટે સત્સંગ જરૂરી છે. સત્સંગ એ આત્માનો ખોરાક છે. સત્સંગ રૂપી ટોનિકથી કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, આળસ વગેરે મનની બિમારીઓને નિયંત્રણમા લાવી શકાય છે. આત્માને લાગુ પડે છે.

મનીષભાઈ :-

સાકાર સ્વરૂપ પરમતત્ત્વ માટે ભેગા થવું. કોઇપણ ધર્મના પક્ષપાત વગર, સાકાર સ્વરૂપ પરમતત્વનાં સત્યને જાણવા, પામવા, અનુભવવા, પરમજ્ઞાન મેળવવા ભેગા થવું અને અહમ્ રહિત સ્વીકાર કરી અમલ કરવો. વ્યક્તિના આધ્યાત્મિક ઉત્થાનને સરળ બનાવવાનો માર્ગ, પરમતત્વને દ્વારે લઇ જતી સીડી એટલે, સત્સંગ. સત્સંગથી પરમતત્વને સમજવાની, જાણવાની, પ્રેમ કરવાની સૂઝ અને પ્રેરણા પ્રાપ્ત થાય છે.

Scanned by CamScanner

ભાનુબ્હેન :-

સૂર્ય અને ચંદ્રના પ્રકાશ કરતાં પણ દિવ્ય પ્રકાશ એટલે સત્સંગ. ગંગાના સ્નાનથી પાપ, ચંદ્રની શીતળતાથી તાપ, કલ્પવૃક્ષથી દરિદ્રતા અને મહાપુરૂષથી પાપ, તાપ, દરિદ્રતા બધું જ દૂર થાય છે.

પ્રતીક્ષાબ્હેન :-

સારા પુસ્તકોનું વાંચન, સારી કથાનું શ્રવણ અને સદ્‌ગુરૂના સંગથી જીવનમાં પરિવર્તન આવે. સાધક અથવા જિજ્ઞાસુ બનવાથી સત્સંગમાં શાંતિ અને આનંદ પ્રાપ્ત થાય. આત્માનુભાવથી તૃપ્ત સંતમહાપુરૂષોના સંગથી બધા દુઃખો મટાડી શકાય છે. આપણે સદ્‌નસીબ છીએ કે, આપણી જીવનયાત્રામાં પૂ. ગુરૂદેવ આપણી સાથે જ છે.

જસવંતભાઈ :-

હું કોણ ? ક્યાંથી આવ્યો ? ક્યાં જવાનો છું તેનું અધ્યયન, કરવું જરૂરી છે. માનવજીવનમાં જ સત્સંગ શક્ય છે. માનવીના જીવનમાં વિવેક, વિનમ્રતા, માનવતા આદિ દિવ્યગુણોનો વિકાસ, સત્સંગથી જ થાય છે. સત્સંગથી પવિત્રતા, સાત્વિકતા, પ્રમાણિકતા, નૈતિકતા વગેરે ગુણો કેળવીને માનવજન્મને દિવ્ય બનાવી શકાય. સત્સંગ જન્માવે છે, માનવી-માનવી વચ્ચે આત્મીયતા, પ્રેમ ભર્યું વાતાવરણ અને ઇશ્વરભક્તિનું જ્ઞાન. સત્સંગની વાતોને આચરણમાં મુકીએ.

ભરતભાઈ :-

શ્રી કૃષ્ણ સત્સંગનો મહિમા સમજાવતાં કહે છે કે, ઇશ્વર તરફ જવાનો સરળ માર્ગ એટલે સત્સંગ. સત્સંગમાં વિરામને સ્થાન નથી. સત્સંગની આધારશીલા, શ્રવણ-મનન અને આચરણ છે. કથામૃતના પાનથી પાપોનો નાશ થાય છે. આત્મવેતા, બ્રહ્મવેતા સદ્‌ગુરૂના સાનિધ્યમાં જે જ્ઞાન મળે, સમજ મળે, પ્રેમ મળે, આત્મીયતા મળે, હૃદયને શીતળ બનાવતી લહેર મળે, વૃંદાવન બાગની ખુશ્બુ મળે, તેવા સત્સંગનો સ્વાદ, આસ્વાદ, પ્રસાદ તો કુટીરના ભક્તો જ જાણે.

મા વહાવતી સત્સંગ સરિતા, રાજયોગી તણા નયનથી

Scanned by CamScanner

એ નયન-તેજને પામવાને, અમ માનવનાં આયખાં ઓછાં પડે.

મીનાબ્હેન :-

સત્સંગ એ એવા જાગૃત પુરૂષની સોબતનું નામ છે કે જે મન-માયાની મોહજાળમાંથી નીકળીને શબ્દની સાથે જોડાઇને માલિકમાં લીન થઇ ગયા છે. સત્, માલિકનું નામ છે. સત્ સંગતિ એ માલિકની જ સંગતિ છે. સત્‌માં અસ્તિત્વ અને જીવનનો ભાવ પણ છે. આથી જ કોઇ દેહધારી જીવિત સંતની સંગતિ જ સત્સંગ કહેવાય છે. આત્મજ્ઞાની પુરૂષોની સંગતિમાં મનુષ્ય જ્ઞાન અને તેના સ્વરુપને પ્રાપ્ત કરે છે. સત્સંગના બે પ્રકાર છે. (૧) બહારનો અને (૨) આંતરિક. બહારના સત્સંગ દ્વારા મનની સફાઇ થાય છે અને જીવ પરમાર્થને યોગ્ય બને છે. આંતરિક સત્સંગમાં આત્મા શબ્દની સાથે બંધાઇને પરિપૂર્ણ પરમાત્મા સાથે જોડાઇ જાય છે. અને એમાંજ સમાઇ જાય છે. સંતોનો મેળાપ આસાન નથી. તેમના દર્શન, તેમનો સ્પર્શ, તેમની યાદ, તેમની સોબત, તેમનો સત્સંગ, તેમનો વચનોનું શ્રવણ, આ બધાજ ઉન્નતિના સાધન છે. એમનાં દર્શન આપણાં હજારો પાપો અને અજ્ઞાન દુર કરીને આત્મિક ચેતના આપે છે, જે વર્ષોની કપટરહિત ભક્તિ કરતાં પણ ચઢિયાતું છે. સત્સંગ, મનુષ્યની આત્મોન્નતિ માટે પ્રભાવશાળી સાધન છે.

ગીતાબ્હેન :-

આપણા જીવનની દરેક ક્ષણ સત્સંગ બને અને દરેક કાર્ય ધાર્મિક કાર્ય બને એજ પ્રાર્થના.

સુરભિબ્હેન :-

સો કામ છોડી સ્નાન, હજાર કામ છોડી દાન અને કરોડ કામ છોડી સત્સંગ કરવો જોઇએ, કોઇકના જીવનને ધન્ય બનાવવું હોય તો સત્સંગની લત લગાડી દ્યો. સંતની કૃપા દ્દષ્ટિથી 'સંગ તેવો રંગ' લાગે અને પૂર્વ જન્મનાં પુણ્ય હોય તો જ સંગ થાય.

દાદા :-

જેવી રૂચિ તેવી જગ્યા મનુષ્ય શોધી કાઢે. દારૂની, જુગારની જગ્યા લોકો ધર્મસ્થળોમાં પણ શોધી કાઢે. આપણા જીવનનો સમય

Scanned by CamScanner

સદ્શાસ્ત્ર, સત્કર્મો, સત્કાર્યોમાં વપરાય અને આપણામાં વિવેક સતત જાગતો રહે. એની સમજ મહાપુરૂષોના સત્સંગથી જ પ્રાપ્ત થાય. નિર્ધન, ધનવાન, વિદ્વાન, દુરાત્મા, પાપાત્મા, ભક્ત, યોગી બધા જ માટે સત્સંગ અનિવાર્ય છે. શંકર-પાર્વતી અગસ્ત્ય ઋષિના આશ્રમમાં સત્સંગ માટે જતાં, ભગવાન રામચંદ્રજી ગુરૂ વસિષ્ઠજીના ચરણોમાં બેસી સત્સંગ સાંભળતા, ભગવાન શ્રી કૃષ્ણ સાંદીપનિના આશ્રમમાં સત્સંગ સાંભળતા. સત્સંગ વિના દિશાસૂઝ મળતી નથી. સત્સંગ એ તો કલ્પવૃક્ષ છે. રાજયોગીજીના વાયા મીડીયાથી આપણે 'મા' સુધી પહોંચવાના પ્રયત્નમાં પહેલી પગલી પાડી છે પણ અહમ્થી લપસી ન જઇએ તેની તકેદારી રાખીએ. મનુષ્યના એકવીસ જન્મોના પુણ્યનો ઉદય થાય ત્યારે સંતસમાગમ થાય. થોડા પુણ્યથી ધન-યશ અને આરોગ્ય મળે, વધારે પુણ્યથી ધાર્મિકતા મળે અને પુણ્યના પુંજથી સંતસમાગમ થાય.

હેમંતભાઈ :-

સ્વાધ્યાય, સત્સંગ અને ચિંતન-મનન ત્રિવિધ સાધના જ જ્ઞાન મેળવવાની સિધ્ધિનો ઉપાય છે અને જ્ઞાનનો પાયો છે જિજ્ઞાસા. જિજ્ઞાસાના ગુણ છે. એકાગ્રતા, તન્મયતા અને તલ્લીનતા. જીવાત્માના સાચા સ્વરૂપનું ભાન કરાવે તે સાચું જ્ઞાન. આત્મજ્ઞાન પ્રાપ્ત કરેલ વિભૂતિ તે સદ્ગુરૂ. જેમની શ્રેષ્ઠતાનું એક વાતાવરણ હોય, જેનાથી મનુષ્યના વ્યવહારોમાં લાભદાયી પરિવર્તન આવે. સત્સંગ કે સ્વાયધ્યાયથી કે સત્ સાહિત્યથી પ્રાપ્ત થયેલા સદ્વિચારોની તીવ્રતાને નિષ્ઠાપૂર્વક મગજમાં સ્થિર રાખી, ઉચ્ચ પ્રભાવશાળી મનોભૂમિ દ્વારા મનના મેલ ધોઇને સદ્ગુરૂના ચરણો સુધી પહોંચવા સંકલ્પબધ્ધ બનીએ.

મહીડાજી :-

ત્રણ વસ્તુ દુર્લભ છે. મનુષ્યદેહ, મુમુક્ષત્વ અને સત્સંગ. માનવીની સર્વ ઇન્દ્રીયોને તેના વિષયમાંથી હટાવીને ઇશ્વરાભિમુખ કરાવે તે સત્સંગ-કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય ને ઇશ્વર સન્મુખ કરવાનું કઠિન છે. સંતો જ આ કાર્ય કરાવી શકે. અને એમના જ સંગથી-

Scanned by CamScanner

સત્ય સમજાવા માંડે, માયામાંથી મન હટવા માંડે, સર્વ પર સમદષ્ટિ થાય, શાંતિ ત્થા આનંદનો અનુભવ થાય તથા પોતાને ઓળખીને ઇશ્વર સન્મુખ જવાની ભાવના જાગે, આ છે સત્સંગ. આપણા જીવનમાં સત્‌સંસ્કારોનો, સત્‌વિચારોનો, ઉદય થાય અને મળેલ સત્સંગને ન ગુમાવીએ. અને પૂરી શ્રધ્ધા અને શરણાગતિના ભાવ સાથે સત્સંગને માણીએ.

અરવિંદભાઈ :-

શાસ્ત્રોમાં લખેલું વાંચીને જે સંભળાવે તેને પંડીત કહેવાય પણ શાસ્ત્ર જેમની પાછળ ચાલે તેમને સંત કહેવાય. સંતો જે સહજમાં બોલે છે તે શાસ્ત્ર બની જાય છે. સત્સંગના પાંચ પ્રકાર. સંતોના મુખેથી જે સાંભળીએ તે પ્રથમ પ્રકાર, એમના વચનો સાંભળીને બીજાને સંભળાવે તે બીજો પ્રકાર, શાસ્ત્રનું પઠન કે મનન તે ત્રીજો પ્રકાર, શાસ્ત્રની યુક્તિઓ સુધીની ગતિ થાય તે ચોથો પ્રકાર, અને ભજન-કીર્તન દ્વારા સમજ આવે તે પાંચમો પ્રકાર. આમાંનો પ્રથમ પ્રકાર તે શ્રેષ્ઠ. શરીરની આંખોથી ભલે કેટલાંય દર્શન કરો પણ જ્ઞાનની આંખોથી દર્શન થાય તો દુર્ગુણો દૂર થાય અને મોહ નષ્ટ થાય. ભગવાન શંકર પાર્વતીજીને કહે છે કે,

उमा संत समागम सम, और न लाभ कछु जान
बिनु हरिकृपा उपजे नहीं, भार्वाहं वेद पुरान ।।

યોગેશભાઈ :-

(૧) બે વ્યક્તિઓ દિલથી મળે તો પ્રેમી જરૂર કહેવાય,
લોકો સૌ ભેગા મળે તો એને સભા જરૂર કહેવાય,
પરંતુ દિલવાળાઓ સૌ મળે તો,
પ્રેમીઓની મિજલસ જરૂર કહેવાય.

(૨) શોધવા તમોને, અમારે ખોવાવું પડે,
મરજીવા બની દરિયામાં મોતી શોધવા પડે,
મોતી સોહાય તમારે કંઠે,
માનો શરણમાં આવી ગયા.

Scanned by CamScanner

પૂ. બ્હેનજી :-

- અભિરૂચિ જગાવવા પરમના દર્શનની,
સત્સંગ કરીએ પરમના પયગંબરનો,
સ્વત્વને ઝબોળીએ નવધા ભક્તિમાં,
રંગાઇએ નવ સિધ્ધાંતોના રંગે, માનવતાને પમરાવીએ જીવનમાં.
- સત્સંગ અંતરને ઉજાળે, દૈવીગુણો ધારણ કરાવે,
પુષ્પસમી પમરાટ પ્રસરાવે, પરમનાં પ્યારાં પારેવડાં બનાવે.
- ષડ્‌રિપૂઓ અવરોધે સત્સંગને,
સંકલ્પથી આસુરી શક્તિઓને હરાવી શકાય,
સત્સંગની લગામ થકી, ષડ્‌રિપૂઓને નાથી શકાય,
સુમાર્ગે વાળી શકાય, આત્મકલ્યાણ સાધી શકાય,
- સત્સંગ, રાજયોગીજીની સાથ,
આત્મ સમર્પણ જો થઇ જાયે,
પરમના પ્યારા બની જવાય,
પરમેશ્વરીને પામી જવાય.

પ. પૂજ્ય ગુરૂદેવ

મનની સપાટીને શુધ્ધ કરે તે સત્સંગ...
તનનો ખોરાક અન્ન છે
તેમ આત્માનો ખોરાક સત્સંગ છે.
મારા નવ સિધ્ધાંતોને વાંચો, વિચારોને
અમલમાં મૂકો તેજ સત્સંગ છે.

ૐ મા ૐ

Scanned by CamScanner

- સત્સંગ - પ્રશ્નોત્તરી

(તા. ૨૨-૬-૯૬ ના રોજ શ્રધ્ધા કુટીરમાં થયેલ પ્રશ્નોત્તરીમાં પૂજ્ય રાજયોગીજીએ પોતાના શાસ્ત્ર અને મંતવ્ય પર આધારિત આપેલા ઉત્તરો)

પ્રશ્ન : ૧ સત્સંગ, પરમતત્ત્વના આંદોલનથી અથવા તેની ઇચ્છાથી જ શક્ય બને છે કે વ્યક્તિનાં પોતાના પ્રયત્નોથી ?

જવાબ : પરમની કૃપાથી જ માનવદેહ મળ્યો છે પણ તમારી વૃત્તિ અને પ્રયત્ન થવો જ જોઇએ અને ઇશ્વરીય આંદોલન, સ્વપ્રયત્નથી જ ટકાવી શકાય.

પ્રશ્ન : ૨ સત્સંગ પછીના સદ્વિચારો મનોભૂમિમાં ટકાવી રાખવાનો કોઇ સરળ ઉપાય બતાવશો ?

જવાબ : સારૂ વાંચન, સારી મિત્રતા, સત્ પ્રવૃત્તિથી સત્માર્ગે ચાલીને સદ્ગુણોને સંકલ્પથી કેળવવાં.

પ્રશ્ન : ૩ સદ્વિચાર ટકાવવા મુશ્કેલી પડે તો ?

જવાબ : ષડ્રિપૂ પ્રવેશે તો પતનના માર્ગે લઇ જાય.

પ્રશ્ન : ૪ સંતપુરૂષ નજીક ન હોય અને વાતો થાય તો સત્સંગ કહેવાય ?

જવાબ : વ્યક્તિનું મન નિર્મળ હોય તો જ આવી વાતો થઇ શકે અને તેથી જ એને સત્સંગ ગણાય.

પ્રશ્ન : ૫ સત્કર્મ કરે અને સત્સંગ ન કરે તો ચાલે ?

જવાબ : સત્કર્મોનો પૈસો ક્યાંથી આવ્યો તે જાણવું જોઇએ. વૈચારિક ભૂમિકા અને કર્મભૂમિકા પવિત્ર હોય તો સત્કર્મ કરે તો ચાલે.

પ્રશ્ન : ૬ એવું સાંભળ્યું છે કે, દેવીદેવતાને પડછાયો હોતો નથી એ સાચું ?

જવાબ : જેની આકૃતિ હોય તેનો પડછાયો પડે જ. મને લાગે છે કે, પડછાયો હોય.

પ્રશ્ન : ૭ સત્સંગની પરાકાષ્ટા કેવી રીતે માપવી ? અમુક સ્ટેજે

પહોંચ્યા પછી સત્સંગ ન કરીએ તો ચાલે ?

જવાબ : સત્સંગમાં કોઇ સ્ટેજ કે પરાકાષ્ટા હોતા જ નથી.

પ્રશ્ન : ૮ એવું કેમ હશે કે અમુક વ્યક્તિઓને જ સત્સંગમાં જવું ગમે ?

જવાબ : પૂર્વ જન્મના કર્મોને આધારે જ વ્યક્તિની મનોવૃત્તિ સત્સંગ તરફ વળે.

પ્રશ્ન : ૯ સત્સંગ માટે ઉત્તમ સમય કયો ?

જવાબ : બધા સમય ઉત્તમ છે. મનની પવિત્રતા અને એકધ્યાન અગત્યનાં છે. સમય નહીં.

પ્રશ્ન : ૧૦ જીવનમાં તપ, જપ વગેરે સારાં કે સત્સંગ ?

જવાબ : તપ, જપ, ઉપાસના, સત્સંગ બધા એક બીજાના પૂરક છે. જેમ રસોઇમાં બધા મસાલાનું સંયોજન જરૂરી છે. એમ આધ્યાત્મિક જીવનમાં બધું જ જરૂરી છે. મહેરબાની કરીને કોઇનો પર્યાય શોધશો નહીં કે સરખામણી કરશો નહીં.

પ્રશ્ન : ૧૧ સત્સંગમાં પરમતત્ત્વની હાજરી હોય છે કે નહીં ?

જવાબ : એ કેવી રીતે ખબર પડે ? હંમેશાં માનીને ચાલો કે, દરેક સત્કાર્યમાં પરમતત્ત્વ સાથે છે જ. હંમેશાં પોઝીટીવ મનોભાવ રાખો.

પ્રશ્ન : ૧૨ આપણામાં ઇશ્વરનો અંશ છે જ અને દરેક જન્મના કર્મ પ્રમાણે બીજા જન્મમાં ફળ મળે છે તો દરેક જન્મમાં સત્સંગ કર્યો હશે ?

જવાબ : જેમ રોજ જમવું પડે તેમ સત્સંગ આત્માનો ખોરાક છે. માટે દરેક જન્મમાં સત્સંગની જરૂર તો ખરી જ. મેં આગલા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું તેમ પૂર્વજન્મના ફળથી જ સત્સંગ તરફ મનોવૃત્તિ વળે.

પ્રશ્ન : ૧૩ આપની દૃષ્ટિએ પુણ્યતા માટે સત્સંગનું મહત્ત્વ કેટલું?

જવાબ : પુણ્યતાને સત્સંગ સાથે ન જોડો. સત્સંગથી પુણ્ય જ મળે તેમ હું માનતો નથી. સત્કાર્યો અને દાન, દયાથી પુણ્ય

Scanned by CamScanner

મળે. સત્સંગથી તો સદ્‌વિચાર આવે અને સદ્‌વિચાર જ સત્કાર્યની માતા છે.

પ્રશ્ન : ૧૪ સત્સંગમાં, પરમતત્ત્વ, સત્સંગી પાસે કશું કહેવડાવે ?

જવાબ : આનો જવાબ ન આપી શકાય, કદાચ્ એને પ્રેરણા મળે પણ એજ કહેવડાવે છે એમ માનવાનું કઇ રીતે ?

પ્રશ્ન : ૧૫ વર્ષોથી આપના જીવનમાં સત્સંગને સ્થાન છે. આમાં માતાજીનો કોઇ આદેશ છે કે, આપનો સામાજિક પરિવર્તનનો પ્રયાસ ?

જવાબ : માતાજીએ સેવાનો આદેશ આપ્યો છે. અને સેવામાં સત્સંગ આવી જાય છે માટે એને માતાજીનો આદેશ માનું છું.

પ્રશ્ન : ૧૬ પરમતત્ત્વનું સતત ધ્યાન અથવા યાદને સત્સંગ કહેવાય ?

જવાબ : હા.

પ્રશ્ન : ૧૭ પહેલાં પુણ્ય કરવું કે સત્સંગ ?

જવાબ : સત્સંગ કરો એટલે જ પુણ્યનાં વિચારો આવે.

પ્રશ્ન : ૧૮ આપના નવ સિધ્ધાંતોમાં સત્સંગને કેમ સ્થાન નથી ?

જવાબ : સત્સંગ શબ્દને ન શોધો. નવ સિધ્ધાંતો એ સત્સંગની પૂર્તિ જ છે. નવ સિધ્ધાંતોનો અમલ સત્સંગ જ છે.

પ્રશ્ન : ૧૯ સત્સંગ દ્વારા પરમતત્ત્વ શું આપે ?

જવાબ : તમારી જાતને નિહાળવાની શક્તિ અને તમારી શક્તિ પ્રમાણે અનુભવ થાય-

પ્રશ્ન : ૨૦ સત્સંગમાં જ્ઞાનની આવશ્યકતા ખરી ?

જવાબ : જ્ઞાન સાથે અનેક પ્રશ્નો પણ આવશે અને એનાથી સત્સંગ અટકી પણ જાય માટે સત્સંગ સરળ રાખો.

પ્રશ્ન : ૨૧ માતાજીના આદેશથી આપ અમદાવાદ આવ્યા તે પહેલાં આપના જીવનમાં સત્સંગ કેવો અને કેટલો હતો?

જવાબ : હું સમજણો થયો ત્યારથી જપ કરતો. ઉંમર સાથે શ્રધ્ધા

Scanned by CamScanner

વધતી ગઇ. મારાં બા, ક્યારેક મને કથા-વાર્તામાં લઇ ગયા હશે પણ મેં સાધુ-સંતો સાથે ક્યારેય સત્સંગ કર્યો નથી.

પ્રશ્ન : ૨૨ વ્યવહારિક જીવનમાં અમને સૌ ભક્તોને સત્સંગનો સરળ માર્ગ બતાવશો ?

જવાબ : હસીને... બધામાં સરળતા શોધવાની ટેવ પડી ગઇ છે... અહર્નિશ પરમતત્ત્વનું નામ લ્યો અને સારાં કામ કરો એજ સત્સંગ.

પ્રશ્ન : ૨૩ માને પસંદ હોય તેવા સત્સંગના લક્ષણો કયા ?

જવાબ : સત્સંગને લક્ષણો હોતા જ નથી. જપ, તપ, સદ્‌વાંચન અને સદ્‌વર્તન એ માને પ્રિય છે.

ૐ મા ૐ

Scanned by CamScanner

-: સુખ :-

(તા. ૭-૭-૯૬ ના રોજ શ્રધ્ધાકુટીરમાં યોજાયેલી જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો)

ભાવિન :-

જીવનમાં સુખી થવું હોય તો સુખના પ્રસંગોને યાદ કરો. સુખના વિચારના દ્વાર ખોલો, આનંદના વિચાર ગમે ત્યારે આવશે. જેના સત્કાર માટે તૈયાર રહો. તમારા મનના નગરને આશાના તોરણથી શણગારી દો. સુખના અતિથિ ગમે ત્યારે આવી પહોંચશે.

કૌશલ :-

સુખ એટલે શાંતિનો અનુભવ. સુખના ત્રણ પ્રકાર. આધ્યાત્મિક, ભૌતિક અને સાંસારિક. આધ્યાત્મિક સુખમાં માનવીને ભગવાનમાં લીન થવામાં, તેમની જોડે વાતો કરવામાં અને ભગવાનની પ્રસાદીના અનુભવોથી સુખ મળે છે. આ સુખનો અંત ક્યારેય નથી. ભૌતિક સુખમાં વધારે પડતો મોહ ન રાખવો. એનો ગમે ત્યારે અંત આવે. સાંસારિક સુખ એટલે કૌટુંબિક સુખ.

કંદર્પ :-

સુખ પતંગિયા જેવું છે, જેમ એની પાછળ દોડો, તેમ એ તમને વધું ભટકાવે, અને તમારૂં ધ્યાન બીજે પરોવશો તો હળવેથી એ તમારા ખભે બેસી જશે. સુખનો ખજાનો આપણી અંદર જ છે. જે બીજાની વધારે સેવા કરે તે વધારે સુખી થાય. વૈભવમાં વધારો કરવાથી નહિ પણ હૃદયને વિશાળ બનાવવાથી જ સુખમાં વધારો થાય.

પ્રતિક્ષાબ્હેન :-

સુખ એટલે તમારી પાસે જે ફુલો હોય તેમાંથી ગજરો બનાવવાની કળા, આપણી પાસે ઘણું સારૂં નરસું છે, પણ જે સારૂં છે તે જ સુખ આપી શકે માટે તેને અલગ તારવી લેવું. પોતાની પાસે જે નથી તેના વિચારો કરીને માનવી દુ:ખી થાય છે. ભૂતકાળનો અફસોસ અને ભવિષ્યની ચિંતા આપણને વર્તમાનની અમુલ્ય ક્ષણોનો ઉપયોગ કરતાં રોકે છે. ઓછામાં ઓછી એવી આઠ વસ્તુઓ છે જેનાથી

Scanned by CamScanner

માણસ પોતાનું સુખ, પોતાના હાથે જ ગુમાવી બેસે છે. અસંતોષ, ક્રોધ, ભૂલ કરી બેસવાની ચિંતા, ડર, બીજાની સાથે સરખામણી, આત્મધિક્કારની લાગણી, મારા-તારાનો ભાવ, અને વાંક દેખો સ્વભાવ. સુખ છે. પરમ પૂજ્ય ૐ કારેશ્વર રાજયોગીજીની કૃપાદષ્ટિ, અમૃતવાણી અને સાનિધ્યમાં- ત્થા મન-વચન-કર્મના સમતોલનમાં... આપણું સૌનું આ સુખ શાશ્વત સુખ બની રહે.

હેમંતભાઇ :-

સુખ એટલે પ્રભુએ માનવજીવનને આપેલું મૃગજળ. જેને પરિશ્રમથી સુખ મળ્યું છે, એને સંતોષ મફતમાં મળ્યો છે. જેને ભાગ્યથી સુખ મળ્યું છે એણે ઉપયોગ ને બદલે ઉપભોગ, વાપરવાને બદલે વેડફવાનું, અને સાચવવાને બદલે ખોવાનું કામ કર્યું છે. સુખની શોધ મનોવૃત્તિ પ્રમાણે હોય, સંતોષના ભાવથી મનુષ્ય સુખની કલ્પના કરે.

સુખ વહે સંતના સાનિધ્યમાં, દુઃખ છલકાય વિચારોની દરિદ્રતામાં
સુખ વહે સંતના આશિષમાં, દુઃખ છલકાય મનની પરિકલ્પનામાં..

ગીતાબ્હેન :-

સાચા અર્થમાં જોઇએ તો જે વ્યક્તિ મનુષ્ય અવતાર મળ્યા પછી પ્રભુને પામી શકે યા તો એનું સતત સ્મરણ કરી શકે એ જ સાચું સુખ પામી શકે, સાચા સુખની શોધમાં નીકળીએ તો પ્રભુ વિના કયાંય સુખ હોતું નથી. પણ સુખના દ્વાર ખોલવા માટે સંત પાસે જવું પડે અને તે કહે તેમ કરવું પડે.

ચંદ્રકાન્તભાઈ :-

સુખ અને દુઃખ એ માત્ર મનની ભાવના છે. મનના સિક્કાની બે બાજુ છે, સાચુ સુખ, મનની આંતરસમૃધ્ધિથી આવે છે. આંતર મનની સમૃધ્ધિ સદ્‌વર્તન, સદ્‌વિચાર અને સત્સંગથી આવે છે. સામાન્ય મનુષ્ય ભૌતિક સાધનોની અછત, અગવડ કે આર્થિક મુશ્કેલીઓમાં હચમચી ઉઠે છે. જ્યારે ઇષ્ટમાં સંપૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખનાર વ્યક્તિ આવા સમયે સમ્યક્‌ભાવ રાખી નિરાશ કે દુઃખી થતી નથી. સૂર્યોદય અને સૂર્યાસ્ત બંને વખતે સૂર્ય રક્તવર્ણનો હોય છે. તેમ જ્ઞાની મનુષ્યો સુખ અને દુઃખમાં સમાન રહે છે. પૂજ્યશ્રીએ આપેલ મહામંત્રનું સતત રટણ કે જાપ કરતાં 'સ્વ' ની પ્રાપ્તિ થતાં સર્વ

Scanned by CamScanner

રાગદ્વેષ, ષડ્રિપૂ મટી જતાં મનુષ્ય સર્વેને આર્દ્રદષ્ટિથી જૂએ અને ક્રમશઃ નિજાનંદનો અનુભવ કરે છે.

સુરભિબ્હેન :- (મુંબઇ)

જેની પાસે ભૌતિક સુખ હોય, એને સંસારી લોકો સુખી માને છે. પરમ સુખ મળે તો ભૌતિક સુખની કોઇ કિંમત રહેતી નથી અને પરમસુખ તો ગુરૂકૃપા થાય ત્યારે જ મળે. ભૌતિકસુખ માનસિક અશાંતિ લાવે છે જ્યારે પરમસુખ શાંતિ આપે છે.

સ્નેહાબ્હેન :-

ભૌતિક સુખોમાં માલિકી હક્ક જતો રહેવાથી દુઃખી થવાય છે. મને જે કાંઇ મળ્યું છે તેનો હું માત્ર વહીવટ કરૂં છું એવો ભાવ રાખવાથી સુખ મળે છે. પરમતત્વએ જે આપ્યું છે તે આપણા કર્મ પ્રમાણે આપ્યું છે. જ્યારે અંતઃકરણમાં આ ભાવ પ્રગટશે. ત્યારે વસ્તુઓની હાજરી કે ગેરહાજરીમાં સરખો આનંદ મળશે. આપણે પરમે આપેલ કર્મને સેવકની રાહે જ નિહાળીએ અને પરમ સાથે ઐક્યતા સાધીએ.

મીનાબ્હેન :-

દરેક સંતનું સંસારમાં આવવાનું પ્રયોજન, પરમાત્મા તરફથી સોંપવામાં આવેલ આત્માઓને પ્રભુપ્રાપ્તિના માર્ગે લઇ જવાનું છે. તેમને સાચું સુખ પ્રદાન કરીને, સંસારના બંધનોમાંથી મુક્ત કરીને પરમાત્માની નજીક લઈ જવાનું છે. સંસારમાં રહેતા હોવા છતાં, આપણે આપણુ ધ્યાન અંદર રહેલા પરમાત્માના અંશ સાથે જોડીને ભવસાગર પાર કરવા તરફનું છે. મનુષ્યજન્મને મહાત્માઓએ સૃષ્ટિનો શિરતાજ, ઋષિ-મુનિઓએ નર-નારાયણી દેહ કહી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. જીવન સુખદુઃખની નગરી છે. દુઃખના દિવસ આવે તો સુખના શ્વાસ પણ આવે. આપણે આ દેહમાં બેસીને પુણ્યનો હિસાબ ચુકવવાનો છે. જ્યાં સુધી આપણાં સારાં અને ખરાબ કર્મોનું ચક્કર પુરું થતું નથી ત્યાં સુધી આત્મા કદાપિ નિર્મળ અને પવિત્ર થતો નથી. જે મનુષ્ય સદ્ગુરૂની શરણમાં રહી તેમના ઉપદેશ અનુસાર ભક્તિ કરે છે. તે ભવસાગર પાર કરે છે. સંતો કહે છે કે, દુનિયાને છોડયા

Scanned by CamScanner

વગર, તેમાં રહીને જ દુનિયાને ભૂલવાનો પ્રયત્ન કરો. દુનિયાની જવાબદારીઓ અદા કરવા છતાં પોતાના ખ્યાલને પરમાત્માની ભક્તિમાં, પ્યારમાં રાખીએ તો સાચું સુખ પ્રાપ્ત થાય.

ઉમાબ્હેન :-

સુખ અને દુ:ખ બે જોડીયા બ્હેનો છે. જ્યાં સુધી ચૈતન્ય સ્વરૂપ પરમાત્મા તમારો હાથ નહીં ઝાલે, ત્યાં સુધી સુખ મળવાનું જ નથી. માનવતા વ્રત અને નવ સિધ્ધાંતોનું બરાબર પાલન કરી મન-વચન-કર્મથી પવિત્ર બની સાચા માનવ બનીશું તો સુખ આપણા ચરણોમાં આવશે. સુખ મેળવવા માટે યોગી જેવું બનવું પડે. જ્યારે સદ્‌ગુરૂને ઓળખીશુ ત્યારે જ 'મા' દિવ્યચક્ષુ આપશે અને તો જ સુખને જોઇ શકીશું.

ભાનુમતીબ્હેન :-

સાચું સુખ તો આપણા આ મા ના બાળ, મા નો લાલ, મા નો મોરલો, મા નો દુલારો, મા ની આંખના પાંપણનો પલકારો, મા ના કાળજાનો ટૂકડો, આ ઝૂલા પર બિરાજમાન આપણા ૐ કારેશ્વર રાજયોગીજી ના ચરણોમાં જ સમાયેલું છે. એમના ચરણોમાં શીશ નમાવીએ અને પરમ સુખને પામીએ.

રમેશભાઈ :-

જે અવસ્થામાં મન દુ:ખની લાગણી ન અનુભવે તે સુખી અવસ્થા. ભોતિક સુખ મન સાથે સંબંધિત, બાહ્ય પરિબળો પર આધારિત, પહેલાં આનંદ અને અંતે પીડાકારક, પ્રારબ્ધ અને પુરૂષાર્થના સમન્વયથી પેદા થયેલ સીમિત સમયનું હોય છે. આધ્યાત્મિક સુખ, આત્મા સાથે સંબંધ રાખનાર, આંતરિક પરિબળો પર આધારિત, કેવળ આનંદપ્રદ જ, પરમાત્મા સાથેની એકરૂપતાની પરાકાષ્ટાએ લઇ જઇ, નિજાનંદ, દિવ્યાનંદ અને પરમાનંદની અવસ્થામાં લઇ જનારૂં હોય છે.

કૈલાશબેન :- (પટેલ)

અનુકૂળતા અને પ્રતિકૂળતા સુખ કે દુ:ખના સર્જક છે. મન જ્યારે વિષય-વિકારોમાં લાગશે ત્યારે ક્યારેક અનુકૂળતા કે

પ્રતિકૂળતા મળશે. દુઃખની થપ્પડો ખાતાં ખાતાં મન ક્ષીણ થતું જશે, મનનું સામર્થ્ય અને એકાગ્રતાની ક્ષમતા નષ્ટ થતી જશે. મનુષ્ય ખરેખરો સુખી તો ત્યારે થશે જ્યારે એનું મન કારણ શરીરમાં એકાગ્ર હશે, પોતાના આત્મામાં વિશ્રાંતિ પામશે.

અરવિંદભાઈ :-

સાચી શિતળતા અખા સદ્ગુરૂ કેરે સંગ,
ઔર ગુરૂ સંસારકે પોષત હૈ સબ રંગ.
સદગુરૂના ચરણોમાં સાચું સુખ સમાયેલું છે.

ભરતભાઈ :-

સુખનો સામાન્ય અર્થ-મન પ્રમાણે થાય તે-આત્માના આનંદમાં અહર્નિશ રહેવાની સ્થિતિ, દિવ્યપ્રકાશ, દિવ્યઆનંદમાં ખોવાઇ જવાની સ્થિતિ.

સુખ પ્રાપ્તિનું પ્રથમ ચરણ-સંશયનો અભાવ, સદા સ્મૃતિ પરમની-

સમત્વયોગ સુખ પ્રપ્તિનો ટૂંકો અને ઝડપી માર્ગ છે. શ્રધ્ધા અને શરણાગતિના સામ્રાજયમાં પ્રવેશતાં જ પરમાત્મા સુખની અમીવર્ષા કરે છે. પરમશક્તિના આંદોલનો ઝીલવા માટે આત્મસંતોષ જરૂરી છે. જે સુખની ચાવી છે. આત્મસંતોષ નિષ્કામ ઉપાસનાની તોલે આવે છે. સુખ માટે પ્રાર્થના પણ એક સાધન છે, જે ઇશ્વરીદૂતનું કાર્ય કરે છે. સંયમી જીવન સુખને અહર્નિશ રાખે છે. આત્મબળ અને પુરૂષાર્થ સુખના દ્વાર ખોલી આપે છે. સુખ માટે તપ કરવું પડે. સંઘર્ષમય જીવનમાં પ્રેમ, પ્રસન્નતા, સહૃદયતા, સહાનુભૂતિ એ મોટું તપ છે. ગુરૂવચનમાં શ્રધ્ધા અને આચરણ સુખનો માર્ગ છે. મીઠા મધુર બની, નમતા રહો, ગમતા રહો તો સુખ અને સુખ જ છે.

મનિષભાઈ :-

મનુષ્યનું સાચું સુખ ઇશ્વર પ્રેમ અને તેની પ્રપ્તિમાં જ છે. સુખ એ મનનો વિકાર છે. ભોગ આપવાથી અને પુરૂષાર્થથી જ સુખ શક્ય છે. સંસારના સુખ મૃગજળ સમાન અને નાશવંત છે. સુખનો અંત નિશ્ચિત છે માટે દુઃખ થાય એટલા અતિ પ્રેમબંધનથી બંધાવુ નહીં. મનુષ્યને દુઃખમાં જ ઇશ્વર યાદ આવે છે એટલે સુખ મળે તોય ઇશ્વર

Scanned by CamScanner

માટે સમય ફાળવો. સુખ એ ઇશ્વરની કસોટી છે. દુઃખમાં સહન કરો જ છો તો સુખમાં પણ ઇશ્વરેચ્છાએ સદ્‌વ્યવહાર કરો. સુખની તૃષ્ણા જ સુખ છીનવે છે. સુખને ગુરૂદેવના ચરણોમાં જ શોધીએ.

ગાયત્રીબ્હેન :-

ગુલાબનું ફુલ પોતાની મસ્તીમાં મસ્ત રહી બીજાને સુવાસ આપતું રહે છે. તેમ આપણે પણ જગતની બધી મુશ્કેલીઓ ભૂલી જઇ માત્ર આત્માની શાંતિ માટે પ્રભુ સ્મરણ કરીએ અને નિજાનંદમાં મસ્ત રહીએ.

જસવંતભાઈ :-

આ જન્મમાં ભૌતિક સુખથી લપેટાઇ જઇ ઇશ્વરની કૃપાથી વિમુખ થવાય એવું સુખ ન મળે તો સારૂં. આપણે દુઃખી છીએ કારણકે, ઇશ્વરને ભૂલ્યા છીએ. સંતોષી નર સદા સુખી અને પહેલું સુખ તે જાતે નર્યા. વ્યક્તિ શારીરિક રીતે તંદુરસ્ત હશે તો જ તેનું ધ્યાન પરમાત્મામાં લાગશે. જે દુઃખમાં પ્રભુનું સતત સ્મરણ રહે તે દુઃખ જ સાચું સુખ આપે છે. પરમ આનંદ સ્વરૂપ પૂજ્ય રાજયોગીજી જ અનંત સુખનું ધામ છે.

કમલભાઈ :-

સુખ તો માત્ર એક ટીપું છે અને દુઃખ તો સાગર છે. આપણે આધ્યાત્મિક સાગરમાં ડૂબકી મારી આપણા શરીરરૂપી નાવને, શ્રધ્ધા શરણાગતિ રૂપી હલેસાંથી હંકારીને, સાધના સિધ્ધિની મંઝિલે પહોંચવાનું છે. માનવી તેની અજ્ઞાનતાને લીધે અહીં તહીં સુખ પ્રાપ્તિ માટે વલખાં મારે છે. ધન, કીર્તિ, કામના એવા નિરર્થક ભૌતિક સુખમાં તે તેની કિંમતી જિંદગી વેડફી નાંખે છે. આધ્યાત્મિક સુખથી જે અજાણ છે તે આત્માના આનંદને માણી શકતો નથી. આપણે પૂજ્યશ્રીને પ્રાર્થના કરીએ કે અમારા જીવનમાં ભલે સુખ આવે કે દુઃખ આવે, પણ તમારી અને માતાજીની કૃપા અમારી પર સદાય વરસતી રહે.

ભાવનાબ્હેન :-

સુખ આત્માની સીમાને સંકોચે છે. વ્યક્તિત્વની વાડને વધુ વામન બનાવે છે. એકલપેટા સુખનો આસ્વાદ માણવા માટે માણસ

Scanned by CamScanner

માણસથી દૂર ભાગે છે. માણસાઇ વિહોણું એકાંત શોધે છે. સુખ અને ઇશ્વરકૃપાને આપણે એક જ અર્થના બે શબ્દો કહીએ છીએ, હકીકતમાં સુખ એ ઇશ્વરકૃપા નથી. પ્રભુ પ્રાપ્તિના માર્ગમાં સહારો એજ ઇશ્વરકૃપા છે. અને આપણા પોતાનામાં જ ગજબનું સુખ રહેલું છે. જ્યારે આપણને આત્માના સુખનો અનુભવ થાય ત્યારે સમજવું કે આપણી પૂર્ણાહુતિ નજીક છે. અને તેના માટે જરૂર છે પૂજ્ય રાજયોગીજીની.

રીટાબ્હેન :-

મનુષ્ય અવતાર મળવો તે જ મોટું સુખ, કારણ મનુષ્ય યોનિમાં જ પ્રભુ સ્મરણ શક્ય છે. પરંતુ તેમાં મનરૂપી મંથરાનો વાસ હોવાથી મનુષ્ય મોહમાયામાં ફસાઇને દુઃખી બની જાય છે. ભૌતિક સુખ પાછળ દોડનારને આધ્યાત્મિક સુખનો અનુભવ થતો નથી. સુખને ઉંધુ કરીને વાંચીએ તો 'ખસુ' થાય. જે માણસ આધ્યાત્મિક સુખમાં આગળ વધતો જાય તેમાંથી ભૌતિકતા ખસતી જાય. નિત્ય સત્સંગથી સુખ મળે છે.

સુકુમારભાઈ :-

જેની પાસે સુખની ચાવી છે. તેની પાસે દરેક સમસ્યાનું નિરાકરણ છે. આ ચાવીથી દરેક વિપરીત પરિસ્થિતિ, તમારી નિષ્ફળતા, વિમાસણ કે ખોટા નિર્ણયોને સુખમાં રૂપાંતરિત કરી શકો છો. દરેક વ્યક્તિ પાસે એક કરતાં વધારે વ્યક્તિત્વ છે. એક હકારાત્મક અને બીજું નકારાત્મક. હકારાત્મક વ્યક્તિત્વ સ્વસ્થ શરીર, પ્રેમ, મિત્રતા ત્થા લોકસેવાના વિચારોમાં જ રહે છે અને તે જ સુખની ચાવી છે. સુખ એ આપણા મનની પરિભાષા છે. કુદરતે તો માત્ર સુખનું જ નિર્માણ કર્યું છે. પરંતુ મનુષ્યની વિચારશક્તિ દ્વારા કાલ્પનિક દુઃખનું નિર્માણ થાય છે. સુખ મેળવવા માટે અતૂટ શ્રધ્ધા રાખવી પડે. શ્રધ્ધા એ રસાયણ છે, જેની સાથે પ્રાર્થનાબળ ભેળવાય તો પરમાત્મા સાથે સીધો સંબંધ કેળવાય છે.

રેખાબ્હેન :-

સુખ કે દુઃખની લાગણી અનુભવતા પહેલાં ધીરજથી, શાંતિથી,

Scanned by CamScanner

થોડું પણ વિચારીએ તો ખ્યાલ આવશે કે, સુખ નથી તો રંગમાં કે રૂપમાં, નથી તો વાદમાં કે સ્વાદમાં, અને દુઃખ નથી અભાવમાં. આનું મૂળ છે મન. મનની લાગણી મુજબ સુખદુઃખના અનુભવ થાય.

પ્રકાશભાઈ :-

પોતાની ઇચ્છા મુજબ પ્રાપ્ત થતી સુવિધાને સુખ માની લઇએ છીએ. સુખ મનોકલ્પિત છે. જો સંસારની કોઇપણ વસ્તુમાં સુખ હોય તો દરેક વસ્તુથી સુખ મળવું જોઇએ. અને તે પણ સરખાં પ્રમાણમાં અને સદાય- પણ તેમ થતું નથી. સાચું સુખ તો સંતની સંગતિમાં છે, આપણા હૃદયમાં રહેલ હૃદયેશ્વરની પ્રાપ્તિમાં છે. મન જ્યારે સ્વીકારી લે કે, સંસારની કોઇપણ વસ્તુ કે વ્યક્તિમાં સુખ દુઃખ જેવું કાંઇ જ નથી ત્યારે તે સંસારથી વિરકત થાય છે. અને પ્રભુ પ્રાપ્તિનો અધિકારી બને છે.

દાદા :-

સુખ અને દુઃખ માણસના પોતાના જ હાથમાં છે. સાચું સુખ સદ્‌ગુરૂના ચરણોમાં જ છે. આવા સદ્‌ગુરૂના સાનિધ્યમાં રહેવાથી વ્યક્તિનું પોતાનું જીવન ધીમે ધીમે નિર્મળ થવા લાગે છે, અજ્ઞાનનો પડદો હટવા માંડે છે અને જીવનનો સાચો રાહ દ્દષ્ટિગોચર થાય છે. સુખ-સદ્‌ગુરૂના ચરણોમાં જ કેમ-તે જણાવતાં એક મુસલમાન ફકીર મૌલવી રૂમ સાહેબ કહે છે કે, ગુરૂ સ્વયં પરમાત્મા છે, તેના હાથ પરમાત્માના હાથથી ઓછા નથી, એમનો હાથ પરમતત્વની શક્તિથી વંચિત નથી, તેમનો હાથ ઘણો લાંબો છે. જે આસમાનની પાર પહોંચે છે. એમની પરિપૂર્ણતામાં કોઇ ભાગીદાર નથી. તેઓ પોતે મનુષ્ય દેહમાં છૂપાયેલા સૂર્ય છે. ગુરૂમાં પરમતત્વનું તેજ ઝળહળે છે. પરમાત્મા આપણા પર દયા કરીને આપણા ઉધ્ધાર માટે જ સંતમહાત્માઓને મોકલે છે. તેમની સેવામાં રહેવું અને ઇચ્છા પ્રમાણે ચાલવું એ કાંઇ સહેલી વાત નથી. જ્યાં સુધી સદ્‌ગુરૂ પોતાની કૃપા-દયા-મહેર અને બક્ષિસ રૂપી મહામૂલો મંત્ર આપે નહિં ત્યાં સુધી પરમાર્થ પ્રાપ્તિ અત્યંત કઠિન છે. એટલે ગુરૂકૃપા અને એમણે આપેલા મંત્રની હૃદયપૂર્વકની સાધના, આ બેનું સંમિશ્રણ થાય તો જ જીવનમાં

Scanned by CamScanner

સુખ પ્રાપ્ત કરી શકાય. પરમતત્વમાં સંપૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખી, જે કાંઇ સંજોગો આપણા જીવનમાં આવે તે તેમણે નિયત કરેલા કાર્યો માટે યોગ્ય જ છે, તેમ સમજી આપણી સંસાર સાગરની નાવ આગળ વધારતા જઇએ તો પૂજ્યશ્રીને આ સંસારી દુઃખોની ફરિયાદ કરવી જરૂરી નહીં બને.

પૂજ્ય બ્હેનજી :-

- સદ્‌બુધ્ધિ, વિવેક ને વિનયનો સૂમેળ જે સાધી શક્યા,
  સુખની સરિતાનો સ્ત્રોત તે અહર્નિશ વહાવી શક્યા.
- સુખની પ્રાપ્તિ અર્થે ધ્યેય હાંસલ કરવું પડે,
  સુખને સ્થાયી રાખવા, એષણાનું આવાગમન બંધ કરવું પડે.
- સુખનો સ્ત્રોત હૃદયમાંથી વહે છે,
  શાંતિ તેનું પ્રેરણાબળ છે,
  એષણા તેનો અવરોધક છે.
- છોડી સ્વાર્થ અને અભિમાન,
  કેળવી ત્યાગભાવના ને સંતોષ,
  સુખનું ઝરણું ખળખળ વહેતું રહે,
  આનંદનો ઉદ્‌ધિ હિલ્લોળાં લેવાં માંડે.
- સુર્ય ઉગે પૂરબમાં, અજવાળું પ્રસરે જગમાં,
  સદ્‌ભાવના-વિનય-વિવેક જાગે ઉરમાં,
  સુખનો સૂરજ ડોકાય જીવનમાં.

પૂજ્ય ગુરૂદેવ :-

જન્મથી મૃત્યુ સુધીની મુસાફરી
દિનરાત ના રસ્તા પરે.
સંસાર સાગરના પ્લેટફોર્મમાં
સુખ દુઃખના કાંટા ફરતા રહે.
કાંટા મહીં પરોવાયે ફૂલ
સુખનો સૂરજ આવી મળે.
અત્ર, તત્ર, સર્વત્ર સુખ ભાસે.

Scanned by CamScanner

આ પંક્તિઓ સમજાવતાં કહ્યું કે, ભૌતિક સુખો પણ અમુક મર્યાદા સુધી "જરૂરિયાત" છે. એ ખોટું નથી. પણ આ સંસારના પ્લેટફોર્મ પર રાત દિવસ, અને સુખ ત્થા દુઃખના કાંટા જન્મથી મૃત્યુ સુધી ફરતા જ રહેવાના છે ત્યારે આ સમયના કે સુખના કાંટામાં જે ફુલ પરોવી દે. તેને સર્વત્ર સુખ મળે. આ ફુલ એટલે પ્રભુ પ્રાપ્તિ માટે નિજાનંદની મસ્તી. આવી મસ્તી હતી મીરાને, નરસિંહ મહેતાને. અને આ ફુલ અર્થાત્ મસ્તી પણ કેવી. નિષ્પાપ, પવિત્ર અને સુગંધીવાળી અર્થાત્ સત્કાર્યોની. જિંદગીમાં આવી મસ્તી લાખોમાં એકાદને પ્રાપ્ત થાય. સ્મરણોને વાગોળતાં કહ્યું કે, શિયાળાની કડકડતી ઠંડીમાં માત્ર ચડ્ડી પહેરીને ખુલ્લા બદને સૂતેલી વ્યક્તિને અમે ધાબળો ઓઢાડયો તો પાછો આપી દીધો કારણ એ નિજાનંદમાં મસ્ત હતો.

લીમઝરમાં દુધીમાંથી પાવો વગાડતો એક વ્યક્તિ અમે કેટલાંય હોર્ન માર્યા, ખસ્યો નહિ કે અમારી સામું જોયું પણ નહિ કારણ તે પોતાનામાં મસ્ત હતો. અમારી વિનંતીથી એણે ફરી પાવો વગાડયો તોય અમને ખુશ કરવા નહિ પોતાની મસ્તી માટે.

આવો નિજાનંદ ભાવ કેળવતાં શીખવવું પડે તો સુખ શોધવું નહિ પડે.

આપણે સૌએ એમના ચરણોમાં સુખ શોધવા પ્રયત્ન કર્યો ત્યારે પૂજ્યશ્રીએ સમયના કાંટા પર પવિત્રતા, સત્કર્મ અને સત્સંગના ફુલોને પરોવીને નિજાનંદની મસ્તીમાં લીન થવાનો પ્રયત્ન કરવા કહ્યું.

અમે તો પ્રભુ એટલું જ જાણીએ કે, તમારા માનવતા વ્રતથી તમારા ચરણોમાં જ અમને નિજાનંદની મસ્તી પ્રાપ્ત કરવા દો. અમારૂં સૌનું આચરણ તમારા ચરણોની શરણમાં રહેવા દો અને આપના સાનિધ્યનું સુખ લૂંટવા દો.

ૐ મા ૐ

Scanned by CamScanner

- સુખ - પ્રશ્નોત્તરી

(તા. ૧૩-૭-૯૬ ના રોજ શ્રધ્ધાકુટીરમાં થયેલી પ્રશ્નોત્તરીમાં પૂજ્યશ્રીએ પોતાના શાસ્ત્ર અને મંતવ્ય આધારિત આપેલા પ્રત્યુત્તરો)

પ્રશ્ન : ૧ સાંસારિક સુખ કરતાં આધ્યાત્મિક સુખ સારૂં તો આધ્યાત્મિક રીતે સુખી માણસને સંસાર દુઃખી કેમ કરે ? દા. ત. મીરાને ઝેર આપ્યું વગેરે.

જવાબ : આ સંસારમાં બે વૃત્તિ વાળા માણસો. સારી વૃત્તિ અને ખરાબ વૃત્તિ- તમે ગમે તે ક્ષેત્રમાં જાવ, તમને આવા મનષ્યોનો અનુભવ થવાનો જ. અને ખરાબવૃત્તિ વાળા માણસોની સતામણીનો ક્રમ પરંપરાથી ચાલ્યો આવે છે, એ રામને પણ નડ્યો, કૃષ્ણને પણ નડ્યો. ખરૂ એ છે કે, આવા તત્વો માત્ર સંતોને કે આધ્યાત્મિક સુખી વર્ગને જ હેરાન કરે છે એવું નથી, એ બધાને પજવે છે પણ સંતોને ત્થા ભક્તો માટે ભગવાનની સહાય આવી મળે છે. અને આધ્યાત્મિક સુખ એ સત્ય છે માટે તપવું જ પડે.

પ્રશ્ન : ૨ સુખમાં કયા કયા પ્રકાર હોઇ શકે ?

જવાબ : શારીરિક, માનસિક, સાંસારિક અને આધ્યાત્મિક. પણ સુખની વ્યાખ્યા દરેક વ્યક્તિ માટે અલગ હોય.

પ્રશ્ન : ૩ આપે જણાવેલું કે, અમુક મર્યાદા સુધી ભૌતિક સુખ એ જરૂરિયાત છે. નિષ્ઠાપૂર્વકની મહેનત પછી પણ આવી જરૂરિયાતો પૂર્ણ ન થાય તો શું સમજવું ?

જવાબ : સત્યના પંથે ચાલતો હોય, સારી રીતે રહેતો હોય, પ્રમાણિકતાથી ફરજ નિભાવતો હોય છતાંય જરૂરિયાત પૂર્ણ ન થાય તો સમજવું કે પૂર્વજન્મના ફળ છે. માટે પ્રભુમાં લીન રહીને રાહ જોવી. પ્રભુ અચુક તમારે માટે યોગ્ય સગવડ કરશે. અને સુખ આવી મળશે.

પ્રશ્ન : ૪ નિજાનંદ એટલે શું ?

Scanned by CamScanner

જવાબ : એક એવી અવસ્થા જ્યાં દુઃખની કોઇ અસર ન થાય. શરીર અને આત્મા જૂદો છે એમ સમજતો હોય. તે પોતાની અવધૂતિ મસ્તીમાં મસ્ત હોય. આ અવધૂતિ મસ્તીને નિજાનંદ કહેવાય.

પ્રશ્ન : ૫ મનુષ્યની ઉંમર વધે તેમ સંસાર તેને નિવૃત કરે જ્યારે આપના ઉપર માતાજી બોજ વધારતા જ જાય છે અને આપ ઉત્સાહથી સ્વીકારો છો. તો આ ઉત્સાહનું રહસ્ય કહેશો ? નવી કોઇ કામગીરી આવવાની છે ?

જવાબ : મને માતાજી જે સોંપે તે કરૂં છું, બલ્કે તે જ કરાવે છે. મારામાં ઉત્સાહ પણ તે જ સીંચે છે. હું તો વાહક છું. મેં ક્યારેય કલ્પના નથી કરી કે, માતાજી આવી સેવા આપશે. અને નવી કામગીરી આવવાની છે કે નહિ તે આજે ખબર નથી.

પ્રશ્ન : ૬ સાંસારિક સુખની ભૂખ મટવાની નથી, તો આધ્યાત્મિક ભૂખ ઉઘાડવા માટે બાળકોને નાનપણથી કેવા સંસ્કાર આપવા જોઇએ ?

જવાબ : દરરોજ સાંજના કુટુંબના સભ્યોએ ભેગા મળીને પ્રાર્થના કરવી જોઇએ. અને આધ્યાત્મિક બાબતોની ચર્ચા કરવી જોઇએ. મા-બાપનું સદ્‌વર્તન પણ ખુબ જરૂરી છે. બાળકના કુમળા માનસ પર સત્‌વિચારોની અસર થાય એ ખુબ જરૂરી છે.

પ્રશ્ન : ૭ નિજાનંદથી જ પરમઆનંદ મળતો હોય છતાંય મનુષ્ય અધુરો રહે અને તે ભક્તિમાર્ગથી જ તૃપ્ત થાય છે તેનું શું કારણ ?

જવાબ : કારણ. ભક્તિમાર્ગ જ નિજાનંદ પ્રાપ્ત કરવા માટેનું પ્રથમ પગથિયું છે.

પ્રશ્ન : ૮ સાચો સુખી કોને કહેવો ?

જવાબ : જે નિજાનંદની મસ્તીમાં મસ્ત રહે તે સાચો સુખી.

Scanned by CamScanner

પ્રશ્ન : ૯ આધ્યાત્મિક સુખમાં કર્મ આડે આવે ?

જવાબ : અરે, કર્મ સારા હોય તોજ આધ્યાત્મિક સુખ પ્રાપ્ત થાય. ઘણાં લોકોને કર્મ, પવિત્ર કાર્યો અને પુણ્ય કાર્યો કરતાં રોકે છે.

પ્રશ્ન : ૧૦ માનવીના જીવનમાં દસકો સુખનો તો દસકો દુઃખનો આવે છે એમ કેમ ?

જવાબ : કર્મના ફળથી અને ષડ્‌રિપૂઓના પ્રવેશથી દસકો દુઃખનો આવે. કર્મના ફળને તો ભોગવવું રહ્યું પણ ષડ્‌રિપૂઓને પ્રવેશતાં તો રોકવા જ જોઇએ.

પ્રશ્ન : ૧૧ આપના ભક્તોને આધ્યાત્મિક સુખ માટે ત્થા આપની જેમ સમાજસેવાના કોઇક ક્ષેત્રને અપનાવવાનો આપ કોઇ આદેશ આપશો.

જવાબ : આધ્યાત્મિક સુખ માટે માનવતા વ્રત કરો. અને મારા નવ સિધ્ધાંતો જોશો તો નિઃસહાયને સહાય કરવી, દુઃખીઓના દિલના આંસુ લુછવા વગેરે છે જ. પણ આ સેવાનો પ્રકાર તમારે શોધવાનો છે. હું કોઇ નિશ્ચિત પ્રકલ્પ આપવા ઇચ્છતો નથી. તમને અનુકૂળ પડે તેઓ પ્રોજેક્ટ કરો અથવા સેવા કરો.

પ્રશ્ન : ૧૨ આપ આપનું આધ્યાત્મિક સુખ વધારવા શું કરો છો ?

મારા જીવનમાં પારદર્શકતા છે. મારી રોજીંદી સાધના ચાલુ જ છે. મંત્રજાપ કરૂં છું. મારૂં ઘડતર અને ચણતર માતાજી જ કરતાં જાય છે. દૈવીકૃપા હોય તો જ આ બધું કરી શકાય. હું માતાજીનો શિસ્તબધ્ધ સૈનિક છું અને એમના આદેશનો કોઇપણ જાતની શંકા વગર પાલન કરવા સંકલ્પ બધ્ધ છું. હું સૈનિકમાંથી સેનાપતિ થવા પણ ઇચ્છતો નથી. હું જ્યાં છું, જેવો છું એમાં મને સંતોષ છે. માતાજીને સમર્પિત છું. હું સુખ વધારવા કોઇપણ પ્રયત્ન કરતો નથી.

Scanned by CamScanner

પ્રશ્નોત્તરીની સમાપ્તિ કરતાં પૂજ્યશ્રીએ કહ્યું કે...

સુખી થાજો, સુખી રહેજો,
અને સુખી રાખજો..
કિન્તુ કદી ન ભૂલશો પરમતત્વને...
સુખી થાતાં સુખ આવે,
ખુદ ના વિસરાઇ જાવે.
નવા ચહેરા સામને આવે,
અહમ્ મુકામ કરે, ષડરિપૂ સાથ ફરે.

આખા જગતના દુ:ખોને, ભક્તો પાસેથી સંભાળથી સ્વીકારીને ઝોળીમાં ભર્યા પછી પણ પોતે સુખી રહીને આપણને સૌને સુખી રાખવા જીવન સમર્પિત કરનાર આ મહાન વિભૂતિની અજોડ, અવિસ્મરણીય ભાવના જુઓ. કદી ન ભૂલશો પરમતત્વને....

હે ગુરૂદેવ અમને સૌને
દુ:ખમાં પણ હસવાની શક્તિ આપજો.
દુ:ખમાં તમારૂં સાનિધ્ય આપજો
અને દુ:ખમાં જ સુખને શોધવાની દૃષ્ટિ આપજો.
અને છેલ્લે આપના ચરણ રજનું સુખ આપજો.

ૐ મા ૐ

Scanned by CamScanner

-: સેવા :-

(શ્રધ્ધાકુટિરમાં તા. ૧૭-૯-૯૬ ના રોજ આયોજિત જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો)

પ્રતીક્ષાબ્હેન :-

સેવાવૃતિ આમ તો માણસની સાહજિકવૃતિ છે પણ સ્વાર્થના પડળથી એ ઢંકાઇ જતી હોય છે. જેને સાચા હૃદયથી સેવા કરવી છે તેને ક્ષેત્રતો સહેલાઇથી મળી જાય છે. સેવાધર્મઃ પરમ ગહનઃ અર્થાત સેવા કરવાનું કામ કઠિન છે. સદ્‌ગુરૂશ્રીએ સેવાનો અર્થ, મર્મ, આચરણ આત્મસાત કરી આપણી સમક્ષ 'સેવા' શબ્દનું રહસ્ય ખુલ્લું મૂક્યું છે. આપણે માનવતાવ્રતનું આચરણ કરીશું તો જ 'સેવા' શબ્દ સાર્થક થશે.

દિપલ શુક્લ :-

ઇશ્વરે આપણને મનુષ્યદેહ સત્‌કર્મ અને હૃદયની શુધ્ધ ભાવનાને પ્રકાશિત કરવા માટે આપ્યો છે. સેવાનો સાચો અર્થ, જનસમૂહને યોગ્ય માર્ગ કે યથાશક્તિ મદદ કરવી તેમ નહિ પરંતુ સાચા દિલથી સઘળું ઇશ્વરસમર્પિત કરી દેવું. સેવા એ ફરજ કે આદેશ નથી પણ સ્વેચ્છા કાર્ય છે. માનવીને ઇશ્વરના દ્વારનું પગથિયું બતાવવું એ પણ સેવા છે. સેવાની બાબતમાં જેટલો નફો છે એટલો લોટરીમાં પણ નથી.

ઈન્દીરાબ્હેન શુક્લ :-

'સેવા' વિષે માર્ગદર્શન આપવાની વિનંતી કરતા પૂજ્યશ્રીએ મૌન સેવ્યું છે, અર્થાત્ સેવા એ બોલવાનો વિષય નથી, પરંતુ કરવાનો વિષય છે. સેવાના ભાષણોથી આપણે દૂર રહીએ અને સેવામાં લાગી જઈએ.

કંદર્પ :-

સેવા એ ધર્મ છે, સદ્‌ગુણ છે, પરમાત્માની પ્રાપ્તિ અને મોક્ષ તથા શાંતિ આપનાર છે. સેવા એક શક્તિ છે જે શત્રુને પણ મિત્ર બનાવે છે. સેવાથી પુણ્ય મળે છે.

Scanned by CamScanner

ભરતભાઈ પટેલ :-

પમી સપ્ટેમ્બર, ૭૬ની સાલે, મા કહે શું જોઇએ તારે ?

બાળ કહે માતને, ભક્તિ જન્મોજન્મની અને સેવા માનવબંધુ તણી...

શ્રધ્ધાની પર્ણ કુટીરે, ભક્તિનું સિંચન થાય,
નિલોષાની સેવા શિબિર, વડવાઇઓથી વીંટળાય...
સેવા અને સ્મરણ, બે જગમાં કરવાનાં છે કામ,
સેવા તો જનસેવા કરવી, લેવું હરિનું નામ...

કુદરતનો મહામંત્ર છે 'સેવા' જેના મૂળમાં છે ભગવાન. હે અનાથોના નાથ, હે સેવાવ્રતધારી, હે સેવાના ભેખધારી, હે સેવાનો અલખ જગાડનાર રાજયોગીજી, સેવાનું સમગ્રતંત્ર આપના હસ્તકમલમાં છે. આપને પ્રણામ...

મહિડાજી :-

સેવાના બે પ્રકાર- પ્રભુ સેવા અને સમાજ સેવા- પ્રભુની ભક્તિના નવ પ્રકાર- સમાજ સેવા કરતાં પહેલાં ઇશ્વરનું સ્મરણ કરીને અંતઃકરણ પવિત્ર કરવું જરૂરી છે. નામના મેળવવાની ઇચ્છાથી કામ કરનારાઓ બૂરે માર્ગે જાય છે. અંગત લાભ નજરમાં રાખીને સેવા કરવી એ ઢોંગ છે. સેવાના ધ્યેયની સફળતા માટે ત્થા મનની શાંતિ માટે બધુ જ ઇશ્વરને અર્પણ કરી દેવું અને હૃદયપૂર્વકની પ્રાર્થના કરવી. જીવનમાં બધાં જ કામો ઇશ્વરની સેવા સમજીને કરીએ તો હંમેશાં પ્રસન્નતા રહે.

ભાવનાબ્હેન :-

'સેવા' આ શબ્દભંડારમાંનો અદ્‌ભૂત શબ્દ સ-સરળતા અને વ-વહી જાય. નિસ્વાર્થ પણે સરળતાથી વહી જાય તે સેવા. સ્વાર્થી ને કદી શાંતિ હોતી નથી પણ સેવા એ શુધ્ધ આનંદની જનની છે. જીવનમાં જ્યારે તક મળે અને પ્રત્યેક અવસરે સેવા કરો, સેવામાં જે આનંદ અને સંતોષ છે. એ બીજે ક્યાંય નથી.

હેમંતભાઈ ઉપાધ્યાય :-

સેવા અને સુખ એકબીજાના પડછાયા છે. સેવાથી સુખ કે સુખથી

Scanned by CamScanner

સેવા એ પ્રશ્ન છે. સેવાનાં ત્રણ પ્રકાર- અર્પણ સેવા, તર્પણ સેવા અને દર્પણ સેવા... માતૃસેવા, પિતૃસેવા, કુટુંબસેવા, એ અર્પણ.. ધર્મસેવા, રાષ્ટ્રસેવા, ગૌ સેવા એ તર્પણ.. અને અહંકારના પ્રતિબંધિતને જોવાની ઈચ્છા વાળી સેવાઓ જેવીકે અન્ન સેવા, જળ સેવા, સમાજસેવા એ દર્પણ સેવા... સંતો દ્વારા, માનવકલ્યાણ, દુઃખ નિવારણ ત્થા આત્મકલ્યાણના કોઈપણ જાતની અપેક્ષા કે પૂર્વગ્રહ વગરના કાર્યો-એ સર્વોત્તમ સેવા અને ગુરૂચરણના જમણા અંગુઠામાં શ્રધ્ધા અને શરણાગત થવાનું પૂણ્યમળે એ ભક્તની શ્રેષ્ઠ સેવા.

રમેશભાઈ બારોટ :-

સેવાના ત્રણ પ્રકાર (૧) સમૂલ્ય-એટલે નાણાંકીય બદલો મેળવીને સેવા આપવામાં આવે (૨) માન્દ -એટલે કે યશ, કીર્તિ, પ્રશંસાની અપેક્ષાથી થતી સેવા. (૩) વિનામુલ્ય - એટલે નિઃસ્વાર્થ ભાવે કરાતી સેવા નવસિધ્ધાંતોને જીવનમાં અપનાવવા, ષડ્રિપૂઓનો સંહાર, મન-વચન-કર્મની પવિત્રતા અને માનવતાવ્રતનું પાલન એ જ ઉત્તમ સેવા છે.

હરવેશ હાંસોટીયા :-

સેવા એટલે અહમ્નો નાશ અને પરજીવ પર ઉપકાર. ભગવાને બનાવેલા વિશ્વઉદ્યાનમાં આપણને એટલા માટે જ જનમ આપ્યો છે કે, આપણે તેમાં વસતાં દરેક જીવની સેવા કરીએ. પૂજ્ય ગુરૂદેવ જેવા સૂર્યના સ્ત્રોત જે નિત્ય નિરંતર દુ:ખીઓની સેવા કરે છે. તેમની પાસેથી શીખવું પડશે. આપણને કોની ક્યારે જરૂર પડે તેની ખબર નથી અને એટલે જ બીજાને મદદ કરી હશે તો આપણા ગુરૂદેવ આપણને ત્વરિત મદદ કરશે. ગુરૂદેવે આપણને માનવતાવ્રત આપીને માનવ બનાવવા પ્રયત્ન કર્યો છે. સેવાથી મોટી કોઈ ભક્તિ નથી.

ઉમાબ્હેન :-

પાત્રતા કેળવ્યા પછી તે જે કહે તેમ કરવું તે સેવા. આપ્યા પછી પાછું લેવાની આશા વિના કરવામાં આવે તે સેવા. આપણને ઈશ્વરે આપ્યું છે તેમાંથી ૧૦ મો ભાગ માણસની સેવામાં વાપરવો. મન-

Scanned by CamScanner

વચન-કર્મની પવિત્રતા રાખી, સેવા કરી અને પાત્રતા કેળવી આપણે પ્રાર્થના કરીએ તેમ પરમાત્મા કરે જ.

જસવંતભાઈ :-

સેવા એટલે તન-મન-ધન અને દૈવીશક્તિથી મદદરૂપ થવુંતે. જેકાંઈ શક્તિઓ પરમતત્વે આપી છે, તેનો અપંગ, નિરાધાર, અંધજન રોગી ત્થા અબોલ જીવોની સેવા કરવામાં ઊપયોગ કરવો. માનવજન્મને દિપાવવો હશે તો સેવારૂપી જ્યોત અખંડ ચાલુ રાખવી પડશે. આ સેવા કોઈપણ જાતની અપેક્ષા વગર હોય...સૂર્ય પ્રકાશ આપે કે વૃક્ષ છાંયડો આપે અને સદ્‌ગુરૂ શાંતિ આપે, તેઓ કોઈ અપેક્ષા રાખતા નથી. હનુમાનજીની અનન્ય સેવાથી રામને તેમના હ્રદયમાં બેસવું પડયું. પૂજ્ય ગુરૂદેવની નિષ્કામ સેવાથી તેમના પર માતાજીની કૃપાદષ્ટિ છે ત્થા તેમને વારંવાર આવવું પડે છે. આપણે ગુરૂદેવના ચરણની સેવા કરીએ.

મનેષભાઈ :-

સ એટલે સરસ અથવા સમય, વા એટલે વાવવું. પોતાનો સમય ફાળવી સરસ એવું સ્વાર્થ રહિત વાવવું એટલે સેવા. ઇષ્ટનાં નામે કે મંત્રજાપ સાથે કરાતી સેવા ઉત્તમ છે. સેવા, આર્થિક, શારીરિક, માનસિક કે આધ્યાત્મિક હોઈ શકે. સેવા એ પરમાત્માની કસોટીની સીડી છે. પરમાત્માની વિધિવિધાનથી સેવા કરવાને બદલે વ્યક્તિમાં બિરાજેલ પરમાત્માની સેવા કરવી શ્રેષ્ઠ છે. સેવામાં છૂત-અછૂત, નાના-મોટાં, માન-મર્યાદા કે સૂત્રને સ્થાન નથી. કરેલ સેવા વ્યર્થ જતી નથી. સેવા પરમને પ્રિય છે. સેવા કરનારની પ્રભુ સંભાળ રાખે છે.

હસમુખભાઈ પુરોહિત :-

પૂજ્ય ગુરૂદેવ દ્વારા અપાયેલ માનવતાવ્રત અભિયાન તેમજ ૧૮ આયુધોમાં સેવાધર્મ જ સમાયેલો છે. પૂજ્યશ્રી નિષ્કામભાવે ૨૩ વર્ષથી અવિરત સેવા કરી રહ્યા છે. મનુષ્યજાતિની નિસ્વાર્થ સેવા , આધ્યાત્મિક માર્ગનું પહેલું પગથિયું છે. નિષ્કામ સેવા એજ મુક્તિના

Scanned by CamScanner

માર્ગે આગળ વધવા માટેનો મુદ્રાલેખ છે. અભણને અક્ષરજ્ઞાન, ગરીબને અન્ન, દુ:ખીને દિલાસો એ પણ સેવા છે. સેવા ઊંચી કે નીચી એવા ભેદ ન હોવા જોઈએ. માનવી આપતાં શીખે તો દેવ બની શકે. સૂર્ય, ચંદ્ર, નદી, પૃથ્વી, વૃક્ષો બધાં આપ્યાં જ કરે છે. માતપિતાની પ્રેમથી સેવા, વૃધ્ધની સેવા, ગુરૂ પ્રસન્ન થાય તેવી સેવા કરવાથી હૃદયને ગમશે અને તે હૃદયમાંથી આશીર્વાદ નીકળશે. શ્રીકૃષ્ણે ગુરૂમાતાની સેવા કરી તે માતાએ આશીર્વાદ આપ્યા, "સરસ્વતી તમારા મુખમાં રહેશે, લક્ષ્મીજી તમારા ચરણોમાં રહેશે, તમારી કીર્તિ આખા જગતમાં કાયમ રહેશે અને તમે કોઈ દિવસ જ્ઞાન ભૂલશો નહિ."

ગાયત્રી જાની :-

સેવાના ચાર પ્રકાર. પ્રભુસેવા, મા-બાપની સેવા, માનવસેવા અને ગુરૂસેવા. સેવાથી મેવા જ મળે છે. સેવા એળે જતી નથી.

ગુરૂદેવ ભલે તમે રહ્યા પૂનમના ચંદ્ર
ભલે અમે રહ્યા ટમટમતા તારલા
પણ સુણો મારી એક જ અરજી
ચરણ કમળમાં ધરૂં હું આજે પુષ્પાંજલિ.

પૂજ્ય બ્હેનજી :-

(૧) અંતરથી વહે જો સેવાની સરિતા
સ્વાર્પણ ને સહૃદયતા ભળે જો સેવામાં
પારકાને પોતીકાં ગણે જો સેવામાં
માનવમાંથી મહામાનવ બની જવાય સેવામાં...

(૨) ત્યાગ અને સેવાની જોડી જામે
જીવન ધન્ય બની પ્રભુ સંગે રમે...

(૩) સેવાની સરિતા વહે જ્યાં,
પ્રેમનો ઉદધિ ઊછળે ત્યાં,
માનવ મહેરામણ ઉભરાયે ત્યાં,
પરમની પ્રતીતિ થાયે ત્યાં...

Scanned by CamScanner

પરમ પૂજ્ય ગુરૂદેવ

તમારે સેવા કરવી હોય તો, તમારી જાતને મર્યાદા મુજબ, તન-મન-ધનથી સેવામાં સમર્પિત કરી દ્યો.

તન - શારીરિક સેવા.
મન - સામાજીક, આધ્યાત્મિક.
ધન - આર્થિક સેવા.

શ્રીરામે રાક્ષસોનો સંહાર કર્યો - શારીરિક સેવા...
શ્રીકૃષ્ણે કંસના ત્રાસથી મુક્ત કર્યા - શારીરિક સેવા...

મનથી સેવા કરનાર હનુમાનજી.
બલિરાજાએ જે સેવા કરી તે ધનથી સેવા...

અને છેલ્લે એક સેવાશીખ-

સ્નેહથી સેવામાં સમર્પિત થાવ,
જીવન પુષ્પ સમું બની જાશે...

માતાજીના આદેશથી જીવનની એકએક પળ સેવામાટે જ વાપરનાર, સેવાના શિખરો સર કરનાર, દીનદુ:ખી અને રોગીઓની સેવા કરી સમાજમાં એક નવા જ અભિગમના જન્મદાતા પૂજ્યશ્રીના ચરણોની સેવા આપણને સતત મળતી રહે એવી પ્રાર્થના.

ૐ મા ૐ

Scanned by CamScanner

- સેવા - પ્રશ્નોત્તરી

(તા. ૨૨-૯-૯૬ ના રોજ શ્રધ્ધાકુટીરમાં થયેલી પ્રશ્નોત્તરીમાં પૂજ્યશ્રીએ પોતાના શાસ્ત્ર અને મંતવ્ય આધારિત આપેલા પ્રત્યુત્તરો)

પ્રશ્ન : ૧ સેવા અને દાન એ બેનો તફાવત સ્પષ્ટ સમજાવશો ?

જવાબ : દાનમાં મહ્દ અંશે ભૌતિક વસ્તુનો સમાવેશ થાય. સેવામાં ભૌતિક સ્વરૂપ ઓછું છે. સેવા જાતે કરવાની હોય. દાન તમારે બદલે બીજા પણ કરી શકે. ક્યારેક દાન, સેવાનું સ્વરૂપ પણ લે. દા.ત. વિદ્યાદાન - જો અપેક્ષા વગર કરાતું હોય તો.

પ્રશ્ન : ૨ સેવા અને ભક્તિ એ બેમાં કોનું પલ્લું ભારે ?

જવાબ : હાસ્ય... આ બન્નેમાં પલ્લાંની એટલેકે વજન અથવા મહત્ત્વની તુલના ન કરો. બન્ને વચ્ચે ભેદરેખા બહુ પાતળી છે. અને મારાં મતે બન્નેનું મહત્ત્વ સરખું જ છે. એટલે બન્ને પલ્લાં સરખાં છે.

પ્રશ્ન : ૩ વિદેશમાંથી પૈસા મોકલે તો સેવા કહેવાય ?

જવાબ : મેં હમણાં જ કહ્યું કે, સેવા સ્વયંથી થાય. આને દાન કહેવાય.

પ્રશ્ન : ૪ સેવાની સમજ આપતાં આપે કહ્યું છે કે 'તમારી મર્યાદા મુજબ' તન-મન-ધન થી સેવા કરો. તો મર્યાદા એટલે શું ?

જવાબ : 'મર્યાદા' એટલે તમારી શક્તિઓને ઓળખો. તે ભૌતિક હોય કે આંતરિક - કોઈ કરોડપતિ લાખનું દાન કરે, કોઈ પહેલવાન આખો દિવસ શ્રમ કરે.તમે તમારી શક્તિ વધારવાનો પ્રયત્ન કરો પણ કોઈકનું અનુકરણ કરવા શક્તિ સામર્થ્યથી વધુ લાંબા થાવ નહિ.. આ 'મર્યાદા'.

પ્રશ્ન : ૫ દાનમાં સુપાત્રની તપાસ કરાય તો સેવા માટે સુપાત્ર કેવી રીતે તપાસવું ?

જવાબ : સેવામાં સુપાત્રની પસંદગી હોતી નથી કારણ સેવા તમારે કરવાની છો. અને સેવા ક્ષેત્ર શોધવામાં તમારે જ પ્રયત્ન

Scanned by CamScanner

કરવો પડે.

પ્રશ્ન : ૬ કોઈ વિષય-નિષ્ણાત વિનામૂલ્યે માર્ગદર્શન આપે તો સેવા ગણાય ?

જવાબ : હા કોઈક ડોક્ટર પોતાના જ્ઞાનનો, અનુભવનો ઉપયોગ, પૈસા લીધા વગર ગરીબ દર્દી માટે કરે તો સેવા જ કહેવાય. એમ દરેક ક્ષેત્રમાં...

પ્રશ્ન : ૭ સેવા કરવાથી મનોશારીરિક ફેરફાર આવે ?

જવાબ : શારીરિક ફેરફાર તો બહુ શક્ય નથી પણ માનસિક ફેરફાર જરૂર આવે. તમારામાં સ્ફૂર્તિ, ઉત્સાહ, આનંદ આવે, અહમ્ તૂટતો જાય, ઈર્ષ્યા જતી રહે, દયાભાવ આવે, ષડ્રિપૂઓ નીકળતાં જાય વગેરે...

પ્રશ્ન : ૮ દયાભાવે સેવા કરતાં હોઈએ અને કોઈ મશ્કરી કરે અથવા ડફોળ સમજે તો શું કરવું? સેવા છોડી દેવી ?

જવાબ : સેવા છોડી શકાતી નથી. સંસારની વ્યવસ્થા જ એવી છે કે દરેક વ્યક્તિ કાંઈક ને કાંઈક સેવા કરતો જ હોય છે. માતૃસેવા, પિતૃ સેવા.. સેવામાં મન મજબૂત રાખો. ડરો નહિ. સાચી સેવાને સમય ઓળખાવશે.. સમય બોલશે...

પ્રશ્ન : ૯ સેવા અને ભક્તિ એ બેમાંથી એક કરીએ તો ચાલે ?

જવાબ : મેં પહેલાં પણ કહ્યું છે કે પર્યાય અથવા છટકબારી ન શોધો. મર્યાદામુજબ બન્ને કરો.

પ્રશ્ન : ૧૦ આપને માતાજી આ કાર્યયજ્ઞથી સેવા કરાવે છે તો અન્ય સંતો આવી સેવા કેમ નહીં કરતાં હોય ?

જવાબ : આપણને અન્ય સંતોની સેવાની ક્યાં ખબર છે ? દરેક સંત સેવા કરતાં જ હોય. સેવાનું કાર્ય કઠીન છે એટલે કોઈક ન પણ કરે. તેઓ એમની રીતથી સેવા કરતા હોય. પણ જગતના બધા જ સંતો જો રોજ બે જ કલાક સેવા કરે તો આખું જગત સુખી થઈ જાય.

પ્રશ્ન : ૧૧ શ્રેષ્ઠ સેવા કઈ ?

જવાબ : કોઈપણ ક્ષેત્રમાં મર્યાદા મુજબની નિ:સ્વાર્થ સેવા એ શ્રેષ્ઠ.

પ્રશ્ન : ૧૨ જેમ ભક્તિ ઈશ્વરના ચોપડે નોંધાય એમ સેવાની નોંધ લેવાય ?

Scanned by CamScanner

જવાબ : હા, કારણ સેવા એ સત્કર્મ છે જેનું ફળ તમને મળનાર છે. આ કર્મ તમારૂં પ્રારબ્ધ બને એટલે એની નોંધ જરૂર લેવાય.

પ્રશ્ન : ૧૩ સેવા કરવાનું સૌભાગ્ય દરેકના ભાગ્યમાં હોય ખરૂં ?

જવાબ : હમણાં જ મેં કહ્યું કે, સંસારમાં દરેક વ્યક્તિ સેવા કરે જ છે. આપણી સામાજિક વ્યવસ્થા જ એવી છે કે, દરેકને સેવાનું સૌભાગ્ય સાંપડે, પણ ઘરની સાથે, સમાજની સેવા કરો, સેવાક્ષેત્ર વિસ્તારતા જાવ.

પ્રશ્ન : ૧૪ પરમતત્ત્વને પામવું હોય તો કેવી સેવા કરવી ?

જવાબ : પૂર્વજન્મના પુણ્યો હોય તો જ આ સેવા થઈ શકે. આ જન્મમાં પણ પુણ્યકાર્યો કરો. પરમતત્ત્વને પામવા આધ્યાત્મિકતાના માર્ગે ચાલો. મન-વચન-કર્મની પવિત્રતા અને માનવતાવ્રતનું પાલન કરો.

પ્રશ્ન : ૧૫ ગુરૂના ચરણની સેવા એટલે શું ?

જવાબ : પોતાનું આચરણ ગુરૂદેવના આદેશો, સિધ્ધાંતો અને માર્ગદર્શન પ્રમાણે બનાવવું. ગુરૂદેવના વિચારો, જન-જન સુધી પહોંચાડવા પ્રયત્ન કરવો, ગુરૂની આજ્ઞા ઉલ્લંઘવી નહીં.

પ્રશ્ન : ૧૬ આપણે માતૃસેવા પર ભાર મૂક્યો છે તો માતા બાળક માટે જ કાંઈ કરે તેને શું કહેવું ?

જવાબ : માતા બાળક માટે જે કાંઈ કરે છે એને શબ્દોથી નહીં મૂલવાય... એ તો સેવાથી પણ કેટલુંય ઉંચું છે. એ વાત્સલ્ય કહી શકો અને ગમે તેટલી સેવા માતૃઋણ ચુકવી નહીં શકે.

પ્રશ્ન : ૧૭ માતાજી આપને બાળ તરીકે લાડ લડાવે છે એની અનુભૂતિ વાત્સલ્ય સાથે સરખાવી શકાય ? એને માટે આપ શું કરવા ઈચ્છો છો ?

જવાબ : લૌકિક જગતમાં વાત્સલ્ય બરાબર છે. અલૌકિક જગતમાં આને દિવ્યપ્રેમ કહી શકાય. હું આ દિવ્ય પ્રેમની એક પણ ક્ષણ ખોવા ઈચ્છતો નથી માટે જ મારી ખ્વાહિશ છે કે હંમેશાં હું શિસ્તબધ્ધ સૈનિક બની રહું.

Scanned by CamScanner

પ્રશ્ન : ૧૮ આપે સેવા અને ભક્તિને સરખું મહત્વ આપ્યું . ભક્તિમાં શ્રધ્ધા-શરણાગતિ આવે તો સેવામાં શ્રધ્ધા અને શરણાગતિ ક્યાં સુધી જોડી શકાય ?

જવાબ : સેવામાં જ્યારે શ્રધ્ધા ભળે ત્યારે સેવાનું બળ વધી જાય. હું માતાજીમાં પૂર્ણ શ્રધ્ધા સાથે જ દુ:ખીઓની સેવા કરૂં છું ને ? શ્રધ્ધા બળ સેવાને તેજસ્વી બનાવે. ગાંધીજી એ આ રાષ્ટ્રની સેવામાં કેવી શરણાગતિ સ્વીકારી.સેવામાં સઘળું સમર્પણ કરી દીધું તો આ દેશને આઝાદી અપાવી શક્યા. તમારા કાર્યમાં શ્રધ્ધા રાખો અને કાર્યમાં જ શરણાગત થાવ....

આજની પ્રશ્નોત્તરીમાં પૂજ્યશ્રીએ સેવાને તેજસ્વી બનાવવા એક સુંદર પંક્તિ કહી.

સેવામાં સ્નેહ પ્રગટે
સ્નેહમાં સમર્પણ પ્રગટે
સમર્પણનો સૂર્ય પ્રગટે
તળેટીમાંથી ટોચે પહોંચે...



માત્ર કહેવા ખાતર નહીં પણ પોતાના સેવા યજ્ઞમાં સ્નેહની સરિતા વહેવડાવી, જીવન આખું સેવાને સમર્પણ કરી નિ:સ્વાર્થ સેવાની સુંગધી તેજસ્વિતાને દેશ-પરદેશમાં ફેલાવનાર અમારા પૂજ્ય ગુરૂદેવને એક જ પ્રાર્થના,

બિંદુ એક સેવા-સરિતાનું અમને પણ આપોને...

ૐ મા ૐ

Scanned by CamScanner

-: મૌન :-

(શ્રધ્ધાકુટીરમાં તા. ૨૯-૯-૯૬ ના રોજ આયોજિત જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો)

મહિડાજી :-

મૌન એ શક્તિસંગ્રહ કરવાનું એક અમોઘ શસ્ત્ર છે. મૌનથી શક્તિ સંપાદન થઈ શકે છે. મૌનથી અંતરાત્માના અવાજને સાંભળવાની સુંદર તક સાંપડે છે. આત્મા-પરમાત્માની વાતચીત કરવાનું મૌનથી જ સુલભ બને છે. વ્રતોમાં શ્રેષ્ઠવ્રત મૌનવ્રત છે. અંતરાત્મામાં શુભચિંતન શુભવિચાર અને સદ્‌વર્તન સંપાદન થાય તો જ સાચું મૌન. ફક્ત મૌન રાખી અંદરથી દ્વેષ, રાગ, ધિક્કાર અને અહમ્‌નું પ્રાગટ્ય થતું હોય તો તે મૌન નથી, તેના કરતાં બોલવું સારૂં જેથી દુષ્ટ ભાવનાઓ બહાર નીકળી જાય. મૌનની શક્તિ ઘણી વિસ્ફોટક અને સર્જનાત્મક હોય છે, ત્થા મૌનથી દિવ્ય સંતો શક્તિ સંક્રમણ કરી શકે છે.

પ્રતિક્ષાબ્હેન :-

'Speech is Silver but Silence is Gold'- જગતમાં પ્રભુએ માત્ર મનુષ્યને જ વાણીના વ્યવસ્થિત ઉપયોગ કરવાની બક્ષિસ આપેલી છે. આપણા લોકોમાં નિરર્થક બોલ્યા કરવાની રાષ્ટ્રીય કૂટેવ છે. 'સબસે બડી ચૂપ ત્થા ન બોલ્યામાં નવ ગુણ' જેવી કહેવતોનું આપણે આચરણ કરતાં નથી. 'મૌનં સર્વાર્થ સાધનમ્' અર્થાત્ મૌન તમામ હેતુઓ સિધ્ધ કરવાનું સાધન છે. મૌન એટલે મૂંગા બની જવું એવું નહિ પણ જ્યાં જેટલી જરૂર હોય એટલું અવશ્ય બોલવું. તાત્વિક દષ્ટિએ મૌન એ બે શબ્દો વચ્ચેનો અવકાશ છે. તમારા બોલાયેલા શબ્દોના તમે ગુલામ છો જ્યારે નહિ બોલાયેલા શબ્દોના તમે માલિક છો. વાણી જ્યારે અન્તર્મુખી બને છે. સંયમિત બને છે ત્યારે વ્યક્તિની સ્વચેતના, પરમચેતના સાથે જોડાઈ જાય છે અને નિજાનંદમસ્તીનો અનુભવ થાય છે. મૌનના મહાસાગરમાં ડૂબકી મારનાર જ વાણીનાં અમૂલ્ય મોતી શોધી કાઢે છે. મૌન એ સાધના અને સિધ્ધિ બન્ને છે, આરંભમાં મૌન સાધન હોય છે, પણ ઘણીવાર મૌન પોતે જ મોટી સિધ્ધિ બની જાય છે.

Scanned by CamScanner

હરવેશ :-

મૌન રહેવાથી આપણી આંતરિક શક્તિ વધશે. મૌનીને ક્યારે કાયર ન સમજવો. આજનો માનવી, પોતાની વાણી પર કોઈ અંકુશ રાખતો નથી અને વગર વિચાર્યે બોલ્યે જાય છે. જે પોતાના અને બીજાના જીવનમાં ઝંઝાવાત પેદા કરે છે. જેથી મૌન રાખવું સારૂં. પરમ પૂજ્ય સદા વંદનીય રાજયોગી નરેન્દ્રજી વાસ્તવિકમાં એક મૌની જ છે. લૌકિક અને અલૌકિક જગતના વિહારક છે, અરે એ તો ન કલ્પેલ શક્તિઓનું Power Station છે. મૌન રહી, ધણી વખત કડવો ધૂંટડો પીને આવનાર વ્યક્તિને સસ્મિત આવકારે છે, આશીર્વાદ આપે છે અને એની મુશ્કેલીઓનું નિવારણ કરે છે. દુઃખી વ્યક્તિ જ્યારે પૂજ્યશ્રીના દર્શને આવે છે ત્યારે તેઓ કશું બોલતા નથી, પણ પ્રેમઝરણાં જેવા એમના દિવ્ય ચક્ષુઓ અને સ્મિતથી વ્યક્તિ સંતોષ પામે છે. આમ ગુરૂદેવ મૌન રહીને આપણી મનોભૂમિ સાફ કરે છે અને સદ્બુધ્ધિનું સિંચન કરે છે, આપણા અંતરના દ્વાર ખખડાવે છે અને પરમશક્તિની મસ્તીમાં મસ્ત રહેવાની પ્રેરણા આપી આપણને આધ્યાત્મિક માર્ગમાં આગળ વધારે છે. મૌન એક યોગક્રિયા છે, અને જે મૌન રહીને પોતાની વિચારધારાનો ધોધ વહેવડાવી સંસારના દરેક જીવો પરના બાહ્ય પડળો હટાવે છે તેજ યોગી કે રાજયોગીનું બિરૂદ પામી શકે છે.

પ્રેરણા :-

મૌન શબ્દ નાનો અને અર્થ મોટો. મૌન કેળવવું અઘરૂં છે કારણ આપણું મન આપણા કાબુમાં નથી. મૌન રહેવું એ સામાન્ય માનવીના બસની વાત નથી, આપણે તો ચૂપ જ રહી શકીએ. મન પરનો કાબુ એટલે મૌન, ઇન્દ્રિયો પરનો કાબુ એટલે મૌન, પ્રતિકૂળ સંજોગોને અનુકૂળ ગણવાની શક્તિ એટલે મૌન, વાણી પરનો કાબુ એટલે મૌન. આવું મૌન તો માત્ર સંત પુરૂષ જ રાખી શકે. એમનું મૌન પણ વાચા સમાન હોય છે, એ ન બોલીને ઘણુ કહી જાય છે. આવા સંતના સંસર્ગમાં રહેવાથી આત્માની મલિનતાને દૂર કરી શકાય, જે મન પર કાબુ રાખતાં શીખવે, વાણીની લોલુપતાથી દૂર રાખે. આવા સંતના સંસર્ગમાં રહેવાથી કામ, ક્રોધ, મોહ, લોભ, શોક દરેકથી દૂર રહીને જીવનને શુધ્ધ અને જીવવા લાયક બનાવે.

Scanned by CamScanner

ચન્દ્રકાન્તભાઇ :-

મૌન એટલે નિ:શબ્દ રહેવું. આપણે ખુબ જ વિચારપૂર્વક તોલી તોલીને બોલવું જોઇએ. બોલતી વખતે શરીરની ઉર્જા બહાર નીકળે છે, મૌનથી આ શક્તિ અને ઉર્જાનો વ્યય અટકાવી શક્તિનો સંચય કરી શકાય. મૌન રહેવા માટે અભ્યાસ જરૂરી છે. કારણ મૌન રહેવું માનવસહજ સ્વભાવ વિરૂધ્ધનું છે. ચંચળ મનને કાબુમાં રાખવું પડે, મનને કાબુમાં રાખવાથી ધૈર્યતા અને ગંભીરતાના ગુણો વિકસે. જેનાથી મનુષ્યનું સમગ્ર વ્યક્તિત્વ ખીલી ઉઠે. મૌનનો અર્થ એ નથી કે, દરેક પરિસ્થિતિમાં મૌન રહેવું- અન્યાય, અત્યાચાર કે દૂરાચારના પ્રસંગોએ મૂકપ્રેક્ષક ન બનવું, આવા સમયે ગર્જના પણ કરતાં અચકાવુ નહિં.

ગાયત્રી :-

મૌન એટલે મ નો અર્થ 'મર્મ' થાય અને ન નો અર્થ 'ના' થાય. એટલે કોઇ વસ્તુનો મર્મ જાણ્યા સિવાય અકારણ બોલવું નહિ. મૌન એટલે કોઇને દુ:ખ થાય તેવું બોલવું કે વર્તવું નહિ. મૌનથી બુધ્ધિનો વિકાસ થાય છે અને ચિત્ત સદાય સ્થિર રહે છે. સિધ્ધ વ્યક્તિઓ મૌન રહી અજ્ઞાનના પડદાથી બંધાયેલા અવ્યક્ત અને ગુપ્તજ્ઞાનને વ્યક્ત કરતા હોય છે. મૌનની ભાષા સમજી, તે સંકેતને ઓળખી કાઢીએ તો પછી જીવનમાં કંઇ વિશેષ સમજવા જેવું રહેતુ નથી.

જસવંતભાઈ :-

મૌન એટલે ઇન્દ્રિયો પર સંયમ કેળવી સહનશીલ બનવું. મૌનના પાંચ પ્રકાર- વાણીનું મૌન, કર્ણોનું મૌન, નયનોનું મૌન, મનનું મૌન અને વર્તન-વ્યવહારનું મૌન. જીવનમાં આના ઉપરાંત સત્કર્મોનું, સેવાનું, ભક્તિનું ત્થા દાનનું મૌન રાખવું. મૌનથી થતા ફાયદામાં સુખ શાંતિ મળે, શક્તિનો સંચય થાય, દૈવી સંપત્તિમાં વધારો થાય, પરસ્પર પ્રેમ વધે, અહમ્ દૂર ભાગે, એકાગ્રતા આવે, આધ્યાત્મિક ઉન્નતિ આવે, જીવન સુવાસમય બને, અવધૂતિ આનંદ મળે.

પૂજ્ય ગુરૂદેવના સમગ્ર અસ્તિત્વમાં આપણે મૌનના દર્શન કરીએ.

કંદર્પ :-

મૌન એક સદ્ગુણ છે, વાર્તાલાપની એક મહાન કલા છે,

Scanned by CamScanner

આત્મા મૌન રહે ત્યારે પરમાત્મા બોલી શકે. મૌન રાખવાથી ઘરમાં શાંતિ થાય. મૌન એક શક્તિ છે.

સ્નેહાબ્હેન :-

મૌન એ સંસારરૂપી વિષવૃક્ષનું મધુર ફળ છે. માણસના મ્હોંમાં કરડનાર દાંત અને મધુર બોલનારી જીભ બંને સાથે જ રહે છે. આમ છતાં બંનેને એકબીજાની અસર થતી નથી. કટુવચન ઉચ્ચારવા કરતાં મૌન રહેવું વધારે ઉપયોગી છે. જીવનમાં જ્યારે વિષાદ આવે ત્યારે મૌન રહેવું. એકવાર જીભમાંથી નીકળેલ શબ્દોના આપણે ગુલામ બની જઇએ છીએ.

હસમુખભાઈ :-

વાણીની શક્તિનું સંશોધન અને સંવર્ધન કરવા માટેની સાધનાનું નામ છે મૌન. મૌન એટલે પરમ શાંતિ. વાક્ઇન્દ્રિયો પરનો એક પ્રકારનો કાબુ. પ્રકૃતિનો સનાતન નિયમ. ચંદ્ર, સૂર્ય, તારા બધાંજ કશુંય કહ્યા વિના ચાલી રહ્યા છે. મનુષ્યએ પણ જીવનમાં મહાન કાર્યો કરવા મૌનનો જ આશરો લેવો પડશે. સંતો વધારે બોલતા નથી. કદાચ્ બોલે તો લૌકિક વાતો કરતા નથી પણ ભગવત્ ગુણોગાનોની જ વાતો કરશે. મૌન દરમ્યાન આપણી શક્તિ પરમાત્મા પર એકાગ્ર થવી જોઇએ અને નામ સ્મરણ, ધ્યાન, જપ થવા જોઇએ. મૌન પોતાની જાતને સમજવા માટે અંતઃસ્ફૂરિત સ્વ ને મદદ કરે છે. જડભરતની વાર્તા કહીને કહ્યું કે, મૌન એ બ્રહ્મ છે, અને સત્ય છે.

ભાવનાબ્હેન :-

વાણી અને મૌન એક જ સિક્કાની બે બાજુઓ છે. વાણીમાં જેટલી શક્તિ છે, તેનાથી વધારે સામર્થ્ય મૌનમાં હોય છે. બોલવું સહજ અને સહેલું છે જ્યારે મૌન ધારણ કરવું, ઉંડી સમજ માંગી લે છે. મ = મનમાં અને ન = નરેન્દ્રજી. નરેન્દ્રજીને મનથી યાદ કરીએ તે મૌન. અજ્ઞાનીઓના શોરબકોરમાં જ્ઞાનીઓ મૌન પાળે છે. ચૂપ રહેવું, શાંત રહેવું અને મૌન ધારણ કરવું તેમાં તફાવત છે. ચૂપ રહેવું તે ભૌતિક ક્રિયા છે જ્યારે મૌન એ વાણી પરનો સંયમ, શાંતિની ઉત્કંઠા, પ્રશ્નનું શાંત ચિત્તે વિશ્લેષણ કરવાની ઇચ્છા તેમજ મન તરફ અંતર્મુખી થવાની પ્રક્રિયાનું પ્રતિબિંબ છે. મનના ઉદ્યાનમાં વિચારોના તોફાની સુસવાટા થયાં કરતાં હોય તો મૌનનો કોઇ અર્થ નથી. મૌન એટલે

Scanned by CamScanner

ધ્યાનની નાની આવૃત્તિ, પણ અણીને સમયે મૌન રાખવાથી અનર્થ થઇ જાય.

પારૂલબ્હેન :-

જીવનમાં દરેક કાર્યો કરવામાં મૌન કાર્યસાધક તરીકે કાર્ય કરે છે. મૌનના પાયામાં જ્ઞાન, વિવેક અને સંયમ રહેલાં છે. મૌન ક્ષમા અને સહનશીલતાનો નિચોડ છે. તપ અને સંયમ માટે મૌન અનિવાર્ય છે, જેનાથી આત્મશુધ્ધિ થાય છે. મૌનથી વ્યક્તિમાં તેજ અને જ્ઞાનનો વધારો થાય છે. વાણીનો વિલાસ કોઇકવાર કંકાસ ત્થા કલેશનું કારણ બને છે. સ્ત્રીઓ પુરૂષો કરતાં રોજિંદા વ્યવહારમાં વધુ બોલે છે. ગ્રીક ચિંતકે કહ્યું છે કે મૌન સ્ત્રીઓનાં સૌંદર્યમાં ઉમેરો કરે છે. મૌન એ સુખ અને શાંતિની ચાવી છે.

મંગળભાઈ :- (કુટીર)

મૌન વાણીનો વિષય છે, તેનો સમાવેશ વાણીના તપમાં કરવાને બદલે માનસિક તપમાં કેમ કરવામાં આવ્યો છે ? શું કાંઇ ભૂલ થાય છે ? વાણીતો મનની પુત્રી છે અથવા તો મનની પ્રતિનિધિ છે. મન, વાણી દ્વારા પોતાને વ્યક્ત કરે છે. વાણીનું મૂળ મનમાં રહેલું છે. વાણીને બંધ કરનારા માણસાએ મનને પણ શાંત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. મન નિર્મળ થતાં પરમાત્માના પ્રેમનો અનુભવ થશે અને વાણી આપોઆપ વિરમી જશે એનું નામ સ્વભાવિક મૌન. આમ મૌન વાણીનો નહિ પણ મનનો વિષય છે.

મયંકભાઈ :-

મ એટલે મારૂં અને ન એટલે નથી. આ ભૌતિક સુખ પાછળની દોડ અને અવિચાર્યુ- દંભ ભરેલ વાણી બંધ કરી મનમાં **'મા'** નું ધ્યાન કરવું અથવા **'મા'** મય બની જવું તે મૌન. મૌનમાં શાંતિ, મૌનમાં શક્તિ, મૌનમાં મંત્ર, મૌનમાં એકાગ્રતા અને મૌનમાં જ તન્મયતા રહેલાં છે. **મૌ = મયુરરાજ** અને **ન = નરેન્દ્રજી.** એમની હસતી મૌન મુદ્રા જોયા પછી મૌન એટલે શું તેનું રહસ્ય આપોઆપ સમજાઇ જાશે.

બ્હેનજી :-

- મૌનનો અભ્યાસ કરી, મનને તપાવીએ,
  વિચારોનો સંયમ રાખી, સુ-વિચાર ને ધરીએ,
  વાણીનો સંયમ રાખી, રૂચિકર વાણી વદીએ,

Scanned by CamScanner

તો મન-વાણી-કર્મની ઐકયતા સધાય...
- મૌનમાંથી મંત્ર પ્રગટે,
મૌનવાણી વિશ્વનો સંદેશ બને.
- મૌનથી સ્થપાય શાંતિ જીવનમાં,
મૌનથી સુધરે સંબંધ સંસારના,
મૌનથી સધાય પરમનું અનુસંધાન,
મૌનથી પ્રસરે મહેંક માનવતા તણી...
- મૌનની લગામ લગાવીએ,
વિચારોના વેગને નાથીએ,
સદ્‌ગુણોનું સવાર કરીએ,
અનંતની ખોજ કરીએ...

પૂજ્ય ગુરૂદેવ :-

મૌનની એક ભાષા છે. મૌન રહીને પણ ઘણું ઘણું કહી જવાય છે. મૌન ક્યારેક આપના હૃદયનું પરિવર્તન કરે છે. મૌન રહેવાથી ઘણી સમસ્યાઓ હલ થતી જણાય છે.

મૌન થકી ચિંતન પ્રગટે
ચિંતન થકી ચેતના પ્રગટે
ચેતનાના ફળરૂપે અવધૂતિ આનંદ પ્રગટે...

સમગ્ર જીવનમાં મા ગાયત્રીના સર્વ આદેશોનો મૌન દ્વારા સ્વીકાર કરી, આખાય જગતમાં દુ:ખી અને રોગીઓના જીવનમાં ચેતનાના અવધૂતિ આનંદમાં મસ્ત આપણા સૌના પરમ પૂજ્ય ગુરૂદેવ રાજયોગીજીના મૌનને અમારાં કોટિ કોટિ વંદન.

ૐ મા ૐ

Scanned by CamScanner

- મૌન - પ્રશ્નોત્તરી

(તા. ૬-૧૦-૯૬ ના રોજ શ્રધ્ધાકુટીરમાં થયેલી પ્રશ્નોત્તરીમાં પૂજ્યશ્રીએ પોતાના શાસ્ત્ર અને મંતવ્ય આધારિત આપેલા પ્રત્યુત્તરો)

પ્રશ્ન : ૧ **આપે કહ્યું કે, મૌનથી ચિંતન, ચિંતનથી ચેતના અને ચેતનાથી અવધૂતિ આનંદ - તો કેવું ચિંતન અને કેવી ચેતના - સમજાવશો -**

જવાબ : આપ જ્યારે મૌન પાળો, થોડા, સમયનું નહિ પણ ત્રણથી ચાર કલાકનું ત્યારે તમારી અંદર આપોઆપ ચિંતન પ્રગટ થશે અર્થાત્ સદ્‌વિચારો જન્મ લેશે. આ ચિંતનથી ચેતના એટલે કે, તમારામાં રહેલી અજ્ઞાત્ ઉર્જાશક્તિ જાગૃત થશે અને આ ચેતનાથી તમને એક પ્રકારનો અવધૂતિ આનંદ પ્રાપ્ત થશે. આત્મશક્તિની જાગૃતિ તમારામાં નવો ઉત્સાહ કે સ્ફૂર્તિ પેદા કરશે.

પ્રશ્ન : ૨ **કોઇપણ પ્રકારના વિષાદથી વ્યક્તિ મૌન થઇ જાય તો આવા વિષાદમાંથી બહાર આવવાનો રસ્તો કયો ?**

જવાબ : વિષાદ વખતે મૌન ખુબ જરૂરી છે. વિષાદમાં મૌન ક્યારેય ન તોડશો. વિષાદ ઉગ્ર હોય તો પ્રભુસ્મરણ કરો.

પ્રશ્ન : ૩ **મૌન વ્રતથી ફાયદા કયા ?**

જવાબ : જો જમતી વખતે મૌન વ્રત પાળવામાં આવે તો ખોરાક ચાવવામાં અને પચાવવામાં સરળતા રહે. બીજા સમયના મૌનમાં જો અન્ય વિચારો વગર મૌન જળવાય તો આયુષ્ય અને આરોગ્ય બંનેને ફાયદો થાય.

પ્રશ્ન : ૪ **મૌન તોડવું મુશ્કેલ કેમ હોય છે ?**

જવાબ : જો તમને મુશ્કેલ લાગે તો મને આનંદ થાય. બાકી મૌન સાચવવું મુશ્કેલ છે. તમારા મૌનથી બીજા માણસો અકળાય, એટલે મન મક્કમ રાખી નિયમિત સમય માટે મૌન પાળો.

પ્રશ્ન : ૫ **મૌન જેવી સુંદર ચીજ નથી તો તેને સમજવું કેમ કઠીન છે ?**

Scanned by CamScanner

જવાબ : જે સુંદર હોય, એને સમજવું કઠીન જ હોય. પરમતત્વ પણ આપણને સુંદર લાગે છે પણ આપણે ક્યાં સમજી શકીએ છીએ ?

પ્રશ્ન : ૬ મૌન સાધના કરવા શું કરવું પડે ?

જવાબ : મનની મક્કમતાથી નિયમિત અભ્યાસ.

પ્રશ્ન : ૭ કેટલીક પરિસ્થિતિમાં આપણા મૌન રહેવાથી બીજાને ફાયદો થાય અને આપણને નુકશાન થાય તો શું કરવું ?

જવાબ : મૌનનો અર્થ એ નથી કે, જરૂર હોય છતાંય ચૂપ રહો. વાણીનો દુર્વ્યય ન કરીએ અને વિચારપૂર્વકનું સમજીને બોલવું સદાય હિતકારી છે.

પ્રશ્ન : ૮ આપની દૃષ્ટિએ ચૂપ રહેવું અને મૌન - એ બેનો આધ્યાત્મિક તફાવત કહેશો ?

જવાબ : આધ્યાત્મિકતામાં ચૂપ રહેવાનું ન આવે. કારણ કે ચૂપ રહેવામાં એક આદેશ છે. તે તમારો આંતરિક આદેશ પણ હોય. જ્યારે મૌન આધ્યાત્મિતાનું પગથિયું છે. માટે મનોબળ સાથે જોડાયેલું છે. મૌનથી ફાયદો જ થાય, જ્યારે ચૂપ રહેવામાં ફાયદો ન પણ થાય. અને હાં, ચૂપ રહેવામાં વિવેક ન પણ હોય જ્યારે મૌન રહેવામાં વિવેક હોય છે.

પ્રશ્ન : ૯ પ્રતિકૂળ પરિસ્થિથિમાં મૌન રાખવું પડે ત્યારે દબાયેલા મનની પરિસ્થિતિ ખુબ વિકટ હોય છે અને તે જો સ્ફોટક બની જાય તો અનર્થ પણ થાય. આવી સ્થિતિમાં સંયમ રાખવો અને મૌન રાખવું બંને શક્ય બનાવવા શું કરવું. ?

જવાબ : આવી પરિસ્થિતિમાં માનસિક સમતુલા રાખવી ખુબ કઠિન છે. પણ આવા સંજોગોમાં વસ્તુને ભૂલવા પ્રયત્ન કરો. ઇષ્ટદેવનું સ્મરણ કરો અને જાણે કશું થયું જ નથી એવું વાતાવરણ ઉભું કરવા પ્રયત્ન કરો. પણ બને ત્યાં સુધી સ્ફોટક ન બનો.

પ્રશ્ન : ૧૦ મૌન રહેવાથી હૃદયમાં ઇશ્વરના સાનિધ્યનો સ્વાદ ન

Scanned by CamScanner

મળતો હોય અને હૃદયમાં તૃષ્ણા, ઈર્ષ્યા વગેરે દુર્ગુણોનું આગમન થતું હોય તો, તેના કરતાં બોલવું સારૂં ગણાય જેથી વિકારોનું નિર્ગમ થઇ જાય એ વાત સાચી છે ?

જવાબ : મૌનમાં દુષિત વિચારો આવે તો તે મૌન નથી અને કઇ પરિસ્થિતિમાં બોલવું તે મહત્વનું છે, પણ હૃદયમાં વિકારો જ હોય તો બોલવું સારૂં.

પ્રશ્ન : ૧૧ આધ્યાત્મિકતામાં મૌન ઉચ્ચ કોટિના સાધકો માટે જ છે કે બધા સંસારીઓ માટે પણ ?

જવાબ : ઉચ્ચ કોટિના સાધકો તો મૌન પાળે જ કારણ કે તે આંતરિક ઉર્જા સંગ્રહ કરતા હોય પણ મૌન બધા માટે છે. દરેકે મૌન પાળતાં શીખવું જોઇએ.

પ્રશ્ન : ૧૨ મૌનમાં આધ્યાત્મિકતા છે કે સાંસારિકતા ?

જવાબ : આધ્યાત્મિકતા.

પ્રશ્ન : ૧૩ ક્યારે મૌન સેવવું અને ક્યારે બોલવું ?

જવાબ : આનો કોઇ સર્વસામાન્ય નિયમ ન હોય પણ પરિસ્થિતિ સમજી વિવેકપૂર્વક નો નિર્ણય લેવો.

પ્રશ્ન : ૧૪ મહાત્મા મૌન સેવે ત્યારે તેનો અર્થ શું તારવવો ? તે આશીર્વાદ આપે છે, દુ:ખની લાગણી અનુભવે છે કે પછી સામાને સુધારવાનો સંકેત આપે છે ?

જવાબ : આમાં તે તર્ક કરવો રહ્યો - આપણે જાતે સમજી લેવું પડે.

પ્રશ્ન : ૧૫ મૌનથી બ્રહ્મનાદ સંભળાય ખરો ?

જવાબ : ખ્યાલ નથી. પણ લગની હોય તો એમનેમ પણ બ્રહ્મનાદ સંભળાય - મૌનથી પરમોચ્ચ આનંદ પ્રાપ્ત થાય.

પ્રશ્ન : ૧૬ પશ્ચિમી દેશોની પ્રગતિમાં મૌન જવાબદાર છે ?

જવાબ : એ લોકો ઓછું બોલે છે એ સત્ય છે. બાકી મૌન જ જવાબદાર છે એમ તો કેવી રીતે કહેવાય ?

પ્રશ્ન : ૧૭ કેટલીકવાર મૌન રહેવાથી લોકો મુરખ માને અથવા અભિમાની માને - કદાચ્ મૌન રહેવાના અનર્થ પણ થાય તો શું કરવું ?

Scanned by CamScanner

જવાબ : લોકોને જે માનવું હોય તે માને. સત્ય જ્યાં હોય ત્યાં નિંદા તો હોય જ. તમે સાચા હો અને ખોટા રસ્તે ન હો તો ઇશ્વરમાં શ્રધ્ધા સાથે મક્કમ રહો. સમય તમારા મૌનનો જવાબ આપશે.

પ્રશ્ન : ૧૮ મૌન અને આયુષ્યને શું સંબંધ છે ?

જવાબ : મૌનથી આયુષ્ય તો વધે જ પણ આરોગ્ય પણ સુધરે.

પ્રશ્ન : ૧૯ એક ઉક્તિ છે - અમે પંખી - અમને નહીં વાણી ને અમે નહિ મૌન તો પરમશક્તિએ પંખીને વાણી કેમ નહિ આપી હોય ?

જવાબ : પંખીઓને પણ વાણી છે આપણે એ સમજી શકતાં નથી. મારી દષ્ટિએ દરેક સજીવને વાણી છે. અરે ! વૃક્ષને પણ વાણી છે. મેં જે સૃષ્ટિની કલ્પના કરી છે એમાં પંખીઓને સંગીતમય વાણી આપવાની પ્રાર્થના છે.

પ્રશ્ન : ૨૦ સંસ્કૃતમાં કહેવાય છે કે ~~मौनं स्वीकृति लक्षणम्~~ તો મૌન ક્યારે રાખવું ? અર્થાત્ પરમતત્વની અનુભૂતિમાં આપ ક્યારે મૌન રાખો છો.

જવાબ : સ્મિત. માતાજીના કેટલાય આદેશો જાહેર કરવાની અનુમતિ હોતી નથી તે હું કોઇનેય કહેતો નથી. પ્રેમની પધરામણીની વિગતો હું જણાવું છું પણ સામાન્ય રીતે માતાજીના આગમન વખતે મૌન જ થઇ જવાય છે.

પ્રશ્ન : ૨૧ આપ પહેલાં ખુબ ઓછું બોલતા. હવે પ્રમાણમાં ઠીક બોલો છો. આપની વાણીથી આપના જીવનનાં, શાસ્ત્રનાં તથા મંતવ્યોનો લાભ ભક્તોને થયો છે તો પહેલાં આપના મૌનનું લક્ષ્ય શું હતું ?

જવાબ : આમ તો લક્ષ્ય કશું જ ન્હોતું. માતાજીએ મને પ્રથમ કાર્ય સેવાનું આપ્યું. અને ઇચ્છયું કે, તું મૌન રહે અને તારા કાર્યને અથવા સેવાને બોલવા દે. સમય જતાં કાર્યો વધતાં ગયાં, બદલાતાં ગયાં, માતાજીએ આપેલી મતિ પ્રમાણે હું મારા મંતવ્યોને ત્થા શાસ્ત્રને વાચા આપતો ગયો અને એટલે થોડું બોલું છું. હજુ આજે પણ મને મૌન વધારે પ્રિય

Scanned by CamScanner

છે. કારણ મારા કાર્યમાં શબ્દોની આપ લે નથી.

પ્રશ્ન :૨૨ વ્યક્તિના મૃત્યુ પાછળ બે મીનીટના મૌનથી એને સદ્‌ગતિ મળે અથવા બીજો કોઇ ફાયદો થાય એવું ખરૂં ?

જવાબ : મારા મતે એને આધ્યાત્મિક અથવા કર્મફળમાં કોઇ ફાયદો થાય નહીં. આ તો સાંસારિક સદ્‌ભાવ ગણવો રહ્યો.

પ્રશ્ન : ૨૩ જેમ વાણીથી અણુ-પરમાણુમાં ચેતના પ્રગટાવી શકાય એમ મૌનથી બીજી વ્યક્તિઓને પ્રભાવિત કરી શકાય ?

જવાબ : જરૂર આપને યાદ હોય તો ગાંધીજી પણ મૌન પાળતા. મૌનમાં અજબ શક્તિ છે અને તે સામા પર જરૂર પ્રભાવ પાડી શકે.

આજની પ્રશ્નોત્તરીને અંતે પૂજ્યશ્રીએ મૌનના વિવિધ પાસાઓને સમજાવવા અને મૌન પ્રક્રિયાને સરળ રીતે અપનાવવાની રીત સમજાવતાં કહ્યું કે...

મૌન એટલે જરૂરિયાત મુજબ વિવેકબુધ્ધિનો ઉપયોગ કરીને જરૂર મુજબની વાણી ઉચ્ચારવી, અન્યથા કાંઇ બોલવું નહિં.

મારા મત અને વ્યાકરણ મુજબ 'મૌન' ને ઉલટાવો તો 'નમૌ' થાય. આ નમૌ એટલે સુપરલેટીવ ડીગ્રી થઇ.

નમ નમો નમૌ

હવે 'નમ' ને ઉલટાવીએ તો 'મન' થાય. આમ પ્રથમ ડીગ્રીને ઉલટાવવાથી મૌન થાય. આમ મનથી મૌન થાય તે પ્રાકૃતિક અને અપ્રાકૃતિક સૃષ્ટિમાં આનંદ પ્રાપ્ત કરે છે. ગુલાબનું ફુલ મૌન છે છતાં પણ તે કેટલો આનંદ આપે છે ને આકર્ષક લાગે છે, તેવી જ રીતે મૌન પણ આનંદ આપે છે અને આકર્ષક લાગે છે.

એટલે મનથી જે મૌન રાખે છે તે જગતના વ્યવહારમાં સરળતાથી આનંદ પ્રાપ્ત કરે છે.

આજના યુગમાં આધિ, વ્યાધિ, ઉપાધિથી પીડિત જનોની અવરિત સેવામાં મગ્ન અને વધતી ઉંમર સાથે બમણા ઉત્સાહથી અને શક્તિથી સેવાક્ષેત્રોને વિસ્તારતા જઇને પૂજ્યશ્રીએ અનેકને મૌન કરી દીધા છે. આપણે એમના મૌનકાર્યને પ્રણામ કરી મૌન પાળતાં શીખીએ એજ પ્રાર્થના.

ૐ મા ૐ

Scanned by CamScanner

પરમ શક્તિ મંત્ર

ૐ મા ૐ

નવ સિધ્ધાંત

૧. ઈષ્ટમાં સંપુર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખવી.

૨. નિ:સહાયને સહાય કરવી.

૩. દુ:ખીઓના દિલનાં આંસુડાં લુછવાં.

૪. કોઈની ઈર્ષા કરવી નહિં.

૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિંદાથી દુર રહેવું.

૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.

૮. નિસ્વાર્થ સેવા કરવી.

૯. અહમનો ત્યાગ કરવો.

– પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી –

'શ્રધ્ધા કુટીર-જીવન પરિવર્તન દ્વાર'

Scanned by CamScanner

Scanned by CamScanner